મહારાષ્ટ્રના સન્ત શ્રી મુકુન્દરાજ પ્રણીત

# પરમામૃત

ઉત્થાન ગ્રંથાવલિ : સંખ્યા ૪

સમ્પાદક

સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

મુક્તમ્પુર, ભરૂચ

આવૃત્તિ ત્રીજી ૧૯૬૬
પ્રત ૧૦૦૦
કીમત રૂ. ૧.૨૫

●
પ્રકાશક :
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ
સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ જ્ઞાનસાધન આશ્રમ ટ્રસ્ટ
પો. મુક્તમ્પુર ( જિ. ભરૂચ )

●
મુદ્રક:
ભાલ મલજી
લિપિની પ્રિન્ટરી
૩૮૦ ગિરગામ રોડ,
મુંબઈ–૨.

# અનુક્રમણિકા


| | | | | |
|---|---|---|---|---|
| પ્રસ્તાવના ... | ... | ... | ... | ૫ |
| પ્રકરણમનન | ... | ... | ... | ૧ |
| શ્રીમુકુન્દરાજનું જીવનવૃત્તાંત | | ... | ... | ૨૩ |
| પ્રકરણ ૧–મંગલાચરણ | | ... | ... | ૩૭ |
| ,, ૨–અન્યમતખંડન | | ... | ... | ૩૯ |
| ,, ૩–મહાવાક્યવિવરણ | | ... | ... | ૪૧ |
| ,, ૪–સ્થૂલદેહનિરસન | | ... | ... | ૪૪ |
| ,, ૫–લિંગદેહનિરસન | | ... | ... | ૪૬ |
| ,, ૬–કારણદેહનિરસન | | ... | ... | ૫૦ |

| | | |
|---|---|---|
| પ્રકરણ ૭–મહાકારણદેહનિરસન | ... ... | ૫૨ |
| ,, ૮–શૂન્યખંડન | ... ... | ૫૪ |
| ,, ૯–નિદિધ્યાસન | ... ... | ૫૬ |
| ,, ૧૦–દૃશ્યભાસખંડન | ... ... | ૫૮ |
| ,, ૧૧–અજ્ઞાનખંડન | ... ... | ૬૨ |
| ,, ૧૨–સ્વાનુભવસુખવર્ણન | ... ... | ૬૫ |
| ,, ૧૩–મુક્તિરહસ્ય | ... ... | ૬૭ |
| ,, ૧૪–સાક્ષાત્કાર | ... ... | ૭૦ |
| પરમામૃતનો અભ્યાસ | ... ... | ૭૪ |

# પ્ર સ્તા વ ના

( પ્રથમ આવૃત્તિ )

•

આ એક મરાઠી ગ્રન્થનો અનુવાદ છે. ગ્રન્થકાર વિષે એમના જીવનવૃત્તાંતમાં અને ગ્રન્થ વિષે પ્રકરણમનનમાં હકીકત આવે છે, એટલે અહીં તો કેવળ ગ્રન્થના નવા અનુવાદ અને પ્રકાશન અંગે બે શબ્દ કહેવા જેવા લાગે છે.

આ ગ્રન્થનો શ્રી વિષ્ણુપ્રસાદ અમૃતલાલ ભટ્ટ બી.એ.નો કરેલો અનુવાદ, ભાવનગરથી શ્રી ગિરિજાશંકર વજેરામ પાઠકે છપાવ્યો હતો, જેનો ઉલ્લેખ પાછળ, 'પરમામૃતના અભ્યાસ'માં કર્યો છે. મરાઠીમાં, જ્ઞાનેશ્વરી ગીતા વગેરેની પેઠે આ ગ્રન્થ ઓવી (કવિતા)માં છે; તેથી પ્રાચીનભાષાવિશારદ અને વેદાન્ત વિષયથી પરિચિત વિદ્વાન વિના એનો સ્પષ્ટાર્થ સમજવાનું અઘરું છે.

મરાઠીમાં એના ઘણા ગદ્યાનુવાદ છે, જેમાંના ચાર અમારા જાણવામાં આવ્યા છે. (૧) અનુવાદકઃ-શ્રી. નારાયણ હરિ ભાગવત, પ્રકાશકઃ નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ-છઠ્ઠી આવૃત્તિ ઈ. સ. ૧૯૬૬. (૨) અનુવાદકઃ-શ્રી. સદાનંદ શ્રીકૃષ્ણાજી; પ્રકાશકઃ સાવિત્રીવિજય છાપખાનું મુંબઈ-પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૯૦૨. (૩) અનુવાદકઃ-મહારાષ્ટ્રભાષાભૂષણ શ્રી. જગન્નાથ રઘુનાથ આજગાંવકર; પ્રકાશકઃ શ્રી. કેશવ ભિખાજી ઢવળે, બુકસેલર્સ, મુંબઈ, પહેલી આવૃત્તિ ઈ. સ. ૧૯૩૧. (૪) અનુવાદકઃ-શ્રી. ગણેશ બાબાજી માટે વકીલ, પ્રકાશકઃ રામચંદ્ર ગણેશ માટે, સોલાપુર, બીજી આવૃત્તિ ઈ. સ. ૧૯૩૦.

આ બધામાં છેલ્લો અનુવાદ તો હમણાં જ, આ પ્રસ્તાવના

લખતી વખતે જ જોવામાં આવ્યો. પ્રથમનાં ત્રણેય પુસ્તકમાં લગભગ એકસરખો જ પાઠ છે, ત્યારે છેલ્લા અનુવાદમાં લેખકમહાશયે પોતાની બુદ્ધિ પ્રમાણે ઓવીની ભાષામાં સુધારો વધારો કર્યો છે, એટલું જ નહિ, પણ ઘણે ઠેકાણે એમને અસંગતિ લાગી તેથી પોતાની નવી બનાવેલી ઓવીઓ ઉમેરી છે. કેટલાંએક કારણો એ માટે એમણે આપ્યાં છે, પણ પહેલાં ત્રણ પુસ્તકો જોતાં એ એટલાં બધાં સબળ નથી લાગતાં, કે એમ કરવાથી ગ્રન્થનું રહસ્ય સમજવામાં કંઇ વિશેષ સરળતા થાય. ઉપરાંત એમાં ગદ્યાનુવાદ પણ નથી. અસ્તુ.

શ્રી વિષ્ણુપ્રસાદ ભટ્ટનો ઇ. સ. ૧૯૨૮માં છપાયેલો અનુવાદ નિર્ણયસાગર પ્રેસની આવૃત્તિ પ્રમાણે હતો. એ અનુવાદની પ્રથમ આવૃત્તિ જિજ્ઞાસુઓને ખૂબજ ગમી ગઇ હતી, એટલે એની બીજી આવૃત્તિ છાપવા પ્રસંગ આવ્યો, ત્યારે એમણે સદ્ભાવપૂર્વક એમના અનુવાદને મૂળ સાથે મેળવી જોવાનું કહ્યું. આમ એને તપાસી જોવાનો વખત આવતાં બીજા બે અનુવાદ પ્રાપ્ત થયા, અને ત્રીજે શ્રી આંજગાંવકરનો અનુવાદ, જે સૌથી છેલ્લો છપાયેલો ગણી શકાય, એમાં પુષ્કળ સંશોધન, અનુવાદની સરલતા, ભાવાર્થમાં યથાર્થતા, અને મુકુન્દરાજ સંબંધે એના વિદ્વાન લેખકે ખુબ સુંદર ઉહાપોહ પ્રસ્તાવનામાં કર્યો છે, એનો લાભ મળ્યો.

શ્રી વિ. અ. ભટ્ટવાળા અનુવાદને તપાસી, સુધારી જોવા જતાં તો એની ભાષામાં તેમ જ બીજે ઘણે ઠેકાણે ફેરફાર કરવો પડે એમ લાગ્યું, અને નવો અનુવાદ કરવા જેટલો જ પરિશ્રમ પડે એમ હતું, તેથી ત્રણેય મરાઠી ગદ્યાનુવાદની સહાયતાથી આ અનુવાદ તદ્દન સ્વતંત્ર અને નવો જ છે;

'ઉત્થાન'ના પહેલા વર્ષમાં એ છપાયો છે. પણ સાધકના અભ્યાસમાં એ ઉપયોગી નીવડે એવો છે, એમ ધારી પ્રકરણ ઉપર મનનવિભાગ ઉમેરી થોડી પ્રતો જુદી છપાવી છે.

આ અનુવાદ કરવામાં મરાઠી ત્રણેય અનુવાદની સહાયતા લીધી છે, તેમ જ મૂળ ઓવીના અર્થનો વિચાર કરવામાં સ્વા શ્રી સચ્ચિદાનંદ ગિરિજી (જેતપુર), જેઓ તે વખતે આશ્રમમાં હતા, એટલે તેમની ખૂબ સહાયતા મળી છે. મરાઠી ભાષા તેઓ બહુ સારી જાણે છે અને મરાઠી પુસ્તકો માટેની બધી માહિતી એમના તરફથી જ મળી છે, એટલા માટે એમનો, તથા ત્રણેય મરાઠી ગદ્યાનુવાદકનો આભાર માનવાનો છે.

શ્રી વિષ્ણુપ્રસાદ ભટ્ટની ઉદારતા તો અનુપમ છે. જિજ્ઞાસુને જેમ બને તેમ ઉત્તમ વાચન મળે, ગ્રન્થ સુન્દર અને શુદ્ધ રીતે છપાય, અને એનો બહોળો ફેલાવો થાય, એ જ એમનો ઉદ્દેશ છે, એટલે આ નવીન અનુવાદ અને અનુવાદક પ્રતિ પણ એમનાં જે સદ્ભાવ છે, એને માટે એમને જેટલો ધન્યવાદ આપીએ તેટલો થોડો છે.

વાચકોને ઉપયોગી થઈ પડશે એમ ધારી પ્રકરણવાર થોડું મનન આ સાથે જોડ્યું છે. શરૂઆતમાં શ્રી મુકુન્દરાજનું જીવનવૃત્તાંત છે, અને છેવટે પરમામૃતની શ્રી. વિ. અ. ભટ્ટની આવૃત્તિમાં લખેલો 'અભ્યાસ' નામનો લેખ પણ ઉમેર્યો છે. **સહૃદય** સાધક આ ગ્રન્થમાંથી પ્રેરણા મેળવી, અને આ જીવનમાં જ સ્વરૂપસુખ પામી પરમામૃતનું આસ્વાદન કરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કરે એ અભિલાષા સાથે ૐ तत्सत्.

૧૫–૮–'૪૨ } સ્વા. સ્વયંજ્યોત તીર્થ

# પ્રકરણમનન

આ પરમામૃત ગ્રન્થ ખરેખર પરમ અમૃત જ છે, વાણી અનુભવની છે; આત્માની પ્રસન્નતામાંથી, બ્રહ્મના પ્રસાદમાંથી સીધી ને સરલ રીતે સહજભાવે ઊતરી આવેલી છે, એટલે એવી તો સચોટ છે કે, સાધનસંપન્ન જિજ્ઞાસુ જો એ પ્રમાણે મનન–નિદિધ્યાસન કરે, તો અવશ્ય ગ્રન્થકારના તત્ત્વદેહની એના ઉપર જ્ઞાનગંગા વરસવા માંડે.

પ્રકરણની ગૂંથણીનો ક્રમ બહુ જ સ્વાભાવિક છે; સાધકને જે ક્રમથી આત્મસાક્ષાત્કારના પ્રદેશમાં અન્તર્મુખ થઈને ઇન્દ્રિયોનો નિરોધ કરતાં કરતાં મનોલય તથા રાજયોગનાં ધ્યાન–જ્ઞાન માટે એકાન્તભાવે ઊતરવાનું છે, સમસ્ત દ્વૈતપ્રપંચને વિસારીને એક, અદ્વિતીય અને કૈવલ્યસ્વરૂપનો અનુભવ કરવાનો છે, એ ક્રમ વિવેકપુરઃસર ગોઠવેલો છે. આપણે થોડું એનું નિરીક્ષણ કરીએ.

પ્રકરણ પહેલું :–આમાં મંગલાચરણ છે, જેમની કૃપા વિના અનુભવને પંથે પગલું પણ ભરી શકાય એમ નથી, એ પરમકારુણિક, બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુની ગ્રન્થકાર શાસ્ત્રીય પદ્ધતિએ સ્તુતિ કરે છે. આ સ્તવન કરતાં કરતાં, બ્રહ્મનું સ્વરૂપ, બ્રહ્મવિદ્‌ની બ્રહ્મ સાથેની અદ્વિતીયતા, જીવનો લક્ષ્યાર્થ, અને જીવશિવના અભેદનો સંકેત કરી મહાવાક્ય तत्-त्वम्-असिની થોડી પ્રસ્તાવના કરે છે, કારણ કે, ત્યારપછીનાં પ્રકરણમાં એનું વિશેષ વિવેચન આવવાનું છે.

પ્રકરણ બીજું :–એક, અખંડ, કેવલ, અદ્વિતીય, શાશ્વત્ બ્રહ્મ જ સત્ય પદાર્થ છે, અને તેથી એ સિદ્ધાન્તને દૃઢીભૂત કરવા માટે, સાધકના ચિત્તમાં બીજા મતોની નિ:સારતા અને નિરુપયોગિતા સમજાવી જોઈએ, એ ઉદ્દેશથી અહીં અન્ય મતોનું ખંડન કરે છે: પરમતત્ત્વની ઓળખાણ માટે દ્વૈતબુદ્ધિ ઉપજાવે એવા જે જે મતમતાન્તરો હોય તેનું સહજભાવે વિસ્મરણ કરાવવા બીજા ગ્રન્થકારો કરતાં મુકુન્દરાજ તદ્દન સાદી અને સરળ પદ્ધતિ ધારણ કરે છે; યુક્તિની આંટીઘૂંટીમાં એ વધારે ઊતરતા નથી.ત્રીજા પ્રકરણમાં तत्-त्वम्-असि મહાવાક્યનો વિસ્તાર કરવાનો છે, એની સાદી સમજણ આમાં આપે છે. જીવ અને ઇશ્વરનું સ્વરૂપ સમજાવે છે; બન્ને ઉપાધિની ઓળખાણ આપે છે; સત્, ચિત્ અને આનંદની સમજણ પાડે છે, અને મંત્ર, યંત્ર, પૂજા, સ્નાન, વગેરેની સફળતા પણ મોક્ષ વિના નિરર્થક છે, એમ સ્પષ્ટ કરી, એ બધાંની કેવલ ચિત્તશુદ્ધિ માટે જ ઉપયોગિતા દાખવે છે, અને વેદાંતનું રહસ્ય શ્રી ગુરુમુખથી જાણીને કૈવલ્યપદ મેળવી લેવાની સૂચના કરે છે; જીવ અને ઇશ્વરના મેળાપમાં એ પરમપદની પ્રાપ્તિ છે એવું છેવટે સ્પષ્ટ કરે છે.

પ્રકરણ ત્રીજું :–આમાં મહાવાક્ય तत्-त्वम्-असि નો સ્પષ્ટાર્થ સમજાવે છે; મૂળ મહામાયા ત્રિગુણાત્મક છે; બધો ભેદવ્યવહાર એમાં જ છે; શબલ બ્રહ્મ એ જ માયાવાળું બ્રહ્મ છે એમ કહી, એ માયાની પાર જે જ્ઞાનઘન, આનંદ છે, એ જ જીવનું–त्वम्નું શુદ્ધ સ્વરૂપ છે એમ કહે છે; ત્રણ ગુણના અધિષ્ઠાતા બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્ર જે ચોથા સર્વેશ્વરમાં લય પામે છે, એ સર્વાન્તર્યામી વિશુદ્ધ, અવિદ્યાથી રહિત, કામ્યકર્માતીત છે; સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ દેહ; જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ તથા તુરીય એ અવસ્થાઓ; વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને પ્રત્યગાત્મા, આ બધી સંજ્ઞાઓ શબલ બ્રહ્મની છે, એમ કહીને માયાતીત એક વિશુદ્ધ તત્ત્વ જ લક્ષ્ય છે, એવું તાત્પર્ય

સમજાવે છે. લક્ષ્ય કેવલ શુદ્ધ બ્રહ્મ છે એવો નિશ્ચય કરાવવા શબલ બ્રહ્મના ભેદમય સ્વરૂપોનું વિસ્તારથી વિવેચન કરે છે; કારણ કે ભેદની ઓળખાણ પડે તો જ અભેદમાં પ્રવેશ કરી શકાય. જીવ અને ઈશ્વરનો વિરોધ ઉપાધિપૂરતો છે, સ્વરૂપમાં નથી, એવું છેવટે સ્પષ્ટ કરી માયિક વ્યવહારના ખંડજ્ઞાનમાંથી અખંડ આત્મજ્ઞાન પ્રતિ જિજ્ઞાસુને વાળવાનો પ્રયત્ન કરે છે.

**પ્રકરણ ચોથું**:–અંતર્મુખ થવા માટે જે જે વિષયોનું નિરસન કરવાનું છે, તેની અહીંથી હવે શરૂઆત થાય છે. સૌથી પ્રથમ આપણી જાગ્રત અવસ્થા: એમાં વ્યવહાર કરતું આ સ્થૂલ શરીર, અને એના અભિમાની વિશ્વને ભૂલવાનો છે; એમાંથી મન ખેંચી લીધા વિના સૂક્ષ્મમાં જવાય નહિ, અને સૂક્ષ્મમાં ગયા વિના ઈંદ્રિયોનાં ગોલકોને બંધ કરી, આસન જમાવી, ધ્યેયમાં ચિત્તને પરોવી શકાય નહિ. સ્થૂલ શરીરનાં અંગે અંગને આમાં છૂટાં છૂટાં કરીને ઓળખાવે છે કે જેથી એ બધાંને ધ્યાન કરતી વખતે આપણે નિષ્ક્રિય કરી શકીએ. જ્ઞાનેન્દ્રિયો, કર્મેન્દ્રિયો, એમના વિષયો તથા ક્રિયાઓની ફાડ પાડે છે; પાંચે સ્થૂલ તત્ત્વોના જે જે હિસ્સા આ સ્થૂલ શરીરમાં છે, એને સ્પષ્ટ રીતે વર્ણવે છે; એના ષડ્‌વિકાર ગણી બતાવે છે, અને છેવટે, એ બધાં દશ્ય છે તેથી તેનો દૃષ્ટા ‘હું’ એવી સંજ્ઞાવાળું જે જ્ઞાનઘન સ્વરૂપ છે, એ દશ્યથી નિરાળું છે, એમ સ્પષ્ટ કહી, એ જ ચૈતન્યને આધારે સ્થૂલ દેહ કર્તા તથા જ્ઞાતા બનવા છતાં કેવલ જ્ઞાનસ્વરૂપ રહે છે એમ કહે છે. ક્રિયા પ્રાણની છે, અને જ્ઞાન તો લાકડામાં અગ્નિ વ્યાપ્યો હોય તેમ, આત્માનું જ સ્વરૂપ, સૌથી પૃથક્ અને વિલક્ષણ છે. એ જ જ્ઞાનમાત્રને ધ્યેય તથા જ્ઞેય બનાવીને જાણવાનું છે, એવી પ્રસ્તાવના કરે છે.

**પ્રકરણ પાંચમું**: હવે સૂક્ષ્મ અથવા લિંગદેહનો નિરાસ કરે

છે; નિરાસ અથવા નિરસન એટલે જે ઇન્દ્રિય અથવા મનોગોચર થાય છે, એનો તત્ત્વજ્ઞાનની દૃષ્ટિ વડે પરમતત્ત્વમાં લય કરવો તે. સ્થૂલ દેહની સમજણ પાડયા પછી, સૂક્ષ્મદેહની સમજણ આપે છે. ઇન્દ્રિયોનાં ગોલકોને બંધ કરી, કર્મેન્દ્રિયોની ક્રિયાઓને શાંત કરી, આસનબદ્ધ બની સૂક્ષ્મ શરીરના વ્યાપારમાં પ્રવેશ કરવા માંડીએ, એટલે ત્યાં પણ સૂક્ષ્મ ઈન્દ્રિયો અને મન દ્વૈત સંસાર ખડો કરે છે; બાહ્ય જગતનું ભાન તો ભૂલ્યા, પણ એનાથી અનંત વિસ્તારવાળો, બલપૂર્વક ઘસારો કરતો મનોવ્યાપાર એટલો બધો ચંચલ અને દૃઢ હોય છે, કે એકની પછી એક એમ દૃશ્યો ઉપર દૃશ્યો, સારાં તથા માઠાં આવી આવીને ચિત્તરૂપી દૃષ્ટાની સામે રમત શરૂ કરી દે છે. એ બધાં પણ આત્માના ચૈતન્યથી જ ચેતન, પ્રકાશથી પ્રકાશિત, સત્તાથી સત્તાવાન અને કેવળ દૃશ્ય સ્વરૂપો છે, એમ સિદ્ધ કરી બતાવવા એનું હવે પૃથક્ પૃથક્ વર્ણન કરી બતાવે છે. પંચ પ્રાણની ક્રિયાઓનું જ્ઞાન સમજાવે છે; અંતઃકરણની મન, બુદ્ધિ, ચિત્ત, અને અહંકારરૂપી મુખ્ય ચાર પ્રકારે વ્યવહાર કરતી વૃત્તિઓનું સ્વરૂપ ઓળખાવે છે. અંતઃકરણની એ સ્ફુરણા છે; જલના તરંગોની પેઠે અંતઃકરણમાંથી એ વિરામ પામ્યા વિના ઊઠયા કરે છે, અને એનું એ મૂળ પૂર્વભોગ પ્રમાણે જામી ગયેલી, ચિત્તમાં ઘર કરી બેઠેલી ભોગવાસનાઓ છે એમ સમજાવે છે; આ તરંગ – આ વૃત્તિઓના ઉછાળા શાંત થાય, આ વાસનાઓના ઘોડા દોડવાનું બંધ કરે, અને વિષયોનું નાટક પોતાની અનંત જીવનની રમત માંડી વાળે તો ખબર પડે, કે એ કેવલ કોઇ અનાદિ કાલથી ચાલી આવતી, ન સમજાય, ન વ્યાખ્યા થાય, એવી અજબ શક્તિ છે. જેને માયા, અવિદ્યા, પ્રકૃતિ, કે અવ્યકત કહે છે; તે જ આ બધી ભાંગફોડ કર્યા કરે છે, બાકી વસ્તુતઃ જ્ઞાનસ્વરૂપ આત્મામાં નથી સ્ફુરણા કે નથી વાસના; નથી દૃષ્ટા કે નથી દૃશ્ય; નથી જ્ઞાતા કે નથી જ્ઞેય; નથી

કર્તા કે નથી ક્રિયા; જે કાંઇ દૃશ્ય છે તે તો કેવલ મૃગજળના જેવું આભાસમાત્ર છે, અને એનું નિરસન કરીએ ત્યારે જ, 'હું' જેવો છે, તેવો એક, અખંડ અને અદ્વિતીય શેષરૂપે રહે છે, અને તે જ નિત્ય તથા સત્ય છે.

પ્રકરણ છઠ્ઠું:–અત્યાર સુધી તો બધી દ્વૈતની, અને ત્રિપુટીની સ્પષ્ટ વાતો આવી; સ્વપ્ન અને જાગ્રતની સ્થિતિ તથા એનું કામ-કાજ તો સામાન્યથી સામાન્ય મનુષ્ય પણ સમજી શકે એવું છે, કારણ કે એ એના નિત્યના વ્યવહારનો વિષય છે. માત્ર એમાં કામ કરતાં કરણો – સાધનો (ઇંદ્રિયો, એના વિષયો, પ્રાણવર્ગ, અંતઃકરણ વ.) નું એને જ્ઞાન ન હોય, તેથી એની સમજણ મેળવવાની જ માત્ર આવશ્યકતા હતી; પણ હવે, એ બન્ને દેહની પાછળ જે કારણ-દેહ છે, એ જરા કઠિનતાથી ઓળખાય એવો છે. આપણાં શાસ્ત્રો નિર્ભ્રાન્ત અને નિશ્ચયપૂર્વક કહે છે કે આ બધું દૃશ્ય વિશ્વ, સમસ્ત બ્રહ્માંડ, બધા લોકપરલોક, બધી જ પ્રપંચસૃષ્ટિ, એ બધાંની સ્થિતિ કે લયનું મૂળ છે કોઈ એક અવ્યક્ત દશા. જે જે દ્વૈતવ્યવહાર છે, તે વ્યક્ત દશા અને જ્યાં દ્વૈતવ્યવહાર નથી તે અવ્યક્ત દશા. આ અવ્યક્ત દશા વ્યક્તદશાનું બીજ છે; કારણ છે; મૂળ છે. વૃક્ષનું જેમ બીજ મૂળ કારણ છે તેમ; જેમાંથી જેની ઉત્પત્તિ થાય, તે તેનું કારણ કહેવાય, અને ઉત્પન્ન થયેલ પદાર્થ કાર્ય કહેવાય, એ સામાન્ય વ્યાખ્યાની જો સમજણ પડે તો કાર્યકારણ શબ્દથી વેદાંત શું કહેવા માગે છે, તે તરત જ સમજાશે. સુષુપ્તિ અવસ્થામાં જ્યાં 'કશું નથી રહેતું' એમ આપણે કહીએ છીએ, તેને શાસ્ત્રો કારણ-શરીર એટલા માટે કહે છે, કે આ સ્વપ્ન તથા જાગ્રત અવસ્થાઓનું એ કારણ છે, બીજ છે, મૂળ છે, ઉદ્દગમસ્થાન છે, અને તેથી એને ઓળખવું જોઈએ, કારણ કે જ્યાં કશું ન હોય, એ પણ આત્માનું

વિશુદ્ધ સ્વરૂપ નથી; કાર્યકારણનો ભેદ ઓળખાય, ત્યારે કારણ-શરીરમાં જે એક, અંધકારમય, અવ્યક્ત દશા રહે છે, તે છે અવિદ્યા. 'હું' મને નથી જાણતો, ગાઢનિદ્રામાં કશુંયે જાગ્રત સ્વપ્ન જેવું નહોતું, એવું ભાન તે દશ્ય અજ્ઞાનનું સ્વરૂપ છે. એ અજ્ઞાન કારણ-દેહ છે, અને જેને જ્ઞાન થાય છે, તે આત્માનું વિશુધ્ધ સ્વરૂપ છે. એને આપણે જ્યાં સુધી 'હું' રૂપી પરિચ્છિન્ન, મર્યાદિત, વિશેષણ-વાળો માન્યા કરીએ, ત્યાં સુધી વિશુધ્ધ તત્ત્વ ભણી વૃત્તિ વળતી નથી.

સાધકને આ અવસ્થાની પાર જવું અઘરું છે. ધ્યાનની શરૂ-આતમાં પ્રથમ સ્થૂલ જગતને ભૂલવા માટે ઈંદ્રિયોનાં દ્વારો-ગોલકોને બંધ કરી, કોઇ પણ આસને સ્થિર થઈ, અંતરમાં પ્રથમ સૂક્ષ્મ શરીરની ક્રિયામાં પ્રવેશવાનું છે, જગતના બાહ્ય પદાર્થો ઉપર જેટલાં મોહ મમતા હોય, તે બધાંના સરવાળા કરતાં અસંખ્યગણી પ્રીતિ, અનન્ય, અહૈતુકી, કે અવ્યભિચારણી શરણાગતિ કે ભક્તિ વડે ચિત્તના પ્રવાહને કોઇ પણ બ્રહ્મ મૂર્તિ—પછી તે દેવદેવતાની પ્રતિમા હોય, અવતારમૂર્તિ હોય, બ્રહ્મવિદ્ સંતસાધુનું ચિત્રપટ હોય, તેમાં વાળવાનો છે. એના પ્રતિ ચિત્તના સમસ્ત પ્રવાહને વાળવા માટે, બીજા બધા પદાર્થો પ્રતિ વૈરાગ્ય કેળવી, મનોવૃત્તિને એક જ બ્રહ્મ-મૂર્તિમાં—એક જ ધ્યેયમાં તદાકાર કરવી એ યોગનો પ્રત્યાહાર, ધ્યેયમાં ચિત્તનું લગાતાર લાગી જવું તે ધ્યાન, અને ધ્યાનની દૃઢતા થવી તે ધારણા.

પણ આ અવસ્થા દ્વૈતની છે, અને એમાં પણ મન તથા પ્રાણ નિત્ય ટકી શકતાં નથી. એટલે કાં તો સાધક એમાંથી જાગી ઊઠીને-વ્યુત્થાન પામીને એને જ સર્વસ્વ કે અંતિમ અવસ્થા માની, એ દ્વૈતમાં જ સંતોષ માને છે; અને ભગવાન મળ્યા, દર્શન થયાં એમ

ઉલ્લાસમાં આવી જઈ, જાગ્રત દશામાં આવી નૃત્યકીર્તન કરે છે, અને લોકોમાં ભક્ત તરીકે કીર્તિ પામે છે. હજુ આમાં મનોનાશ કે વાસનાક્ષય બાકી રહે છે.

અદ્વૈતનિષ્ઠા કહે છે કે આ સાચી સ્થિતિ નથી; કારણ કે આ દ્વૈતનું, સ્વપ્ન તથા જાગ્રતનું, સ્થૂલ તથા સૂક્ષ્મનું બીજ તથા મૂળ છે. કારણદશામાં કેવલ અંધકાર છે, અને એનું પરિણામ છે નિદ્રા, કે તન્દ્રા અથવા સવિકલ્પનો રસાસ્વાદ.

એટલે આવા સવિકલ્પ ધ્યાનમાંથી–દ્વૈતની કલ્પનામાંથી જિજ્ઞાસુ સાધક તેનાથી પર જવા માટે, જ્યાં કશી પણ કલ્પના ન હોય, ઊલટીસીધી કશી દશ્યજાળ ન હોય, એમાં ચડવાનો પ્રયત્ન કરે; સમસ્ત દ્વૈતને દશ્ય માની દ્રષ્ટાના વિશુદ્ધ દષ્ટિસ્વરૂપમાં, જ્ઞાતાના કેવલ જ્ઞાનસ્વરૂપમાં ઊતરવા માટે, જે અત્યાર સુધીના પ્રકરણમાં સમજાવ્યું તે દ્વૈત–દશ્યનો વૈરાગ્ય કેળવી, એક ચિન્માત્ર, સત્તામાત્ર, આનંદઘન ત્રિપુટીરહિત તત્ત્વમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરવા ઇચ્છે. એ નિર્વિકલ્પ અવસ્થાના આસ્વાદન માટે શ્રી ઇષ્ટ-કૃપાની યાચના કરતાં કરતાં ઊંડે ને ઊંડે ઊતરવાનો અભ્યાસ કરે, એટલે ત્યાં એને પ્રાજ્ઞ અવસ્થાનો અનુભવ થાય છે. એમાં પ્રથમ આવે છે જગતનો શૂન્યભાવ, અને કારણશરીરની સુષુપ્તિ અથવા નિદ્રા. ધ્યાનમાં આવી જતી નિદ્રા થોડી સાત્ત્વિક હોય છે; સામાન્ય નિદ્રા કરતાં એ કંઈક જુદા પ્રકારની હોય છે; એમાં જો કે આળસ કે પ્રમાદ હોતાં નથી, થોડી ઘણી આત્મજાગ્રતિ હોય છે, એટલે એને યોગનિદ્રા કહીએ તો ચાલે. નિત્ય અનુભવાતી સામાન્ય નિદ્રા કરતાં ચડીઆતી હોવા છતાં પણ એ સંપૂર્ણપણે નિર્વિકલ્પ અવસ્થા નથી; પરંતુ આથી વિશેષ વિવેચન તો સાધકોએ અનુભવી પુરુષો પાસેથી જાણી લેવાનું હોય છે, અને ધ્યાનમાં ભક્તિ જ મુખ્ય

ભાગ ભજવતી હોવાથી, એનાં માર્ગ તથા સાધન એટલાં ભિન્ન ભિન્ન છે, કે જેણે જે સાધન લીધું હોય, તે તેના જ અનુભવી પાસેથી આગળ વધવાનો માર્ગ શોધી લે એ ઇષ્ટ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે આ છઠ્ઠા પ્રકરણમાં સુષુપ્તિ અવસ્થા છે, કારણ શરીર છે, પ્રાજ્ઞ અભિમાની છે, એટલે એમાં રહેનારે અજ્ઞાનને સમજી લઈ, ધ્યાનમાં સુષુપ્તિ આવે તેનાથી ન ગભરાતાં, એમાં પોતે પોતાની મેળે, ગુરુ ઉપદેશ પ્રમાણે પુરુષાર્થ કરી ઉપર ચડવાનું છે; કારણ કે કોઇ પણ જાતના ભાવ કે આવેશમાં આવીને જગતના દ્વૈત–પ્રપંચના ભાનને ભૂલી જવાની જે સ્થિતિ તે કેવલ આત્માની તુરીય નિર્વિકલ્પ અવસ્થા નહિ, પણ સુષુપ્તિનું પાતળામાં પાતળું પડ કે મૂર્છાની એક નીરોગી સ્થિતિ માત્ર છે; એમાં આનંદ હોય છે, જાગ્યા પછી થોડી સ્ફૂર્તિ પણ લાગે છે, પણ એને નિર્વિકલ્પ સ્થિતિ માનવાની ભૂલ કરવાની નથી; કારણ કે ચિત્ત જ્યાં સુધી સંપૂર્ણ રીતે વાસનાથી મુકત થઈને વિશુધ્ધ ન થયું હોય, ત્યાં સુધી ધ્યાન દ્વારા કે જ્ઞાન દ્વારા એ પરમતત્ત્વનો અનુભવ કોઇ પણ અંતઃકરણ અનુભવી શકે એમ માનવું એ નરી મૂર્ખતા છે.

**પ્રકરણ સાતમું** :–ધ્યાનયોગમાં અજ્ઞાન, અવિદ્યા કે કારણ-શરીર કહેવાતા દ્વૈત અને દૃશ્ય પ્રપંચનો નિરાસ થયા પછી જે કેવલ વિશુધ્ધ ચૈતન્ય અવશેષ રહે, અને એ દશામાંથી ઊઠયા પછી કોઈ અવર્ણનીય કે અદ્વિતીય આનંદની તૃપ્તિ અંતઃકરણ, વૃત્તિઓ, અને ઇંદ્રિયોમાં ભરપૂર ઊભરાઈ જતી હોય, એવી જાગ્રત છતાં અજાગ્રત, કેવલ આનંદમય સ્તબ્ધ દશાનો અનુભવ થાય, ત્યારે એ અવસ્થાને પણ કોઇ નામ આપવું જોઇએ, એ ન્યાયે એને ત્રણેય અવસ્થાથી મુકત અને પર, ચોથી એટલે તુર્ય કે તુરીય કહે છે. એ અવસ્થા પણ અંતઃકરણની વિશુધ્ધ જ્ઞાનસ્વરૂપ ભાવનાની છે; ક્ષુદ્ર, અલ્પજ્ઞ અને

મર્યાદિત જીવભાવનાવાળા 'હું'ને બદલે એને ત્રિપુટીશૂન્ય વિશુદ્ધ અહમ્ એવું જ્ઞાન ભાન રહે છે, અને એ વૃત્તિથી જાણે આસપાસ સર્વત્ર એક જ્ઞાન જ વિલસી રહ્યું છે, એવું ભાન જાગ્રતમાં પણ રહે છે, એ શરીરને મહાકારણ શરીર કહે છે. જાગ્રતના વ્યવહારમાં સમસ્ત સ્થૂલનું ભાન થાય છે, એટલે એમાં ભોગ ભોગવતું શરીર તે સ્થૂલ, અને સમસ્તનું જ્ઞાન થાય છે, તથા સ્થૂલમાં પ્રવેશીને વિશેષ જ્ઞાન પામે છે તેથી એનું નામ વિશ્વ છે; એનાથી પર એટલે સૂક્ષ્મ અવસ્થામાં નથી ગાઢ નિદ્રા કે નથી જાગ્રતિ, એવી અર્ધ નિદ્રાની દશાને સ્વપ્નઅવસ્થા કહે છે, અને એમાં માત્ર પ્રકાશ, ચેતન્ય, તથા આંતરપ્રજ્ઞા જ કામ કરે છે, તેથી એના અભિમાની કર્તા ભોકતાને તૈજસ્ કહે છે. તેનાથી પણ પર, જેમાં જાગ્રત કે સ્વપ્નનું જ્ઞાન નથી હોતું, અને પોતાના સ્વરૂપનું પણ જ્ઞાનભાન નથી રહી શકતું, એવી અજ્ઞાનની અવસ્થાના ભોકતાને પ્રકૃષ્ટ પ્રકારે અજ્ઞ એટલે પ્રાજ્ઞ કહે છે, અને જાગ્રત તથા સ્વપ્ન અવસ્થાનું એ કારણ છે, તેથી એ શરીરને કારણશરીર કહે છે.

પરંતુ એથીયે પર, એ ત્રણેય વિનાની જે ચોથી–તુરીય અવસ્થા છે, તેનો ધ્યાન દ્વારા જે નિર્વિકલ્પ અનુભવ થાય, તે કેવલ જ્ઞાનસ્વરૂપ છે. એ સમયે પણ અંતઃકરણ પોતાનું અસ્તિત્વ નિભાવી રાખે છે. પરંતુ તે કેવલ વિશુદ્ધ સત્ત્વગુણ રૂપે. પાણીમાં પાતળામાં પાતળું અબરખનું પતરું પડ્યું હોય, તેનું જેમ સામાન્ય દૃષ્ટિએ જુદું અસ્તિત્વ દેખાતું નથી, તેમ નિર્વિકલ્પ અવસ્થામાં અંતઃકરણની જે વિશુદ્ધ સત્ત્વગુણની સ્થિતિ રહે છે, તેથી અંતઃકરણની સત્તાનું પૃથક્ ભાન કલ્પી શકાતું નથી; અને તે જ મહાકારણ દેહ છે. વ્યુત્થાનની જાગ્રત દશામાં અંતઃકરણની જે સાક્ષીવૃત્તિ એવી સાક્ષી પૂરે છે કે 'હું' ત્રિદેહ કે ત્રણ અવસ્થા નહિ પણ કેવલ વિશુદ્ધ 'જ્ઞાન' સ્વરૂપ છું, એ મહાકારણ દેહ છે.

શ્રી મુકુંદરાજ કહે છે કે આવા અંતઃકરણમાં આત્માના સાક્ષાત્કાર દ્વારા થયેલા વિશેષ જ્ઞાનના સંસ્કાર રૂપી જે નવી સાક્ષીવૃત્તિ ઉત્પન્ન કરી છે, અને જેણે અવિદ્યા-અજ્ઞાનના સંસ્કાર ભસ્મીભૂત કર્યાં છે, એ પણ છેવટે તો દેહપર્યન્ત જ ટકી રહે એમ છે; કારણ કે એ પણ અંતઃકરણની એક વૃત્તિ છે, એટલે એ વિશેષ જ્ઞાનનો પણ નિરાસ કરીને જ્ઞાનીએ પોતે સહજ અવસ્થામાં રહેવું જોઇએ. આવી રીતે પ્રથમનું અજ્ઞાન, પછી એ અજ્ઞાનને જાણનાર તથા બાળનાર જ્ઞાન-એ અજ્ઞાન અને જ્ઞાન બન્નેનો નિરાસ કર્યા પછી ઇંદ્રિય, વાચા, મન કે કોઈ પણ જાતના ભાવથી પર-ભાવાતીત જે છે, તે પરબ્રહ્મ છે-મૂળ વસ્તુ છે, એનું વર્ણન તો મૌન જ કરી શકે, એનો સંકેત ચિત્તની પ્રસન્નતા દાખવી શકે, એનું દર્શન અદૃષ્ટા જ કરી શકે, કારણ સમસ્ત ત્રિપુટીની પારની એ અખંડ, એક, અદ્વિતીય વસ્તુની અવસ્થા છે. સત્ કહેવું એ અસત્ જગતની અપેક્ષાએ, જ્ઞાન કહેવું એ અજ્ઞાન-અચેતન-જડ જગતથી જુદું પાડી બતાવવા માટે, અને આનંદ તરીકે એને ઓળખાવવું એ પણ દુઃખમય સંસારથી એને વિલક્ષણ બતાવી, એ તરફ જિજ્ઞાસુને વાળવા માટે છે. બાકી જ્યાં બે હોય ત્યાં એક એમ કહેવું પડે, પણ બે જ નથી, દ્વૈત જ નથી, ત્યાં જે અવશેષ રહે, એનું નામ, નિશાન, સંકેત, ઈશારો કે અમુકતમુક સંજ્ઞાથી ઓળખાવવાનું બને એમ નથીઃ આવી રીતે એ ચતુર્થ અવસ્થાનો, તુર્યાના અનુભવનો જે મહાકારણ દેહ છે, તેનો પણ નિરાસ કરી નાંખવાનો છે. આમ જ્ઞાન-અજ્ઞાનથી પર જે પરમતત્ત્વ છે, તેને અનુભવથી ઓળખીને જ મનને મૌનનું કવચ પહેરાવવાનું છે.

**પ્રકરણ આઠમું**:-આટલું વિવેચન કરતાં કોઈને એમ શંકા થાય કે એ મૂળ વસ્તુ શૂન્ય હશે, એનો અભાવ હશે, કારણ કે ત્યાં

આ સમસ્ત દ્વૈત પ્રપંચ શૂન્યતાને પામે છે, એટલે એને શૂન્ય કેમ ન કહેવાય? એમાં કશું છે, કંઈક છે, એવું એને કહેવા બેસીએ, તો એને સત્, ચિત્ અને આનંદ કહીએ છીએ, પણ એમ કહેવા કે અનુભવવા છતાં પણ એ એનાં તટસ્થ-સાપેક્ષ લક્ષણ બને છે, અને લક્ષણથી લક્ષ્ય પકડવા જઈએ, અને લક્ષણવાળું એને માનીએ, તો એ સગુણ, સાકાર, સાવયવ અને વાચ્ય બને છે, તેથી દ્વૈત તો એમનું એમ ઊભું રહે છે કે જે અનુભવથી વિરુદ્ધ છે. ઋષિઓએ પોતાના અનુભવથી દ્વૈતને તુચ્છ માનેલું છે, એટલે એ શૂન્ય હશે, એમ કોઇ શંકા કરે, તો મુકુન્દરાજ કહે છે કે ના, એ તત્ત્વ શૂન્ય નથી. કારણ કે શૂન્યને જાણનાર શૂન્ય કેવી રીતે હોઈ શકે? શૂન્યનું જ્ઞાન બતાવનાર, શૂન્યની સાક્ષી આપનાર તો જ્ઞાન જ હોવું જોઈએ; માટે એ શૂન્ય નહિ. પણ વસ્તુસ્વરૂપ છે; વાસ્તવિક છે; માત્ર મન, વાણી કે ઇંદ્રિયોથી એ વર્ણવી શકાય એવું નથી, એટલું જ એમાં સમજી લેવાનું છે.

હવે આગળ એનો અનુભવ કરવાનું બતાવે છે; અત્યાર સુધી યુક્તિથી, શાસ્ત્રવાકયોનાં પ્રમાણથી અને મહાવાકયના વિવરણથી સિદ્ધ કરી બતાવ્યું કે મૂલ વસ્તુ, સર્વ સાક્ષીનો પણ સાક્ષી, જ્ઞાનનું પણ જ્ઞાન, નિરાલંબ છે. તેનો હવે અનુભવ કરાવવા માટે નવમા પ્રકરણથી શરૂઆત કરે છે; અહીં સુધી શ્રવણ-મનન થયું.

**પ્રકરણ નવમું**:-અહીંથી નિદિધ્યાસનની શરૂઆત થાય છે. એ પરમતત્ત્વનો, અમૃતનો અનુભવ કરવા માટે એકાન્ત જોઇએ, બહારનો કશો પણ વિક્ષેપ ન થાય, મન કે ઈંદ્રિય ચંચલ ન બને, તે માટે એકાન્ત સ્થાન શોધી મનની બધી વૃત્તિઓને અંતર ભણી વાળવી જોઈએ; આસન ઉપર શાંત બેસવું, ઈંદ્રિયોનાં ગોલકો બંધ કરવાં; અને મનને ઊંડાણમાં ઉતારતાં શીખવું. ત્યાં મનનું શોધન

કરવું; એટલે કે એની મલિન વૃત્તિઓનો ત્યાગ કરી મનમાંથી વૈરાગ્ય દ્વારા દોષ જોઇ એને હાંકી કહાડી, અત્યાર સુધી જે આત્મવિચાર કર્યો છે, તે નિશ્ચય પ્રમાણે સમસ્ત દ્વૈતને મિથ્યા સમજી, એકમાત્ર સ્વરૂપને જ લક્ષ્ય બનાવી બેસી જવું. સ્થૂલમાંથી સૂક્ષ્મમાં, સૂક્ષ્મમાંથી કારણમાં, અને કારણથી પર મહાકારણમાં ઊતરીને એ મહાકારણની પણ જે સ્ફુરણા થયા કરે, વારંવાર 'હું' એવી વૃત્તિના ફણગા ફૂટયા કરે, તેને 'હું' તરફ વાળીને એમાં જ ગાળી નાંખવાનો અભ્યાસ કરવો. દ્રષ્ટા અને દૃશ્ય બન્નેનું મિથ્યાત્વ સમજી, એ બન્ને વિકારી છે, પણ એમાં રહેલી દૃષ્ટિ–જ્ઞાન–પ્રકાશ–ચૈતન્ય જ સત્ય છે; અને એ જ વિશુધ્ધ 'હું' છે, એવી દૃઢતાપૂર્વક સ્થિતિ સાધવાનો પ્રયત્ન કરવો. આનું નામ નિદિધ્યાસન. કાચબો અંગ સંકોચીને શરીરની ઢાલમાં ગોળાકાર બને ત્યારે તેની ઈંદ્રિયોનો આકાર જણાતો નથી, તેમ આ નિદિધ્યાસન વખતે–ધ્યાનની સાધના વખતે, સ્થૂલ ગોલકો, સૂક્ષ્મ ઇંદ્રિયો અને મનોવૃત્તિઓ, બધું એક મૂલ વસ્તુ મહાકારણ દેહ, સાક્ષી વૃત્તિ, વિશુધ્ધ અહમ્ ભણી વાળવું, અને પછી સૌ સ્ફુરણાનું એ જ મૂળ છે એવો નિશ્ચય કરી, એ સ્ફુરણ પણ કેવળ ચંચલતા છે, એટલે એને પણ બંધ કરવું. અનુભવનો ઉદય આવી રીતે થાય છે, અને એ વખતે જે કૈં રહે છે તે પોતાનું સ્વરૂપ છે એમ ઓળખવું. એ કેવલ જ્ઞાનસ્વરૂપ, ચૈતન્યમાત્ર છે; એમાંથી વ્યુત્થાન પામ્યા પછી જે આત્મનિશ્ચય, સ્વરૂપનિષ્ઠા કે પ્રજ્ઞામયી દશા ઊભરાઇ આવે તેનો સર્વત્ર અનુભવ કરવો, અને એ જ વૃત્તિને વિચાર દ્વારા વ્યવહારકાલે, પ્રાપ્ત પ્રારબ્ધભોગને સમયે જાગ્રત રાખવી એ જ્ઞાનીની સહજ સમાધિ છે. ધ્યાનની સમાધિ ક્રિયા દ્વારા, જ્ઞાનની સમાધિ વિચાર દ્વારા; ધ્યાનની સમાધિ ઇંદ્રિયોનાં ગોલકો, એના વિષયો, મન અને મનોવૃત્તિઓનો નિરોધ કરીને, બધાંની ક્રિયા બંધ પાડી કે એને પાછાં વાળીને,

નિવૃત્ત-અંતર્મુખ કરીને સ્વરૂપમૂળમાં એનો લય કરીને અનુભવવાની છે; ત્યારે જ્ઞાનની સમાધિ વિચાર દ્વારા કેળવવાની છે; ઈંદ્રિયો, વિષયો અને મનોવૃત્તિઓના પ્રારબ્ધપ્રાપ્ત વ્યવહારમાં એ બધાંની ક્રિયાઓમાં, કર્તૃત્વ-ભોક્તૃત્વની દેહદશામાં, નિષ્ક્રિય સ્વરૂપ જ નિત્ય છે એવો નિશ્ચય ટકાવી રાખી, અહોનિશ એ બધાંનો સ્વરૂપ-માંથી બાધ કરી-કહાડી નાંખી અનુભવ કરવાની છે. આટલો જ્ઞાન અને ધ્યાનની પ્રક્રિયામાં તફાવત છે, સ્વરૂપમાં કે ફલમાં નથી.

પ્રકરણ દસમું: નિદિધ્યાસનમાં બેસતી વખતે પણ મુશ્કેલીઓ આવે છે. લાંબા વખતથી, અનેક જન્મથી વિષયોમાં ભટકતા મનને સ્વરૂપમાં વાળવું એ કાંઈ રમત વાત નથી. પાંચદશ કલાક, મહિના બે મહિના કે વરસ તો શું, પણ જો મન કુટિલ, ખલ, કામી, અને ચંચલ જ હોય, તો જન્મોના જન્મ એને શુધ્ધ કરતાં લાગે. જેનો વૈરાગ્ય દૃઢ હોય, વિષયોમાં અનાસકિત હોય, મોહ અને મમતાને બદલે ઇશ્વરભકિત અને શાસ્ત્રોકત વાકય ઉપર શ્રધ્ધા હોય, તે જ અભ્યાસમાં સ્થિર થઇ શકે છે, બીજો નહિ.

એટલા માટે મુકુંદરાજ અહીં કહે છે કે ધ્યાનમાં બેઠા પછી દશ્ય તો બંધ થયાં, પણ હવે અંધકાર જ દેખાય છે, તું દ્રષ્ટા તો જ્ઞાની-સમજણવાળો બનીને બેસે છે, પણ દશ્યો કહાડી નાંખ્યા પછી, દ્રષ્ટા અને દશ્યનો કેવલ સાપેક્ષક ભાવ છે એ સમજાતું નથી, અને તેથી ત્યાં તને અંધકાર જણાય છે એમ તું કહે છે; પણ જરા સૂક્ષ્મ વિચાર કરવાનું ગ્રન્થકાર કહે છે. એ અજ્ઞાન કે અંધકારને તું ઓળખે છે, એટલે 'તું' તો જ્ઞાનસ્વરૂપ છે, વિશુધ્ધ પ્રકાશ છેઃ હવે દ્રષ્ટા-દશ્યનો ખેલ પડતો મૂક, બન્નેનો વૈરાગ્ય દ્વારા તિરસ્કાર કર, અને પછી જો, કે કેવલ સ્વરૂપ જ શેષ રહે છે કે નહિ.

ત્યાં આકારવાળાં સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ રહેતાં નથી, સંકલ્પવિકલ્પ રહેતા નથી, સ્મૃતિ રહેતી નથી, કશી સ્ફૂર્તિ-સ્ફુરણા રહેતી નથી, અને પછી એમાં જે જે સ્ફુરણા થશે, એમાં મૂળ રૂપે તો 'હું'ની સ્ફુરણા હશે, જ્યાં અહમ્-'હું' ભાન આવ્યું, કે એની સામે ઇદમ્ આ-આ ખડું જ હશે, હું અને આ એ દ્રષ્ટા તથા દ્દશ્યનાં દ્વંદ્વો ઊભાં થતાં એ બન્નેના સંબંધથી દર્શન થયું કે પછી ક્રિયાને લીધે, કર્તા, કર્મ, કરણ; જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન; ભોક્તા, ભોગ્ય અને ભોગ-આવી આવી અસંખ્ય ત્રિપુટીઓ ચંચલતાપૂર્વક વ્યવહાર કરવા માંડશે. એટલા માટે આ પ્રકરણમાં જે દ્દશ્યમાત્ર મિથ્યાભાસ છે, એનું વિવેક, યુક્તિ અને અનુભવપૂર્વક ખંડન કરે છે કે જેથી દ્રષ્ટા અને દ્દશ્યને બદલે કેવલ દૃષ્ટિ માત્રમાં નિષ્ઠા થાય. પાછલા નિદિધ્યાસનમાં સહાયતા કરવા માટે જ આ પ્રકરણની યોજના છે. ખુબ વિચાર કરીને આનું રહસ્ય સમજી લેવું.

પ્રકરણ **અગિઆરમું**:-પાછલા પ્રકરણમાં સમસ્ત દ્દશ્ય પ્રપંચનું ખંડન કરી જ્ઞાનદૃષ્ટિથી એનો નિરાસ કર્યો; પરંતુ હજુ એક વાત બાકી રહી; અંતર્યામીનો અનુભવ થવો. પણ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણશરીરવાળા બ્રહ્માંડના પણ મહાકારણ જેવું જે અજ્ઞાન એનું કંઇક સમાધાન થવું જોઈએ. આ પ્રકરણમાં અજ્ઞાન અને એનાં કાર્યો, અંતઃકરણની સમસ્ત સ્ફૂર્તિઓ જો સ્વરૂપમાંથી જ ઊઠતી હોય તો કાર્યકારણની અભેદ એકતાના ન્યાયે, એ અજ્ઞાનનું કશું સ્વતંત્ર અસ્તિત્વ સિદ્ધ થતું નથી. ત્રિપુટીમાં ત્રણેયની સત્યતા માનનારું અજ્ઞાન જ્યાં સુધી રહે, ત્યાં સુધી મૂળભૂત-સ્વરૂપગત જ્ઞાન-ચૈતન્ય ભણી દૃષ્ટિ જાય નહિ, અને જ્યાં સુધી એ જ્ઞાનઘન તત્ત્વનો અનુભવ ન થાય, ત્યાં સુધી આદિ અને અંતવાળું, વચલી વર્તમાન દશામાં જ દેખનારું અને રહેનારું અજ્ઞાન અસત્ય જ છે

એમ કેમ કહેવાય ? એટલા માટે નિદિધ્યાસન દ્વારા પરમતત્ત્વનો અનુભવ કરાવ્યો, કે જેથી એ બધી અવસ્થાઓ અજ્ઞાનની છે, અવિદ્યાકલ્પિત છે, સાચું તો માત્ર પરમ સત્ય કોઈપણ સાપેક્ષક લક્ષણ વિનાનું છે એમ નક્કી થાય. એ પરમતત્ત્વમાં જ્ઞાન અને અજ્ઞાન, ચેતન જડ, અનેક અને એક, વિકારી અને નિર્વિકારી વગેરે જેટલા વિરોધી ભાવ છે, એ પણ છેવટે કેવળ કોઇ અચિંત્ય-તત્ત્વમાં થતા અંતઃકરણની સ્ફુરણાના ખેલ છે, લીલા માત્ર છે, એમ જણાય છે. વાસ્તવિક દૃષ્ટિએ તો એ બધા દ્વૈત, અનેકવિધ લોક-લોકાંતરવાળા પ્રાપંચિક સંસારનું વાસ્તવિક અસ્તિત્વ જ નથી. જે છે તે માત્ર, એક કે બે, એવા કોઇ જાતિ, સંખ્યા, લિંગ, વર્ણ, ગુણ વગેરે વિશેષણ વગરનું, કેવલ જાતે અનુભવી શકાય એવું જ એટલે સ્વસંવેદ્ય, અને મન તથા વાણી જ્યાં રહેતાં નથી તેથી વર્ણન ન કરી શકાય એવું અવર્ણનીય તત્ત્વ છે, એમ અનુભવ દ્વારા નક્કી કરવાનું ગ્રન્થકાર આ પ્રકરણમાં સમજાવે છે. એના અનુભવને અમાપ સુખ કહે છે, એનાથી અધિક કોઇ આનંદ નથી, બીજી ચઢીઆતી કોઈ મનોદશા નથી; વૃત્તિ કે પ્રવૃત્તિ, પૂર્ણતા કે અપૂર્ણતા, ભાવ કે અભાવ એવું કશું એ નથી, માટે પોતે પોતાનો અનુભવ લેવો અને પોતે જ પોતાના સાક્ષી તથા પ્રમાણ થવું; એટલે કશી શંકાકુશંકા કે તર્કવિતર્ક રહેતાં નથી.

**પ્રકરણ બારમું** :—આ સુખ મેળવ્યા પછી, રોમેરોમમાં, નસનાડીઓમાં, અંતઃકરણના સમસ્ત ભાવોમાં, ચિત્તની બધી પ્રવૃ-ઓમાં અને પ્રાણમાં, ઇન્દ્રિયોમાં તેમ જ સમસ્ત અંગઉપાંગમાં એ આત્મચૈતન્યનાં પ્રભાવ, પ્રતિભા અને પ્રબોધનાં આંદોલનો પડે, તેની કેવી અસર થાય છે એ જણાવે છે. સામાન્ય વ્યવહારની દશામાં હર્ષશોકના પ્રસંગે, કે કામક્રોધાદિકના આવેશને લીધે કંપ, રોમાંચ, કે એવા વિકારી ભાવો પ્રગટ થાય છે, તો આ અનુપમ સુખથી,

અમૂલ્ય અમૃતથી અંતઃકરણ તરબોળ થયું હોય, ત્યાં આનંદનો આવેશ રોમાંચ કરે, સ્વેદ ઊભરાય, કંપ છૂટે, કોઈવાર એ આવેશમાં ગુરુભકિત કે ઇષ્ટભકિતના ઉન્માદને લીધે નૃત્ય, કીર્તનના ભાવ પણ ઊછળવા માંડે એ સ્વાભાવિક છે. હઠયોગ દ્વારા થતા પ્રાણાયામની પ્રક્રિયામાં પણ અમુક પ્રકારનાં કંપ કે પ્રસ્વેદ થાય છે અને પ્રસ્વેદને શરીરમાં મર્દન કરી લેવાથી શક્તિમાં વધારો થાય છે એમ કહેવાય છે. ભકિતના ભાવાવેશમાં ઉદ્દંડ નૃત્યકીર્તન જેવાં સ્વાભાવિક આચરણ થાય છે, ત્યારે રોમાંચ વગેરે થાય છે એવું અનેક ભકતોની જીવનલીલામાં બન્યું છે ને બને છે.

અહીં પણ મુકુંદરાજ એવું જ કંઇક કહે છે. ખિભારીને સામ્રાજ્ય મળે અને જેવો આનંદ થાય, તેવો આનંદ આત્માના અનુભવીને થાય છે, તે વખતે આનંદના આવિર્ભાવચિહ્ન જેવાં પરસેવો, ધ્રુજારી, વગેરે આઠ સાત્વિક ભાવ આવે છે; કારણ કે અંતઃકરણ, પોતાના સમસ્ત વૃત્તિવ્યાપારને સાથે લઈને સ્વરૂપના અમૃત સરોવરમાં ગળી જાય છે. આ અનુભની ઉપમા આપી શકાતી નથી; આ સુખની આગળ કરોડો યજ્ઞો, અનન્ત ઐશ્વર્ય કે બીજાં ઇંદ્રવૈભવ જેવાં સામ્રાજ્ય-સુખની કશી કિંમત નથી; એટલું જ નહિ, પણ એ બધાં તુચ્છ, અલ્પકાલીન, અને વિનાશી છે. મુકુન્દરાજ સાચું કહે છે કે એ સુખની ખબર જે અનુભવે તેને જ પડે છે, બીજા માત્ર મોં વિકાસીને જોયા કરે, પણ કલ્પનાયે કરી શકવાનાં એમનામાં તાકાત કે ગતાગમ હોતાં નથી.

પ્રકરણ **તેરમું** :-પામવાનું પામ્યા, જાણવાનું જાણ્યું, કરવાનું કરી લીધું એટલે અંતઃકરણમાં જે અતૃપ્તિ, અસંતોષ અને અશાંતિનો ઉકળાટ હતો, તેમાં એ પરમતત્ત્વના સાક્ષાત્કારથી શાંતિ મળે છે. જાણે કોઈ રણતરસ્યાને હિમગંગાની પ્રાપ્તિ થઈ હોય ! મનમાં

કશો ખળભળાટ કે ગડબડ રહેતાં નથી; હું, જીવ કે જગતની કશી ભ્રાન્તિ એને રહી નથી, સૃષ્ટિ કે સૃષ્ટાની ગૂંચો સહેજે ઊકલી જાય છે, તેથી વ્યવહાર કે પરમાર્થ બન્નેમાં એને કશું આશ્ચર્ય રહેતું નથી; રહે છે કેવલ અજ્ઞાની જનસમૂહ ભણી જોતાં એમનાં અજ્ઞાનને જોઈને ઊપજતી દયામય દૃષ્ટિ અને એમની પામરતા માટેનું આશ્ચર્ય! અને પછી એને કશું પ્રાપ્તવ્ય, જ્ઞાતવ્ય કે કર્તવ્ય હોતું નથી, એટલે કયા નિયમનું એ પાલન કરે? શાસ્ત્રોની વિશુદ્ધ આજ્ઞાનો ભાર શા માટે ઉપાડે? દેહવ્યવહાર પૂર્વના શુભ સંસ્કાર વડે ચાલ્યા કરે; જિજ્ઞાસુઓ કે મુમુક્ષુ સાધકોનો અનાયાસે કે પ્રારબ્ધસંયોગે મેળાપ થય, તો એટલા પૂરતી એની તત્ત્વચિંતન ભરી વાણી ઊઘડે: એમને માર્ગદર્શન મળે, એમના પ્રેમે આકર્ષાઈને એમના ઉપર અકારણ પ્રીતિના પ્રવાહ એમના ચિતમાંથી વહી નીકળે; મન તો કશા વિકલ્પ કરતું નથી; નવા સંકલ્પ ગોઠવતું નથી; બુદ્ધિમાંથી અજ્ઞાન અને જગતનું જ્ઞાન નીકળી જઈને કેવલ સ્વરૂપનું અનુભવ–વિજ્ઞાન જામી જાય છે, એટલે વાતવાતમાં એને આત્મજાગ્રતિ રહે છે; અંતકરણમાં આત્મજાગ્રતિ અને વ્યવહારમાં અસંગ બુદ્ધિ વડે એનાં કર્મો સહજ સ્વભાવે થાય છે; છતાં એક સંસ્કાર રહે છે જેનું સમાધાન કરે છે. દેહદષ્ટિએ જ્યારે પોતાની પાછલી અજ્ઞાન દશાનું અને એ દ્વંદ્વના બંધનવાળી દશામાંથી ઉદ્ધાર કરનાર શ્રી સુદ્ગુરુદેવનું સ્મરણ થાય છે, ત્યારે એમની અપાર, નિઃસ્વાર્થ કૃપાનું સ્મરણ કરી એ રોમાંચ અનુભવે છે, અને હર્ષગદ્ગદ્ કંઠે તથા વાણીએ 'ગુરુદેવ ધન્ય છે' એવા ઉદ્ગાર કહાડે છે. આમ પ્રત્યેક વૃત્તિમાં સદ્ગુરુનું કૃપાસ્મરણ, જે કાંઈ શુભ કાર્ય થાય એ ગુરુસેવા, અને જે ચર્ચા થાય તેમાં (ગુરુમહિમાનું વર્ણન કરતાં) એનું શેષજીવન વીતે છે.

કેટલાએક તો પોતાની આંતરદશામાં, ઈષ્ટસ્મરણમાં કે એ

અહંગ્રહ ઉપાસનામાં એટલા તો નિમગ્ન થઈ જાય છે કે બાહ્ય વ્યવહારમાં સાવધાનતા રાખી શકતા નથી; એમનો વ્યવહાર અનિયમિત બને છે, અને તેથી સામાન્ય જનો એમને ગાંડા જેવા ગણી કહાડે છે. લોકો એમની આંતરદશાને સમજતા નથી, તેથી નિંદા, આક્ષેપ, કે એવાં વિક્ષેપવાળાં વાકયો વડે એમના ઉપર પ્રહાર કરે છે, ત્યારે એમના પ્રતિ કોઈવાર ઉદાસીન, તો કોઈવાર કંટાળીને ઉગ્રતા પણ ધારણ કરે છે; આમ વ્યવહારમાં સાવધાનતા કે અસાવધાનતા એના આંતરિક અનુભવ, પૂર્વ સંસ્કાર અને પ્રારબ્ધભેદે ભિન્ન હોય છે, એટલે જનસમૂહ તો એમને ઓળખી જ શકતો નથી.

અને જનસમૂહ પાસે ઓળખાણ કરાવવાનુંયે એને શા માટે સૂઝે? કારણ કે એ જયારે જ્ઞાનીનું અભિમાન ધારણ કરે, પૂજા કરાવવાની, માન પામવાની, કે જગતરૂપી દ્વૈત ઊભું કરી પોતે પૂર્ણ અને સુધરેલ છે અને જગત અપૂર્ણ અજ્ઞાની, કે બગડેલ છે, તેને સુધારવાની વાસના ઊભી કરે, ત્યારે જ એને જનસમૂહની સમજણ પ્રમાણે રહેણીકરણી ગોઠવવી પડે, 'હું જ્ઞાની છું માટે મને જ્ઞાની તરીકે ઓળખો એવી ગાંડી, અહંકારી, મૂર્ખતાની વાસનાને વશ થવું પડે!

પણ વિશુદ્ધ જ્ઞાનમાં, તત્ત્વમાં, અનુભવમાં, જે વસ્તુ નિરંતર સદાસર્વથા મુકત જ હતી, તેના પરથી માત્ર મિથ્યા ભ્રાંતિ રૂપી આવરણ ઊતરી ગયું, તેથી તે હવે મુકત જ છે. એમાં મુકિતનું અભિમાન આવે જ શી રીતે? અગ્નિને તાપ શી રીતે લાગે, અને ટહાડ તો લાગે જ નહિ; એ રીતે બ્રહ્મવિદ્‌ને વાસના કેવી રીતે સ્પર્શે? અને વાસનાનું મૂળ અજ્ઞાન તો એમાં હોય જ નહિ; એટલે એને તો જનતાના ઉદ્ધારનું, જગતરૂપી દ્વૈતનું સ્મરણ જ

નથી રહેતું. સ્મરણ-વિસ્મરણ વગેરે ધર્મોથી એ પર છે, અને એવી સર્વ અવસ્થાઓથી પરની વિજ્ઞાનની જે ભૂમિકા છે, એમાં જ એની મનોવૃત્તિ દેહના અંતવિલય સુધી રમ્યા કરે છે! જગતને એ જગત રૂપે જોતો નથી, જગત એને જ્ઞાનીરૂપે જ જોતું કે ઓળખતું નથી; આમ એની ઓળખાણ એક સમસ્યા જ રહે છે. અત્યાર સુધી લખાયેલાં શાસ્ત્રોમાં જીવન્મુક્તની સ્થિતિમાં જે વિરોધી લક્ષણો અને પ્રારબ્ધની વિચિત્રતાનાં વર્ણનો આવે છે, તે બધાંનું મૂળ કારણ પણ એ જ છે. જીવન્મુક્તનો આંતરિક અનુભવ સ્વસંવેદ્ય છે, પરસંવેદ્ય નથી; એ પોતે જ પોતાને ઓળખી શકે, કારણ કે એણે પોતે જ પોતાવડે પોતાનું જ્ઞાન (અનુભવ) મેળવ્યું છે, આત્માને આત્માથી ઓળખ્યો છે; એના સાધનમાં જ અદ્વૈત છે, તો સિદ્ધ અવસ્થામાં દ્વૈત વડે કેવી રીતે ઓળખાણ ઊભી થઈ શકે?

પ્રકરણ **ચૌદમું**:-ગ્રન્થકાર અહીં હવે પોતાના અનુભવના પરમામૃતનો ઉપસંહાર કરે છે; કહેવા જેવું, સાધકને અનુભવને પંથે વાળવા જેવું અને એમાં સાવધાનતા રાખવા જેવુ જે જે કહેવાનું હતું, તે બધું કહી દીધું. દશ્ય પ્રપંચ, ત્રણ ગુણ, પંચતત્ત્વ, પંચવિષય, પંચજ્ઞાનેન્દ્રિયો, પંચકર્મેન્દ્રિયો, પંચપ્રાણ, પંચકોશ, ચાર દેહ, ચાર અવસ્થા,, ચાર અભિમાની વ. દ્વારા વિસ્તારથી વિવેચન કરી બતાવ્યું; અને પરમતત્ત્વ અમૃત સમાન છે, સત્, ચિત્ અને આનંદ છે. સૌનું સ્વ-રૂપ છે, મુક્ત છે, એવું વિધિનિષેધ વડે વર્ણન કરીને મહાવાક્ય तत्+त्वम्-असिનો વાચ્યાર્થ લક્ષ્યાર્થ સમજાવ્યો. શબલ બ્રહ્મનો ઉપાધિભાગ ત્યાગી, શુદ્ધ ભાગ સ્વરૂપ ભણી સાધકને અંતર્મુખ થઈને ચિત્તવૃત્તિના પ્રવાહને વાળવાનો સાધનાક્રમ નિઃસંદેહ રીતે કહી બતાવ્યો; તત્ત્વનો અભ્યાસ કર્યા વિના અને દશ્યનો વૈરાગ્ય કેળવ્યા વિના વસ્તુપ્રાપ્તિ થાય એમ નથી, એવું ચોખ્ખું કહી દીધું. આવી બધી દ્વૈતમાંડણીના

સંકલ્પવિકલ્પ શાન્ત થાય, દ્વંદ્વોનું મિથ્યાત્વ ઓળખાઇ જાય, અને સ્વરૂપમાં મનોવૃત્તિનું ધ્યાન અને જ્ઞાન દ્વારા અખંડ અને સદોદિત અનુસંધાન રહે, એટલે બંધની કલ્પના શાંત થાય છે; બંધ શાંત પડ્યો, દ્વૈત અદ્વૈતમાં લીન થયું કે સ્વ-રૂપ જે હમેશાં મુક્ત જ છે, ઉપનિષદ્ કહે છે કે विमुक्तश्च विमुच्यते જે વિમુકત છે, તે જ વિમુકત થાય છે, એ વાકચ પ્રમાણે કેવલ વસ્તુસ્થિતિ મૌન સ્વરૂપ બની રહે છે. એ મૌનને અનુભવનાર બધા દ્વૈતભાવને ઓળંગી જાય છે, એનો અનુભવ સ્વસંવેદ્ય છે-પોતે પોતાની મેળે અનુભવ અને અનુભવનું પ્રમાણ બનવાનું છે; એટલે એવા જ્ઞાનીની-જીવન્મુકતની આ શરીરમાં મુકતાવસ્થાના અનુભવની જે દશા બને છે એની જીવનલીલા પણ પ્રારબ્ધભેદે વિવિધ અને વિચિત્ર હોય છે, તેથી કોઇ એક જ રીતે એની ઓળખાણ આપી શકાય એમ નથી. વ્યવહારદક્ષ હોય કે વ્યવહારશૂન્ય, ઉન્મત્ત હોય કે શાંત, ઉપાસક હોય કે યોગી, ધ્યાની હોય કે જ્ઞાની, ઉપરાંત ગમે તે વર્ણ કે આશ્રમમાં હોય, પણ એની ઓળખાણ કેવલ શ્રદ્ધા, ભકિત અને સેવા દ્વારા કરેલા સત્સંગથી, અને એમના નિકટવર્તી સહવાસથી થઈ શકે છે; કેવલ એમનાં બાહ્યાંગનાં લક્ષણો કે ચિહ્નો જોવાથી નહિ, એમ બધાં શાસ્ત્રોના કહેવા સાથે ગ્રન્થકાર સંમતિ બતાવે છે.

અને હવે, આ ચૌદમા પ્રકરણમાં તો સાધકને અત્યાર સુધી જે આદિથી અંત સુધીનાં સાધન-સાધ્યનાં રહસ્ય સમજાવ્યાં, તેમાં માર્ગે ચડી જવાનું, સાધનતત્પર થવાનું, અને ગુરુકૃપાપ્રાપ્ત અનુભવનો આસ્વાદ કરવાનું કહે છે. અનુભવની આંખ ઉઘાડનાર તો અનુભવી જ જોઈએ; આંખનું ઓપરેશન આંધળો દાક્તર ન કરી શકે, તેમ અનુભવ રૂપી ત્રીજું નેત્ર જેને જોઈએ છે, તેનું (પુરુષ અને પ્રકૃતિ, જીવ અને શિવ, ક્ષર અને અક્ષર, એવાં એવાં બે નેત્ર

તો બધાંને છે, પણ એ બે દ્વંદ્વવાળાં નેત્રોથી પર, અદ્વૈત, પરમતત્ત્વ રૂપે જ સમસ્તનો અનુભવ કરવાનું, અને એક જ ચૈતન્યનો આ વિલાસમાત્ર છે, એ જોવા, નિહાળવા, અને માણવાનું જે ત્રીજું શિવનેત્ર-કલ્યાણચક્ષુ તો એ ત્રીજા નેત્રનો અનુભવી જ ઉઘાડી આપે, શિવોહમ્‌ની સમાધિ અવસ્થામાં વિહરનાર, જીવન્મુક્ત જ એમાં પ્રકાશ પૂરી શકે, એમ પરાપૂર્વથી બધાં શાસ્ત્રો, ધર્મો, સંપ્રદાયો, મતપંથો કે છૂટાછવાયા અનુભવીઓ કહેતા આવ્યા છે અને કહે છે.

મહત્ત્વના મુદ્દાની બીજી વાત એ છે કે આ વિજ્ઞાન સંપ્રદાય-શુદ્ધ હોવું જોઈએ અને એ ગુરુપરંપરાગત પ્રાપ્ત થવું જોઇએ. અનંતકાલથી, સૃષ્ટિના આદિકાલથી સનક, સનંદન, કે સનત્કુમાર, જેવા બ્રહ્માના માનસપુત્રોએ જે નિવૃત્તિધર્મનો પ્રવાહ ચલાવ્યો છે, એમાં તવાઇ, શુદ્ધ થઇ, નિર્ભેળ રૂપે ઊતરી આવ્યું હોય તો જ એ જ્ઞાન સાચું છે, નહિ તો માત્ર શબ્દપ્રલાપ છે, વાણીનો કેવળ વિલાસ છે એમ મુકુન્દરાજ કહે છે. એમને એ અનુભવ વિશુદ્ધ પરંપરાદ્વારા પ્રાપ્ત થયો છે, એ એમની જીવનકલામાં આપણે જોઇ ગયા છીએ. અધિકાર વિના વસ્તુ પ્રાપ્ત થાય નહિ, અને કદાચ ક્ષણ માટે પણ વસ્તુ પ્રત્યક્ષ થઇ કે પ્રાપ્ત થાય છે એમ માનીએ તો પણ ટકે નહિ. એટલું જ નહિ, પણ કેવળ એ વાણીનો આડંબર થાય અને તેથી ઉપદેશક અને ઉપદિષ્ટ બન્નેનું અહિત થાય એ એમનો નિર્ણય છે. માટે અહીં જે વસ્તુ સદૈવ છે, સાક્ષાત્ છે, છે, છે ને છે જ, તેનો અનુભવ કરવો, સાક્ષાત્કાર કરવો એ જ જીવનનું પરમલક્ષ્ય, અને એ સિધ્ધ કરવા બ્રહ્મવિદ્‌ની ઉપાસના જ એક માત્ર સાધન છે એવું જણાવી, પોતે આશીર્વાદ આપે છે કે ‘ જો તું સદ્‌ગુરુને અનુકૂળ વ્યવહાર રાખીશ, એમની સેવા કરીશ, એમની કૃપા મેળવીશ, એમના ઉપદેશનું પ્રાણની પેઠે જતન કરીશ,

તો નિશ્ચયપૂર્વક તું સુખી થઇશ; અનંત સુખનો સાક્ષાત્કાર કરીશ." આટલું કહીને એ પૂર્ણમિદમ્ કરે છે કે "આ જ્ઞાનનો જે અનુભવ કરશે તે અંતર્મુખ થઇને પોતાના સ્વરૂપને અવશ્ય નિહાળશે."

પરમતત્ત્વના જિજ્ઞાસુ ! બંધમાત્રના મૂમુક્ષુ ! આ પરમામૃત ગ્રન્થ તારા હાથમાં આવે છે ! પ્રકરણે પ્રકરણે એમાં અમૃતનાં બિન્દુ ઝરે છે ! આ મનન તો કેવળ એનું અધ્યયન કરતાં સહજ સ્વભાવે નીકળી આવેલા થોડા પ્રાસ્તાવિક શબ્દ માત્ર છે ! શાસ્ત્રોનાં પ્રમાણ વીણીવીણીને એમાં નથી ગૂથ્યાં, કારણ કે અનુભવપ્રમાણ જ સૌથી મોટું પ્રમાણ છે. અહીં એટલું ચોક્કસ છે કે મુકુન્દરાજ ઉપનિષદ્ગત સિદ્ધાન્ત કે સાધનથી એક તસુ પણ આઘાપાછા ગયા નથી; પરંપરાગત ઉપદેશને એણે જીરવ્યો છે, એ પ્રમાણે એમણે અનુભવ કર્યો છે, અને આ નાનકડા ગ્રન્થમાં જાણે સમસ્ત શાસ્ત્રોનો સાર 'ગાગરમાં સાગર' ભર્યો હોય એમ ભરી દીધો છે.

તારી જિજ્ઞાસા વિશુદ્ધ હશે એટલું તને મળશે; સાધનાની ઝંખના પ્રમાણે સાધન કેળવાશે; અને લગની સાચી હશે, વૈરાગ્યનો અગ્નિ પ્રજ્વલિત થયો હશે, તો જ્ઞાનનાં ઇન્ધન અવશ્ય આવી મળશે. આવા સાધક ઉપર શ્રી મુકુન્દરાજના તો વણમાગ્યા આશીર્વાદ છે ! અમે પણ શ્રી ઈષ્ટ પાસે પ્રાર્થીએ છીએ કે તારા મનોરથ સફલ હો ! તારી ઇષ્ટસાધના પૂર્ણ હો ! તારી આત્મતૃપ્તિ અખંડ હો !

તા. ૧૫-૮-૪૨ } સ્વા. સ્વયંજ્યોતિ તીર્થ

મહારાષ્ટ્રના આદિકવિ

# શ્રી મુકુંદરાજ

( સંક્ષિપ્ત જીવનવૃત્તાંત )

તત્ત્વજ્ઞ કવિ મુકુંદરાજ મહારાષ્ટ્રના આદિકવિ મનાય છે. વિક્રમની ૧૨મી સદીમાં એ હતા એવી મહારાષ્ટ્રદેશમાં લોકવાયકા છે. 'વિવેકસિંધુ' નામનો ગ્રન્થ જીવનના અંતભાગમાં એમણે લખ્યો છે. તદુપરાંત કોઇ જયત્પાલ નામના રાજાને ઉપદેશ આપવાના નિમિત્તે આ 'પરમામૃત' નામનો બીજો ગ્રંથ લખ્યો છે.

ઇતિહાસકારો હજુ એમના સમયનો આખરી નિર્ણય કરી શક્યા નથી. વિવેકસિંધુની હસ્તલિખિત બધી પ્રતોમાં એમની એ ઓવી શોધી મળતી નથી, જેમાં પોતે પોતાના જીવનકાલનો ઉલ્લેખ કર્યો છે. આ દૃષ્ટિએ, પ્રસિધ્ધ જ્ઞાનેશ્વર મહારાજના કરતાં પણ તેઓ સોએક વર્ષ પહેલાં થઇ ગયા હોય એમ કહેવું પડે. છતાં આશ્ચર્ય એ છે કે શ્રી જ્ઞાનેશ્વર મહારાજ તેમજ એમના વખતના બીજા કોઇ પણ સંતોએ પોતાની પ્રસાદવાણીમાં એમનો કશો ઉલ્લેખ કર્યો હોય એમ જણાતું નથી. ઉપરાંત જ્ઞાનેશ્વર મહારાજના ગ્રંથોની ભાષા જેટલી મુકુન્દરાજની ગ્રંથભાષા અઘરી નથી. આમ ઐતિહાસિક દૃષ્ટિએ હજુ મહારાષ્ટ્રમાં એમના સમય માટે કશો નિર્ણય થયો નથી.

એક બીજી વાત પણ ઈતિહાસકારોને મૂંઝવે એવી એ છે કે ઇતિહાસમાં કોઇ જયત્પાલ નામના રાજાનો ઉલ્લેખ આવતો નથી, તેથી એમના જીવનકાળનો કશો નિર્ણય થતો નથી. એમના ગ્રંથો,

એમની સચોટ અનુભવસિધ્ધ વાણી, એમની ઉપદેશકળા, ગહન-ગંભીર વસ્તુને પણ સરળ દૃષ્ટાન્તથી સહજભાવે સમજાવવાની શક્તિ, એ બધું એવું અદ્‌ભુત છે, કે ઈતિહાસકારો એમનો કાળનિર્ણય કરે કે ન કરે, પણ અનંતકાળનેય ઘોળીને પી જનાર એ સંતની જીવન-કળા કોઇ અદ્‌ભુત રહસ્યોથી, વિદ્વત્તા અને અનુભવથી, તેમ જ તે સમયના લોકોમાં બહુ જ પૂજ્યભાવથી ખીલી રહી હશે એ તો નિર્વિવાદ છે.

શ્રી સમર્થ સ્વા. રામદાસ મહારાજના ભકત વર્ગોએ એક રામદાસી કીર્તનસંગ્રહ બહાર પડચો છે. તેમાં જયત્પાલ રાજાનો ઉલ્લેખ આવે છે, અને જયત્પાલ તેમ જ મુકુન્દરાજને પરસ્પર સંબંધ હતો એવી એમાં કૈંક હકીકત છે.

સંતો, અવતારી પુરુષો, શૂરવીરો, કે એવા લોકપ્રસિધ્ધ પુરુષો જ્યારે જગતનો કોઈ દિશામાં ઉધ્ધાર કરી જાય છે, ત્યારે એમના પ્રતિ લોકસમૂહનો અપ્રતિમ ભકિતભાવ ઊપજે છે. ભકિતનો ભાવ જ એવો છે, કે જેના પ્રતિ ભકિત હોય એમના જીવનનાં પ્રત્યેક આચ-રણ અને વ્યવહારનાં કાર્યોમાં ભકતોને હંમેશાં અલૌકિકતા જ દેખાય; અને પ્રાચીન જમાનો એવો જ હતો, જ્યારે ખાસ કરીને સંતોના ચરિત્રોમાં સામાન્ય મનુષ્યથી ન સમજાય, સાધારણ વિજ્ઞાનબુધ્ધિથી જેનો ઉકેલ ન આવી શકે, એવા ચમત્કારો ભરપૂર ગૂંથી દેવા.

શ્રી. મુકુન્દરાજના વિષયમાં પણ એવી જ દંતકથા પ્રચલિત છે. વસ્તુ સાચી હોય કે ન હોય, બનાવ બન્યો હોય કે ન બન્યો હોય, પણ પૌરાણિક ઢબથી લખેલાં ચરિત્રોમાં બહુધા જીવનકથાને આવી જ રીતે વર્ણવેલી હોય છે; પ્રથમ આપણે એ દંતકથાને આધારે એમનું જીવનચરિત્ર તપાસીએ.

મલય નામનો એક અત્યંત વિષયાસક્ત ગંધર્વ હતો; પોતાની સ્ત્રીઓ સાથે કોઇ સરોવરમાં ઉન્મત્ત બનીને નિર્લજ્જ રીતે સ્નાનક્રીડા કરતો હતો, એટલામાં વિશ્વવિહારના સ્વભાવવાળા, બ્રહ્માના માનસપુત્ર નારદમુનિ ફરતા ફરતા એ રસ્તે નીકળી પડ્યા. નારદજીએ ગંધર્વને સ્વચ્છંદ વિહાર કરતો જોયો ત્યારે પરસ્પર દૃષ્ટિ મળવા છતાં પણ એ મદોન્મત્ત ગંધર્વે નારદજીની કશી પરવા ન કરી અને દુર્લક્ષ કર્યું.

ભગવાનના ગુણાનુવાદમાં જ નિમગ્નચિત્ત રહેનાર નારદજીને આવી અમર્યાદ અને વિષયાંધ ક્રીડા કરનાર ગંધર્વના ગર્વ ઉપર અભાવ આવ્યો, એટલું જ નહિ પણ લોકહિતની દૃષ્ટિએ એનું કાર્ય નિંદ્ય લાગ્યું. તેથી એમનો પુણ્યપ્રકોપ ઊછળ્યો અને આવેશમાં આવીને શાપ આપ્યો કે "આવી પશુવૃત્તિને અધીન બનેલા એ વિષયાંધ ગંધર્વ ! જા, તું પૃથ્વી પર અશ્વ થઈને અવતર." આટલો શાપ સાંભળતાં ગંધર્વને કંઈક ભાન આવ્યું. પશ્ચાદ્‌બુદ્ધિ સૂઝી અને નારદજીની ક્ષમા માગી કે: "ભગવન્‌ ! અપરાધ ક્ષમા કરીને શાપનું નિવારણ કહો !" ગંધર્વને ભૂલનું ભાન થયું છે જાણી, કોમલચિત્ત નારદજી પીગળ્યા, પણ અશ્વનો શાપ કાયમ રાખી, એમાંથી ઉદ્ધાર થવાનો આશીર્વાદ અને ભાવિસાધન કહી સંભળાવ્યું કે : "જા. તું એ અશ્વના જન્મમાં જયત્પાલ રાજાને ત્યાં ઉત્તમ જાતનો ઘોડો થઈને રહીશ અને ત્યાં મુકુન્દરાજ નામના એક યોગસિદ્ધ મહાત્માના હસ્તસ્પર્શથી તારો ઉદ્ધાર થશે."

આવી રીતે એ ગંધર્વને અશ્વદેહ પ્રાપ્ત થયો. જયત્પાલ રાજા બુદ્ધિશાળી અને હરિભક્તિપરાયણ હતા; એમણે અનેક શાસ્ત્રોનું શ્રવણ કર્યું; દાનપુણ્ય કર્યાં, વ્રત જપતપ, તેમ જ બીજાં અનુષ્ઠાનો કર્યાં, છતાં શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે આત્મસાક્ષાત્કાર, આત્માનો

અનુભવ ન થયો; એમની અશાંતિ વધી પડી; અને પછી તો દેશ-વિદેશના જે કોઈ સાધુસંત કે વિદ્વાન પંડિતો પોતાના નગરમાં આવે, એમને બધાને બોલાવે અને "મને સાક્ષાત્કાર કેવી રીતે થાય?" એવા પ્રશ્નો પૂછીને ઉત્તર મેળવે; શાસ્ત્રોના અર્થ કરવામાં કુશળ, અને પુસ્તક વાંચતા હોય તેમ પુસ્તકોનો મોંપાઠ કરે, કે એમાંથી દરેક વિષય ઉપર પ્રમાણ ઉપર પ્રમાણો આપ્યા કરે એવા તો સેંકડો પંડિતો આવી ગયા, પરંતુ એમાંથી કોઇ પણ જયત્પાલ રાજાને આત્મસાક્ષાત્કાર કરાવવામાં સમર્થ ન નીવડયો. અનુભવની વાત કહે કે અનુભવ કરાવે, એના માર્ગ ઉપર ચડાવી આપે કે એનાં સાધન બતાવી શીખવે, એવા કોઈ ન મળ્યા. રાજાને એવાં ટોળાં ઉપર ક્રોધ ઉત્પન્ન થયો. શાસ્ત્રમાં તો આત્મસાક્ષાત્કાર વિના શાંતિ નથી એમ સ્પષ્ટ લખ્યું છે. એ આત્મજ્ઞાન અનુભવી મહાત્માઓ પાસેથી જ થાય એમ શાસ્ત્રો સર્વત્ર કહી બતાવે છે. ત્યારે આ બધા વિદ્વાન પંડિત અને સંતસાધુ હોવાનો દાવો કરનારા, લોકોનાં માનસન્માન અને પૂજાસેવા સ્વીકારનારા જ્યારે કશું પણ અનુભવજ્ઞાન આપી શકતા નથી, ત્યારે એ દંભીઓ કે મિથ્યાચારીઓને સખ્ત સજા કરવી જોઈએ એમ રાજાને લાગ્યું; એ બધાને મજૂરી કરાવી દંડ દેવો જોઇએ, એમ નિશ્ચય કરી રાજાએ એક તળાવ ખોદાવવા માંડયું. બધાને કોદાળા–પાવડા આપી એ કામમાં મજૂરીએ વળગાડી દીધા.

એથી એ બ્રાહ્મણો, પંડિતો અને સાધુપુરુષોની દુર્દશા બેઠી. તળાવ ખોદાય ત્યાં રોજ માટી ખોદવાનું. પાળ બાંધવાનું અને સખ્ત મજૂરીનું કામ એમના નસીબમાં આવી પડયું; થોડા જ દિવસો વીત્યા હશે એટલામાં એમનો ભાગ્યોદય થયો. અનુભવની મૂર્તિ સમા શ્રી મુકુન્દરાજ મહાત્મા ફરતા, વિચરતા એ ગામમાં

આવી ચડયા. એમની ઉંમર કોઈ કહે છે કે માત્ર બાર વર્ષની હતી; કોઈ મોટી ઉંમર હતી એમ પણ લખે છે. ગમે તેમ હોય, પણ બ્રહ્મના સાક્ષાત્ પ્રકાશપુંજ જેવા, જ્ઞાનભાસ્કરની પ્રચંડ પ્રતિભા વડે દેદીપ્યમાન, વિભૂતિભૂષિત, જ્ઞાનોન્મત્ત દશામાં, આખા વિશ્વને પોતાની વિહારભૂમિ સમજનારા એ દિવ્યમૂર્તિ મુકુન્દરાજ ગામમાં જ્યાં પ્રવેશ કરવા જાય છે, ત્યાં લોકોએ એમને રોકીને કહ્યું કે: "મહારાજ! ગામમાં પ્રવેશ ન કરશો, અહીં તો અમારા રાજા બધાને આત્મસાક્ષાત્કાર કરાવી આપો નહિ તો જાઓ કેદખાનામાં અને તળાવમાં માટી ખોદવાની મજૂરી કરો એવી સજા કરે છે; આપ તો બાલક વયના છો, માટે સલાહ આપીએ છીએ કે ગામ બહારથી જ જલદી બીજે ગામ ચાલ્યા જાઓ. અમને તો આપના સુકુમાર શરીરની દયા આવે છે, આપની પણ બીજાના જેવી દશા ન થાય એટલા માટે ચેતવીએ છીએ.

મુકુન્દરાજ મહારાજ હસતે ચહેરે આ ચેતવણી સાંભળી રહ્યા, અને તળાવની દિશા પૂછી. ત્યાં જઇને જુએ છે તો મહાત્મા કહેવાતા બ્રાહ્મણસાધુઓ માટી ખોદવાના કામમાં પડયા હતા; એમને આવું કરુણ દશ્ય જોઈ લાગી આવ્યું અને તરત જ બધાઓને પૂછી જોતાં પોતે સાંભળેલી હકીકત સાચી નીવડી. એમણે એ બધાને તરત જ પોતાને રાજા જયત્પાલ પાસે લઇ જવા કહ્યું, પણ બીકના માર્યા બ્રાહ્મણોએ જવાબ આપ્યો કે: "અમે જો તમારી સાથે ચાલી નીકળીએ તો આ ચોકીદારો અમારા ઉપર લાકડીઓ અને ચાબૂક વડે તૂટી જ પડે."

મુકુન્દરાજ મહારાજે એમને વિશેષ આગ્રહ કર્યો અને નિર્ભય રીતે પોતાની સાથે આવવા કહ્યું, એટલે બધા પંડિતો એમની સાથે રાજદરબાર ભણી જવા નીકળ્યા. ચોકીદારો જેવા એ બધાને રોકવા

જાય છે, ત્યાં જ એક મોટો ચમત્કાર થયો. જેવા એ પંડિત વિદ્વાનોએ પાવડા કોદાળા અને બીજાં હથિયાર મૂકી મુકુન્દરાજ સાથે ચાલવા માંડયું કે એ હથિયાર સજીવન હોય તેમ પોતાની મેળે કામ કરવા મંડી પડયાં. માટી ખોદાય છે, પાળ બંધાય છે અને હથિયારો જ કામ કરે છે. એવું અલૌકિક દૃશ્ય જોતાં દેખરેખ રાખનારા ચોકીદારો વિસ્મય પામ્યા, અને આ કામ આ કિશોર મહાત્માના પ્રભાવનું છે એમ સમજયા. બધાંને આશ્ચર્ય થયું. મુકુન્દરાજ ધીરે ધીરે વાતો કરતા કરતા અને બીજી હકીકત પૂછતા પૂછતા રાજદરબાર તરફ જાય છે, એટલામાં તો ચમત્કારથી મુગ્ધ અને વિહ્વળ બનેલા રાજસેવકો રાજદરબાર તરફ દોડયા, અને રાજાને જઈને નજરે જોયેલો વૃત્તાંત કહી સંભળાવ્યો.

રાજા જયત્પાલના આશ્ચર્યનો પણ પાર ન રહ્યો. આ કામ કોઇ અલૌકિક, દિવ્ય પ્રતિભાશાળી, ઐશ્વર્યસંપન્ન મહાત્માનું જ હશે, તેથી જલદી જઇને હવે હું એમને મારો પ્રશ્ન પૂછું એવી ઉતાવળમાં, ભરદરબારમાંથી પોતે એમની સામે જવા નીકળી પડયા. મળતાંવેંત જ રાજાએ સન્માનપૂર્વક મુકુન્દરાજને દંડવત્ પ્રણામ કર્યાં. પછી રાજસભામાં લઇ જઈને એમની પ્રતિષ્ઠાને યોગ્ય આસનપૂજા આપીને સત્કાર કર્યો. મુકુન્દરાજે રાજાને ઉપદેશ આપ્યો કે " મહારાજ ! આ શું કરો છો ? બ્રાહ્મણો અને સંત સાધુઓને કારાવાસમાં પૂરી આવી શુદ્રોના જેવી સખ્ત, હલકા પ્રકારની મજુરી કરાવો છો, એથી તો રાજકુલનો ક્ષય થાય ! ક્ષત્રિયનાં પ્રતિષ્ઠા અને પુણ્ય બળીને ભસ્મ થઈ જાય. ક્ષત્રિયોનાં ધર્મ અને શોભા તો પોતાનાથી શ્રેષ્ટ એવા બ્રાહ્મણો અને સંતોનાં માનસત્કાર અને પૂજા કરવામાં છે. એમને દંડ કે પીડા આપવાથી તો ક્ષત્રિય પોતાના વંશનો વિનાશ નોતરી લે છે, પાપને આમંત્રણ આપે છે, અને એવી

અધોગતિએ પહોંચે છે કે જેમાં એનાં સ્વધર્મ અને જન્મમરણ બન્ને બગડે છે."

જયત્પાલ કહે છે: "મહારાજ! એમાં મારો શો અપરાધ છે? એ બધા આત્માનુભવી છે એમ કહે છે, તેથી મેં આત્માનુભવ કરાવો એમ કહ્યું; અને જ્યારે એમાંથી કોઇ આત્માનુભવ તો શું પણ એનાં સાધન પણ ઠીક નથી બતાવી શકતા, તો પછી આવા દંભીઓને સખ્ત મજૂરી તથા કારાવાસ મળે એમાં મારો શો અપરાધ? આ પંડિતો તો મહા ગર્વિષ્ઠ છે."

બ્રહ્મનિષ્ઠ મુકુન્દરાજ મહાજ્ઞાની હતા. રાજાનું કહેવું જો કે યોગ્ય હતું, પણ એથી એ પંડિતોને આવી સજા કરવાથી કાંઇ જ્ઞાની બનાવી શકાય તેમ નહોતું, રાજાએ એ પંડિતોને કોઇ બ્રહ્મવિદ્ આચાર્યની શોધમાં મોકલીને એમની પાસેથી બ્રહ્મજ્ઞાન મેળવવાની સગવડ કરી આપવાની હતી. જન્મથી અને પાંડિત્યથી તેઓ બ્રાહ્મણ હતા, માત્ર બ્રહ્મજ્ઞાનથી બ્રાહ્મણ નહોતા, એમ ન સમજતાં રાજાએ એમના વર્ણથી વિપરીત એવું મજૂરીનું કામ સોંપ્યું, અને તેથી જ એ પાપકર્મ હતું, એવો શ્રી મુકુન્દરાજનો કહેવાનો અર્થ હશે એમ અનુમાન થાય છે.

શ્રી મુકુન્દરાજ તત્ત્વજ્ઞ હતા; શાસ્ત્રના મર્મજ્ઞ હતા; સમદર્શી હતા; પુણ્યપાપની વાસ્તવિક સમસ્યા સમજતા હતા અને તેથી એમણે જયત્પાલ રાજાને કહ્યું: "આત્મજ્ઞાન તો આપને થાય, પણ પ્રથમ આપે ગુરુઆજ્ઞા માનવી જોઇએ. આત્મજ્ઞાન આપની ઇચ્છા કે શરતો પ્રમાણે અથવા આપ માનો તે રીતે ન થાય. આત્મજ્ઞાન ન કરાવી શકે એ અજ્ઞાની છે અને તેથી એ ક્ષમા કરવા યોગ્ય છે; એ દૃષ્ટિએ આ બ્રાહ્મણો અજ્ઞાની છે, તો એમને દંડ ન કરતાં

આત્મજ્ઞાનનાં સાધન કરી આપવાં એ રાજાનો ધર્મ છે. એમને દંડ દેવાથી એમનું અજ્ઞાન દૂર નહિ થાય. બ્રાહ્મણોને શુદ્ર ધર્મનાં કામ કરવાની સજા કરવાથી તો એ ઊલટા વધારે અજ્ઞાની બનશે અને જેટલી વિદ્યા તેઓ ભણેલા હશે તે પણ ભૂલી જશે. ઉપરાંત બ્રહ્મજ્ઞાન શિષ્યભાવે અને નમ્રતાપણે મેળવી શકાય છે. ભર રાજ-સભામાં પોતે રાજસિંહાસન પર બેસી, સામે બ્રાહ્મણો પંડિતો કે સંત સાધુઓને આજ્ઞા કરીને બોલાવી બેસાડીને કાંઇ બ્રહ્મજ્ઞાનનું શિક્ષણ મેળવી શકાતું નથી. વસ્તુ મૂળે જ જ્યાં વાણીનો વિષય નથી, એનું હે રાજા! આમ ભરસભાની ચર્ચામાં કેવી રીતે જ્ઞાન મેળવાય? પ્રથમ શિષ્યભાવ આવે, નમ્રતા આવે "હું કશું નથી જાણતો" એવી નિરહંકાર બુદ્ધિ થાય, રાજાપણાનું કે એવું કોઇ-પણ પ્રકારનું સાંસારિક અભિમાન નિર્મૂળ થાય, અને તદ્દન શરણા-ગત દશામાં જો આપણે સંત સાધુઓ કે બ્રાહ્મણો પાસે જઈએ, તો આપણા નમ્રતાદિ ગુણોના પ્રભાવે પણ કંઇક એમના ચિત્તમાં પરમાત્માનો પ્રકાશ સ્ફુરે. એટલે જો આત્મસાત્કારની આપની સાચી જ ઇચ્છા હોય, મુમુક્ષુતા જો તમે કેળવી જ હોય, અને એ પરમપદની પ્રાપ્તિના સાચા જિજ્ઞાસુ હો, તો પ્રથમ હું કહું તેમ કરો; મારી આજ્ઞા માનો; આ વિદ્વાનોને કારાવાસ આપીને અને એમની પાસે મજૂરી કરાવીને જે પાપસંચય કર્યો છે એનું પ્રાયશ્ચિત કરો. એ બધાને છોડી મૂકો અને યથાધિકાર સત્કાર સાથે વિદાય કરો."

જયત્પાલ રાજાની મોક્ષેચ્છા સાચી હતી; માત્ર એમણે ધારણ કરેલી પદ્ધતિમાં ખામી હતી; પણ રાજસિંહાસને બેસીને અધિકાર ચલાવવામાં ટેવાઈ ગયેલા રાજામાં આટલો રજોગુણ તો ક્ષન્તવ્ય ગણાય એમ મુકુન્દરાજ સમજતા હતા, અને તેથી મુકુન્દરાજની કલ્યાણમયી ઉપદેશવાણીથી રાજા વિનમ્ર બન્યા, સ્વધર્મનું ભાન

આવ્યું, અને મહાત્માની આજ્ઞાનુસાર બ્રાહ્મણોને છોડી મૂકી સત્કાર સાથે વિદાય કર્યા.

હવે ઉપદેશ આપવાના વિધિનો સમય આવ્યો. પેલો અશ્વનો અવતાર પામેલો ગંધર્વ જયત્પાલની અશ્વશાળામાં હતો. 'પેંગડે પગ ને બ્રહ્મઉપદેશ' જેવી રાજાએ માગણી કરી હોય કે કોણ જાણે, પણ એમ કહેવાય છે શ્રી મુકુન્દરાજ રાજાને અશ્વશાળામાં લઇ ગયા અને અશ્વ બનેલા ગંધર્વને લાવી એના ઉપર સવારી કરવાની આજ્ઞા કરી. સદ્‌ગુરુની આજ્ઞાનું યથાવિધિ અને વિના વિચારે પાલન કર્યા વિના તત્ત્વજ્ઞાન ન થાય, એ નિયમે રાજા ઘોડેસ્વાર થવા માટે જયાં પેંગડામાં પગ રાખે છે, એટલામાં તો મુકુન્દરાજે રાજાને પણ થોડો વાગે તેવી રીતે પોતાનો સોટો એવો તો ઘોડાને માર્યો કે, ઘોડો સ્થિર સ્તબ્ધ ઊભો રહ્યો; રાજા અને ઘોડો બન્ને મંત્રમુગ્ધ બની ગયા હોય તેમ ઘોડાની પીઠ પર રાજા તદ્દન ધ્યાનસ્થ, હાલ્યા-ચાલ્યા વગરના સમાધિસ્થ સ્થિતિમાં ઊતરી પડયા. ઘોડો પણ શાંત, સ્થિર અને રાજા સ્વરૂપનિમગ્ન. આમ બન્ને પ્રાણી બાહ્ય જગતનું ભાન ભૂલીને સ્વરૂપમાં નિમગ્ન થયાં, તેથી એ દૃશ્ય જોનાર બ્રાહ્મણ તેમ જ ઈતર વર્ગ આશ્ચર્યમુગ્ધ થયા. આવી રીતે મહાત્માના સ્પર્શમાત્રથી રાજાને અશ્વારોહણ કરતાં જ સ્વરૂપજ્ઞાન થયું જાણી, બારેક વર્ષના બાલક મહાત્મા શ્રી મુકુન્દરાજ પ્રતિ અલૌકિક ભાવથી સૌ નમી પડયા.

મહારાષ્ટ્રમાં આવી દંતકથા મુકુન્દરાજના વિષયમાં ચાલે છે. ઇતિહાસકારોને તપાસ કરતાં જણાયું છે, કે એ સમયમાં કે પછી પણ, જયત્પાલ નામનો કોઇ રાજા જ મહારાષ્ટ્રમાં થયો નથી. છતાં જયત્પાલના નામનો ઉલ્લેખ મુકુન્દરાજના ગ્રન્થમાં સ્વમુખે પોતે જ કરેલો છે, તેથી એમ અનુમાન થાય છે કે, રાજા નહિ તો કોઇ ધનિક

સજ્જન જયત્પાલ નામનો અવશ્ય થઇ ગયો હશે કે જેને મુકુન્દ-રાજે આત્મજ્ઞાન કરાવ્યું હશે.

આ કથામાં એક બીજી પણ શંકા ઉપજાવે તેવી વાત છે. રાજા જનકની ' પેંગડે પગ ને બ્રહ્મઉપદેશ 'ની વાત પણ એટલી જ મશહૂર છે. અવધૂત અષ્ટાવક્રે રાજા જનકને બ્રહ્મજ્ઞાન આપ્યું હતું અને પોતાના પિતાને બંધનમુકત કરાવ્યા હતા, એ તો પુરાણ-પ્રસિદ્ધ કથા છે. મુકુન્દરાજના વિષયમાં પણ એવી જ વાત પ્રચલિત છે. એટલે પણ રાજા જયત્પાલની કથાની સત્યતા વિશે શંકા અને આશ્ચર્ય ઊપજે છે.

ગમે તેમ હોય, પણ મુકુન્દરાજની મહત્તા, આ દંતકથા ન સ્વીકારીએ તો પણ ઓછી થતી નથી. વિવેકસિંધુ અને પરમામૃત જેવા બે ગ્રન્થ એવા સચોટ અનુભવથી ભરેલા છે કે એમના બ્રહ્મવિદ્‌પણા વિષે ભાગ્યે જ કોઇને શંકા થાય. જયત્પાલ નહિ તો બીજા કોઇને પણ એમણે પરમામૃત ગ્રન્થનો ઉપદેશ કર્યો હશે, એ તો પરમામૃતની લેખનશૈલી પરથી જ સમજાય છે. સાધકને વેદાન્તની પ્રક્રિયા દ્વારા એમાં ત્રણ દેહ, ત્રણ અવસ્થા, દસ ઇંદ્રિયો, અંતઃકરણ ચતુષ્ટય,-અને આવી બધી ભેદવ્યવસ્થાથી આત્મસ્વરૂપ તદ્દન પૃથક્ અને સ્વરૂપથી અભિન્ન છે, એવું પ્રથમનાં છસાત પ્રકરણોમાં સમજાવી, ત્યાર પછી નિદિધ્યાસન માટે જે રીતે તૈયારી કરીને અહંગ્રહ ઉપાસના કરવાની હોય છે, તેને માટે બહુ જ અનુભવ-સિદ્ધ વર્ણન કર્યું છે. સહૃદયી જિજ્ઞાસુ વાંચતાં વાંચતાં જ જાણે એકાન્તનો અનુભવ કરીને ધ્યાનમગ્ન થવા માંડે, એવું એમના શબ્દોમાં બલ છે. દંતકથા પણ આ વાતનું સમર્થન કરે છે એટલો જ એનો પૂરાવો બસ છે.

વળી ' વિવેકસિંધુ' ગ્રન્થમાં રાજા શારંગધરનું નામ આવે છે,

પણ બારમી સદીમાં એ નામના કોઇ રાજા થઇ ગયા હોય એમ જણાતું નથી: એમના જન્મ અને નિવાસસ્થાન માટે પણ મતભેદ છે: "જોગાઇચે અંબ" એટલે અંબાનગરી અથવા બાણુગંગાને કાંઠે અંભોર એવાં બે ગામ એમના નિવાસસ્થાન માટે મશહુર છે: "જોગાઇચે અંબ" ગામની બહાર ડુંગરાઓમાં મુકુન્દરાજનું સમાધિસ્થાન છે, એમ ત્યાંના લોકો કહે છે; તેમ જ અંભોર ગામમાં મુકુન્દરાજના પરમગુરુ હરિનાથની સમાધિ છે એમ પ્રસિદ્ધ છે. આ બીજું સ્થાન વરાડ પ્રાન્તના છિન્દવાડાની પાસે છે, અને છિન્દવાડા પાસે મુકુન્દરાજના ગુરુ રઘુનાથનું સમાધિસ્થાન છે. ત્યાં જ પાસેના બેતુલ જિલ્લાના ખડેલા નામના નાના ગામડામાં કોઇ જૂના ખંડેર જેવા કિલ્લામાં મુકુન્દરાજની સમાધિ છે, એવી પણ લોકવાયકા છે. આવી રીતે એમનો હયાતીકાળ, તથા તેઓ ક્યાં થઈ ગયા, એ વિષયમાં કશો આખરનો નિર્ણય હજુ સુધી મહારાષ્ટ્ર દેશમાં થઇ શક્યો નથી.

શ્રી મુકુન્દરાજે પોતે વિવેકસિંધુ નામના ગ્રંથમાં થોડી માહિતી આપી છે, તેમાં પોતે લખે છે કે:–

"મારા આદિગુરુ શ્રી આદિનાથ (શ્રી શંકર) છે, તેમના શિષ્ય શ્રી હરિનાથ છે, અને એમના સર્વગુણભંડાર શિષ્ય રઘુનાથ તે મારા સદ્‌ગુરુ છે. બાણુગંગાને કાંઠે અંબાનગરી (અંભોર) છે, ત્યાં મને ભગવાનનાં દર્શન થયાં. યજુર્વેદની વાજસનેયી માધ્યંદિની શાખાનો દેશસ્થ બ્રાહ્મણ હું છું." એ ઉપરાંત પોતાના પરમગુરુનું બીજું પણ કેટલુંએક વર્ણન એ ગ્રન્થમાં આપે છે એ ઉપરથી જણાય છે કે શ્રી હરિનાથજી કોઇ પ્રખર વિદ્વાન, ગૃહસ્થાશ્રમી જ્ઞાની હોવા જોઇએ. મુકુન્દરાજ તો એમને અવતારી પુરુષની ઉપમા આપીને એમની વિદ્વત્તાનું અને એમણે કરેલા યજ્ઞથી ભગવાન્ શંકરે પ્રસન્ન થઇને વરદાન આપ્યાનું વર્ણન કરે છે.

યજ્ઞથી પ્રસન્ન થઈને ભગવાન્ શંકરે યજ્ઞના કુંડની જ્વાલામાંથી પ્રકટ થઇને શ્રી હરિનાથજીને એવું વરદાન આપેલું કહેવાય છે કે " જા, તારાં વંશ કે શિષ્યપરંપરામાં કોઇને આત્મજ્ઞાનની ઊણપ નહિ રહે. તારા વચનમાં જે શ્રદ્ધા રાખશે, તેને પુન: ગર્ભવાસ નહિ ભોગવવો પડે. મારું આપેલું બ્રહ્મજ્ઞાન તારા મુખ દ્વારા તારા શિષ્યોને પ્રાપ્ત થશે અને મોક્ષદાયક નીવડશે. " શ્રી હરિનાથને યજ્ઞની જ્વાલામાં દર્શન આપનાર શ્રી આદિનાથ પ્રગટ થયા, અને એ ઉપદેશના પ્રભાવે હરિનાથ ત્યાં જ સમાધિસ્થ થયા. યજ્ઞના કુંડમાં જ્યારે ભગવાન્ શંકર પ્રગટ થયા, ત્યારે બીજા ઋત્વિજો એમનું કરાળ સ્વરૂપ જોઇને સ્તબ્ધ બન્યા અને મૂર્છા પામ્યા હતા; ત્યાર પછી તે જાગીને જુએ છે, તો ભગવાન્ શંકરનું તિરોધાન થયું હતું ને હરિનાથ સમાધિસ્થ દશામાં બેઠા હતા. બ્રાહ્મણોને લાગ્યું કે યજ્ઞમાં કોઈ બ્રહ્મરાક્ષસ પ્રકટ થયો હતો અને હરિનાથ પણ એ બ્રહ્મરાક્ષસના ભયથી સ્તબ્ધ બનીને અવાક્ બની ગયા છે. પરંતુ બાવીસ દિવસ સુધી જ્યારે એમના એમ સમાધિમાં રહીને ઊઠયા, એમની મુખકાન્તિ પર બ્રહ્મપ્રતિભા ખીલી નીકળી અને ત્યાર પછી એમની વૃત્તિમાં ચમત્કારિક પરિવર્તન જોયું, ત્યારે એ ઋત્વિજોને એ બધો ભગવાન્ શંકરનો અનુગ્રહ છે એમ સમજાયું. મુકુન્દરાજ એનું વર્ણન કરતાં લખે છે કે, એ " ભગવાન્ શંકરે શ્રી હરિનાથને ઉપદેશ દીધો; એમણે પોતાના શિષ્યો ઉપર અનુગ્રહ કર્યો; ત્યાર પછી મારા પરમગુરુ, શાસ્ત્રમાં વર્ણન કરેલું છે તે પ્રમાણે જડવત્, પિશાચવત્, નિજાનંદમાં ડોલતા દિનચર્યા કરતા હતા " વગેરે.

એમના પ્રધાન શિષ્યોમાં એક સુરેન્દ્રભારતી કરીને મહાત્મા થઈ ગયા છે. એક બીજા રામચંદ્ર નામના શિષ્યની ઉપર પણ એમની

કૃપા ઊતરી હતી હતી. એ રામચંદ્ર ઉપદેશ મળતાં જ સમાધિમાં પડ્યા તે અઢાર દિવસે જાગ્યા એમ કહેવાય છે. એ રામચંદ્ર તે જ શ્રી મુકુન્દરાજના ગુરુ શ્રી રઘુનાથ. આ બધા મહાપુરુષો સમર્થ રાજયોગી થઈ ગયા છે, એવી મહારાષ્ટ્રીય લોકોની શ્રદ્ધા છે.

એમણે વિવેકસિંધુ, પરમામૃત, મૂળસ્તંભ, પવનવિજય આ ચાર ગ્રંથ ઓવીમાં, અને બીજાં છૂટક પદો તથા અભંગ કાવ્યો લખેલાં છે એમ કહેવાય છે. અત્યારે તો વિવેકસિંધુ અને પરમામૃત બે જ ગ્રન્થ મળી શકે છે.

એ પોતે શંકરાચાર્યના અદ્વૈત મતાનુયાયી છે. એમના ગ્રન્થમાં "શંકરોક્તિને મેં મરાઠીમાં ઉતારી છે" એવો ઉલ્લેખ પણ આવે છે. સગુણ ઉપાસનાને ખૂબ મહત્ત્વ આપે છે. "કોઈપણ જાતના અવલંબન વિના ચિત્ત જો સ્થિર ન રહેતું હોય—અર્થાત્ નિરાલંબ અહંગ્રહ ઉપાસનાથી ચિત્તમાં બ્રહ્માકાર વૃત્તિ ન રહી શકતી હોય, તો સગુણ ઉપાસના કરવી; અંતઃકરણમાં દેવનું ધ્યાન ધરવું, માનસિક ષોડશોપચાર પૂજા કરીને શ્રી હરિની અનન્ય ભાવે ઉપાસના કરવી" એમ એ સમજાવે છે.

આવી દંતકથાઓથી ભરેલી એમની જીવનલીલા છે, પરંતુ એ બધામાં અનુભવ ઠાંસી ઠાંસીને ભરેલો છે. એમના જે ગ્રન્થનો આપણે અનુવાદ વાંચવાનો અને અભ્યાસ કરવાનો છે, એનું અવલોકન કરતાં જ એમની જ્ઞાનપ્રતિભાની ખાતરી થાય છે. વેદાન્ત જેવા ગહન વિષયનાં, અને ઉત્તમ અધિકારીને ધ્યાનમગ્ન અને વિચારમગ્ન થવાનાં જે અનુભવપૂર્ણ સાધન બતાવે છે, એ એવાં તો સચોટ છે કે સાધક જો શ્રદ્ધા અને કાળજીપૂર્વક એનો અમલ કરે, તો અવશ્ય શ્રી મુકુન્દરાજનો અક્ષરદેહ સાધકના ઉપર આશીર્વાદની વૃષ્ટિ કરે.

એક છેલ્લી મહત્ત્વની વાતનો ઉલ્લેખ કરી આપણે હવે આ સંક્ષિપ્ત જીવનકથા સમેટી લઇએ. પરમામૃત ગ્રન્થના છેવટના ચૌદમા પ્રકરણમાં, ગુરુભક્તિ કરવાથી, ગ્રન્થની વિદ્યાને ગુપ્ત રાખવાથી અને ગુરુસેવા દ્વારાજ આ આત્મજ્ઞાન પ્રાપ્ત થઇ શકે છે એમ ભાર મૂકીને એ કહે છે. વાત અક્ષરશઃ સાચી છે. બ્રહ્મવિદ્યા કેવળ પુસ્તકોના પઠનપાઠનથી મળતી નથી; મુકુન્દરાજ એને 'ગુરુબીજ કથન' એટલે સદ્‌ગુરુનું રહસ્યજ્ઞાન કહે છે. સંપ્રદાયશુદ્ધિ વિના ચિત્તશુદ્ધિ થતી નથી; ચિત્તશુધ્ધિ વિના બ્રહ્મજ્ઞાનનાં કિરણો અંતઃકરણમાં પ્રકટતાં નથી; મેઘાચ્છન્ન પ્રકાશમાં જેમ સૂર્ય કે ચંદ્રનો પૂર્ણ પ્રકાશ પડતો નથી, તેમ રાજસતામસ અંતઃકરણમાં આત્મજ્ઞાનનો સૂર્ય પોતાનો પ્રકાશ ફેંકી શકતો નથી. શ્રી સદ્‌ગુરુની કૃપા મેળવવા એમની નિર્ભયભાવે સેવા, એમની મૂર્તિમાં ઇશ્વરની ભાવના, સગુણ બ્રહ્મનું એ સાક્ષાત્ સ્વરૂપ છે એમ માની એમના વિના બીજા બધા ચિંત્વનથી વિરકિત, અને એમનું બ્રહ્મભાવે ચિંત્વન કરતાં, એમની બ્રાહ્મી મૂર્તિની શિષ્યના વિશુદ્ધ સ્ફટિકમય હૃદયમાં પ્રાણપ્રતિષ્ઠા થતાં જ, શિષ્યના ભવસંતાપ શમે છે, જીવશિવના ભેદભાવનો અંત આવે છે; અજ્ઞાનનું આવરણ દૂર થાય છે, અને અખંડ આત્માનુભવની સદોદિત જ્ઞાનજ્વાલા શિષ્યના અંતઃકરણમાં એવી તો પ્રોજજ્વલ રહે છે કે એના ભવોભવના અંધકાર નિત્યને માટે નહિવત્ થાય છે.

આવું એમનું અદ્‌ભુત ચરિત્ર, અને અલૌકિક ગ્રન્થજ્ઞાન છે. છેવટે એ મહાપુરુષના જીવનવૃત્તાંત, અને એમના પ્રાસાદિક ગ્રન્થ પરમામૃતના શ્રવણ, મનન અને નિદિધ્યાસન દ્વારા સહૃદયી જિજ્ઞાસુઓને આત્મલાભ થાય એવી શ્રી સદ્‌ગુરુને પ્રાર્થના કરીને વિરમીએ છીએ.

# પરમામૃત

## પ્રકરણ પહેલું

### મંગલાચરણ

હે સદ્‌ગુરુનાથ! આપને નમસ્કાર! સૌથી શ્રેષ્ઠ એવી મોક્ષપ્રાપ્તિના આપ દાતાર છો; આપ કૃપાના સાગર છો; તેમ જ અનંત અને અપાર છો. (૧) આપ આનંદમય છો; સ્વયંપ્રકાશ છો; કૈવલ્ય આપનાર પરમેશ્વર છો; સ્વરૂપે અવિનાશી અને નિરાકાર છો. (૨) આપ નિઃસંગ અને નિરંજન એટલે અજ્ઞાનાંધકાર રહિત છો; અંતરાય રહિત અને અભિન્ન છો, આપના સમાન કોઇ દેવદેવતા નથી. (૩) આપ જ્યારે કૃપા કરો છો ત્યારે સંસારબંધન છૂટે છે, અવિદ્યામાંથી છોડાવો છો અને જીવોને તારી લ્યો છો. (૪) દેવ અને અસુરો જે ન કરી શકે તે હે દાતાર! આપ કરી શકો છો; આપના વિના હું કોઈ બીજામાં એ શકિત જોતો નથી. (૫) આપના વિના બીજા કોને હું નમસ્કાર કરું? કોનું સ્તવન કરું? જય! જય! હે સદ્‌ગુરો! આપનો મહિમા અગાધ છે. (૬) જેમ આખા વસ્ત્રમાં એક જ તંતુ વ્યાપેલો હોય છે, તેમ આપ સમસ્ત વિશ્વમાં ભરેલા છો; અને સર્વવ્યાપક હોવા છતાં પણ આપ એનાથી રહિત છો; આપ ખરેખર અલિપ્ત છો. (૭) આપ આપના

( માયાના ) વ્યાપકપણાવડે આ અનેક સગુણરૂપ ધરો છો; આપ જ શિવ અને શકિતનાં સાકાર રૂપ ધરીને દર્શન આપો છો. (૮) આપના વિના બીજું કોઇ મારી દૃષ્ટિએ પડતું નથી, તેથી મન બીજા કોઇને માનતું જ નથી; ખરેખર, આ મસ્તક આપના ચરણમાં જ મેં તો મૂક્યું છે. (૯) આપ વિશુધ્ધ આત્મા, સ્વયં-પ્રકાશ છો, આપનો જ જ્ઞાનપ્રકાશ સર્વત્ર પડેલો છે. આનંદસ્વરૂપ, ગુરુમૂર્તિ ! આપને નમસ્કાર ! (૧૦) આપ જ બ્રહ્મા બનીને ઉત્પત્તિ કરો છો; વિષ્ણુરૂપે રક્ષા કરો છો; અને વળી પાછી સૃષ્ટિની રચના માટે આપ જ રુદ્રરૂપે સંહાર કરો છો. (૧૧) આપ બધાના સાક્ષી છો, સર્વજ્ઞ છો, બધી વિદ્યાના જાણકાર છો; જ્ઞાની છો; तत् પદનો અર્થ સર્વજ્ઞ ( ઇશ્વર ) અને त्वम् પદનો અર્થ (જીવ) પણ આપ જ છો; આપ હે ગુરો ! સર્વેશ્વર છો. (૧૨) આપને સ્વરૂપનું જ્ઞાન છે તેથી આપ જ્ઞાન સ્ફુરાવો છો; અને આ જાણવાના ઉપાધિને લીધે જ આપ આપને પરમાત્મા કહેવરાવો છો. (૧૩) આ ચરાચરનો વિસ્તાર આપની ઇચ્છાનો જ વિસ્તાર છે. આપ જ અસંખ્ય જીવઅંશરૂપે સ્ફુર્યા છો, (૧૪) બધા જીવોની જ્ઞાનકળા, જગતનું સમસ્તજ્ઞાન, અને એ त्वम् પદરૂપ જીવના પ્રિય જ્ઞાનાત્મારૂપે આપ જ છો. (૧૫) માયા અને અવિદ્યાના સંબંધને લીધે ઇશ્વર અને જીવ એવા જે ભેદ થાય છે, તે આપના વિનોદમાત્ર માટે કેવળ (ખેલ) લીલા જ છે (૧૬) આપ સદોદિત આત્માનંદ છો; तत् પદના લક્ષ્યરૂપનો असि પદની સાથે એટલે કે તે-તું-છે-એવી એકતાને લીધે અભેદ હોવાથી આપ અલિપ્ત છો; વળી तत् અને त्वम् પદથી પણ પર, એટલે કે તે–તું એવા વાચ્યાર્થથી પર, કેવળ લક્ષ્યાર્થ હોઇને આપ સ્વયંપૂર્ણ અને કૈવલ્ય છો. (૧૭) આપની આવી રીતે સ્તુતિ કરતાં કરતાં વેદ અને શ્રુતિ મૂંગાં બન્યાં, ત્યાં મારી પ્રાકૃતની આપનું વર્ણન કરી શકવાની યોગ્યતા કેટલી ? (૧૮) આપ પ્રેમથી

ભરેલા પરમ પુરુષ છો; ચારે પ્રકારની વાચા ( પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી )ના ઈશ્વર છો; તેથી હે દેવ ! મારી બુદ્ધિમાં પ્રકાશ પાડજો કે જેથી આપનું જ્ઞાન થાય. (૧૯) આપ કૃપાસિંધુ જયારે વરદાન આપો છો, ત્યારે જ જીવોનું અજ્ઞાન ફેડાય છે; અને પછી અવ્યક્ત રહેલું શિવત્વ આપ સિધ્ધરૂપે પ્રકટાવો છો. (૨૦) એટલા માટે હું શરણાગત થઇને આપને વિનવું છું કે આપ જ્ઞાનસૂર્ય રૂપે હૃદયમાં ઊગી નીકળો, એટલે હે સ્વામી ! ( અવિદ્યા-રૂપ ) અંધકાર ક્ષણમાત્રમાં દૂર થાય. (૨૧) આટલું સાંભળતાં તો શ્રી સદ્‌ગુરુ પ્રસન્ન થયા અને મારા મુખે પરમાર્થનું વર્ણન કરાવે છે; સમસ્ત શાસ્ત્રોનું મંથન કરીને જે સાર હશે તે જ હું બોલીશ અને એ સાર જ મોક્ષ છે.

# પ્રકરણ બીજું

## અન્યમત ખંડન

જેને જાણી લીધા પછી જ બીજું બધું ( સાધન ) કરવાનું છે, જેનો સદા અભ્યાસ કરવાનો છે, જેમાં ચિત્તને પાછા ફરીને–નિમગ્ન બનીને પડયા રહેવાનું છે, (૧) આવા જે અધ્યાત્મજ્ઞાનમાં યોગીજન નિરંતર રમ્યા કરે છે, તેનાં સાધન હું હવે પ્રકટ કરું છું. (૨) સમુદ્રમંથનમાંથી જેમ અમૃત, અને દહીં વલોવીને જેમ માખણ કહાડે તેમ હું બધાં શાસ્ત્રોને તપાસીને સાર માત્ર કહી સંભાળવું છું. (૩) આ ( સાધન ) ઉપરાંત બીજું કશું કરવાનું નથી; અનેક પ્રકારના બીજા અભ્યાસ કે બીજાં સંકલ્પવિકલ્પાત્મક સાધનો છોડી દેજે.

(૪) જ્યાં સુધી મહાવાક્યનું વિવરણ ચિત્તમાં અનુભવ્યું નથી, ત્યાં સુધી સંકલ્પવિકલ્પાત્મક મતો અને જુદાં જુદાં દર્શનો બધું કષ્ટદાયક છે. (૫) જે નિરૂપાધિક સ્વરૂપ-પોતે પોતાની મેળે અનુભવ્યું નથી, ત્યાં સુધી જે જે કષ્ટ પડે છે, તેનું કોણ માપ કહાડે ? (૬) વ્રત, તપ અને નિયમોની ભાંજગડમાં ગુંથાઇ રહેલો બિચારો જીવ જે સંશયની જાળમાં ફસાયેલો છે, તે સંસારસાગરની પેલી પાર કેવી રીતે પહોંચી શકે ? (૭) પૂજા, સ્નાન, તીર્થભ્રમણ, દાન, મંત્ર, યંત્ર, યાગ, હવન એ જેટલા પ્રમાણમાં કરો તેટલું સ્વર્ગ કે પરલોક આદિનું જ ફળ ભોગવવાનું મળે છે. (૮) જપ, તપ અને અનેક પ્રકારનાં અનુષ્ઠાન કે એવાં જે સાધનો છે, એનાથી આત્મજ્ઞાન મેળવ્યા સિવાય મોક્ષ કદી પણ મળતો નથી. (૯) જ્યાં સુધી જીવ અને ઈશ્વરની ઉપાધિનો ભેદ દૂર થઇને—એકતા થઇને એકતારૂપી સિદ્ધિ (અનુભવ) ન થાય; શબલ (સગુણ) બ્રહ્મમાં વિરોધી લાગતા ભેદ છોડીને જ્યાં સુધી શુદ્ધ સ્વરૂપનો પ્રકાશ ન પડે, (૧૦) त्वम् પદ અને तत् પદ જે લક્ષ્ય (શુદ્ધ બ્રહ્મ) તેમાં શબલ (માયાવાળું બ્રહ્મ—ત્રિગુણાત્મક વિશ્વમાં વિહાર કરનાર ઇશ્વર અને જીવ) છે, પરોક્ષ ભાગ (વાચ્યાર્થ)નો ત્યાગ કરીને જે શુધ્ધ છે તેનો અપરોક્ષ અનુભવ ન થાય, ત્યાં સુધી મોક્ષ કેવો ? (૧૧) જ્યાં સુધી તે (ઈશ્વર) એક જુદો છે અને હું એક જુદો છું એ કલંક તૂટતું નથી, જ્યાં સુધી સમ્યક જ્ઞાનનો પ્રકાશ પડતો નથી, ત્યાં સુધી પરમપ્રાપ્તિ થતી નથી. (૧૨) જ્યાં સુધી ત્રિપદ तत्वमसि—મહાવાક્યના तत् त्वम् અને असि એ ત્રણ પદ)નું શોધન ન કર્યું હોય (રહસ્ય ન જાણ્યું હોય), ત્યાં સુધી ૐકારના અકાર, ઉકાર, મકાર, અને અર્ધમાત્રા બિંદુની પારનું સ્થાન મળતું નથી, ક્ષર (નાશવાન) અને અક્ષર (અવિનાશી)નો નીવેડો આવતો નથી અને તૃતીયપુરુષ (પુરષોત્તમ) બ્રહ્મનું સમરસ-પણું આવતું નથી. (૧૩) સત્ ચિત્ આનંદનું વિવરણ, તેમ જ

કાર્યકારણની સમજણ ન પડે, અને શુધ્ધ આત્મજ્ઞાન ન પમાય, ત્યાં સુધી મોક્ષ કેવો ? (૧૪) શ્રી સદ્‌ગુરુના મુખથી કરેલું વેદાન્તશ્રવણ, એનું મનન, અને એના ઉપર જ્યાં સુધી નિદિધ્યાસન ન કર્યું હોય ત્યાં સુધી મોક્ષ કેવો ?! (૧૫) વેદાન્તનો સિદ્ધાન્ત છોડી દઇને જે કોઇ બીજા પાખંડ મતનું પ્રતિપાદન કરે છે તેની વાત ન સાંભળતાં મહાવાક્યના અર્થનો અનુભવ કરવો. (૧૬) વેદોના પૂર્વ ભાગમાં સૃષ્ટિનો ક્રમ વર્ણવ્યો છે અને એ પ્રમાણે જે ધર્મો વર્ણવ્યા છે, (પરમાર્થી સાધકે)તે બધા છોડીને વેદના અંત ભાગ (ઉપનિષદ્-નું એટલે વેદાન્તનું રહસ્ય ગુરુમુખથી જાણી લેવું. (૧૭) વેદાન્તને જ્યાં કશું વધારે બોલવાનું રહેતું નથી, તેમ જ સિદ્ધાન્તી પણ જાણીને ન જાણ્યા જેવો થઈ રહે છે, એ બન્નેનો જ્યાં મેળ થાય છે તે કૈવલ્યપદ મેળવી લેવું. (૧૮) જીવ અને ઈશ્વરનો જ્યાં મેળાપ (એકતા) થાય છે, એ જ નિર્વાણરૂપી પરમપદની પ્રાપ્તિ કહેવાય છે અને ત્યાં દ્વૈતબુધ્ધિની અડચણ દૂર થાય છે.

★

# પ્રકરણ ત્રીજું

## મહાવાક્યવિવરણ

સર્વસાક્ષી અને સર્વેશ્વર જ્યારે આદિશક્તિનો અંગીકાર કરીને સૃષ્ટિ, સ્થિતિ, અને સંહાર કરે છે ત્યારે તે શબલ (માયોપાધિક બ્રહ્મ) કહેવાય છે, (૧) સ્થૂલ દૃષ્ટિથી જે ઓળખાય છે ( જે પદાર્થનું જ્ઞાન થાય છે ) તે બધાંને છોડી દેવાં અને પછી દૃષ્ટાપણા તરીકે જે એક અદૃશ્ય બાકી રહે છે, તે જ શુધ્ધ પરમાત્મા છે એમ જાણવું. (૨) એ સર્વજ્ઞ અને સર્વેશ્વર છે એવો બધાં શાસ્ત્રોનો

નિર્ણય છે; એને જ્ઞાનમાત્ર અને પરાત્પર જાણવાનો છે. (૩) અનંત શક્તિનો એ દ્રષ્ટા છે; સ્થાન કે માપ વગરની એની પ્રતિષ્ઠા છે, જે બધે અપરિમિત ઘન (નક્કર) ભરેલો છે, તેનો પાર કોઇ પામી શકે એમ નથી. (૪) તેને જ શુધ્ધ જાણવો અને જે અશુદ્ધ તથા શબલ-પણું છે, તેનો નિરાસ કરવો. એ જ જ્ઞાનઘન, આનંદ અને સિધ્ધ પરમેશ્વર છે. (૫) બ્રહ્માંડ, હિરણ્યગર્ભ (બ્રહ્મા), માયા અને ત્રણ દેહથી જે વેગળો છે અને મહામાયા મૂલ પ્રકૃતિથી જે વિલક્ષણ (વિરુધ્ધ લક્ષણવાળો) છે, (૬) ઉત્પત્તિ, સ્થિતિ, અને સંહાર, તેમ જ સાક્ષીપણે જે બધા વ્યવહાર થાય છે, તે બધી અવસ્થાઓમાં જે પોતે પોતારૂપે અપાર રહેલો છે, (૭) બ્રહ્મા, વિષ્ણુ, રુદ્ર અને ચોથો આ સર્વેશ્વર એનાથી પણ જે વેગળો છે તે અપરંપાર શુધ્ધ બ્રહ્મ છે. (૮) આવી રીતે જોતાં જીવ અવિદ્યાથી રહિત અને કામ્યકર્માતીત બને છે એમ જાણવું. (૯) સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને ચોથો મહાકારણ દેહ; જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને ચોથી તુરીયા; (૧૦) વિશ્વ, તૈજસ્, પ્રાજ્ઞ, અને પ્રત્યગાત્મા સર્વજ્ઞ, આ બધી અભિમાનીઓની સંજ્ઞા શબલ એટલે त्वम् પદના અર્થમાં વપરાય છે. (૧૧) જ્યારે જીવત્વનો નિરાસ થાય છે, ત્યારે આ બધાનો દ્રષ્ટા જ્ઞાનઘન પ્રકટ થાય છે અને શુધ્ધ (બ્રહ્મ)ની પ્રતિષ્ઠા થાય છે. (૧૨) શબલ (બ્રહ્મ)નો વાચ્ય (બોલતાંવેંત જ સમજાય તેવો) પક્ષ છે અને શુધ્ધ (બ્રહ્મ)નો લક્ષ્ય પક્ષ છે. આ લક્ષ્યની એકતા જ્યારે સમજાય છે, ત્યારે સિધ્ધિ (મોક્ષ)નો લાભ થાય છે. * (૧૩) નેત્ર બે છે, પણ દૃષ્ટિ એક છે;

---

* વાચ્યાર્થને 'શબલ' અને લક્ષ્યાર્થને 'શુદ્ધ' બ્રહ્મ કહે છે. બોલતાં વેંત જ જે અર્થ સમજાય તે વાચ્યાર્થ, અને વિચાર કરીને વાકય કે શબ્દના અર્થનો અમુક ભાગ કૂહાડી નાંખતાં જે સમજાય તે લક્ષ્યાર્થ છે. त्वम्-તુંનો વાચ્યાર્થ 'જીવ' છે; तत्નો વાચ્યાર્થ ઇશ્વર છે; तत्त्वमसि, તે તું છે= એ મહાવાકયનો વાચ્યાર્થ જ લઈએ, તો 'તુ'' (જીવ) ઈશ્વર છે, એવો

કાન બે છે પણ સાંભળવાનું કામ એક જ બને છે; અને હોઠ બે હોવા છતાં પણ શબ્દ એક જ બોલાય છે. (૧૪) તેવી જ રીતે त्वम् પદનો વાચ્યાર્થ જીવ અને तत् પદનો વાચ્યાર્થ ઇશ્વર, એ બન્નેનું વિવરણ કરતાં એનો ભેદ દૂર થાય છે અને શુધ્ધ બ્રહ્મની પ્રાપ્તિ થાય છે, ત્યાં દ્વૈતની કલ્પના પછી કોણ કરે ? (૧૫) મહદાકાશ જેમ અખંડ અને પૂર્ણ છે, છતાં ઘટ (ઘડા) અને મઠ (મકાન)માં પુરાયેલું આકાશ જુદું જુદું લાગે છે તેથી એને ઘટાકાશ અને મઠાકાશ એમ કહેવાય છે; (૧૬) પણ એ ઘટ અને મઠ બન્ને ભાગી પડે, ત્યારે એમાંનું આકાશ તત્ત્વતઃ (મહદાકાશમાં) એક થઈ જાય છે, તેમ જીવ અને ઇશ્વરના ઉપાધિનો ભંગ થતાં સ્વસ્વરૂપ એક જ રહે છે. (૧૭) માયા અને અવિદ્યાનો નાશ થતાં ઇશ્વર અને જીવનું ઐકય થાય છે, આમ મનમાં ઠીક સમજીને સુખી થા. (૧૮) માયા અને અવિદ્યાવડે જોતાં બન્નેમાં (ઇશ્વર અને જીવમાં) વિરોધ દેખાય છે, એટલા માટે (માયાવાળા) શબલ (બ્રહ્મ)નો ત્યાગ કરતાં શુધ્ધ, અખંડ, એકરસ, બ્રહ્મ જ બાકી રહે છે. (૧૯) આવી રીતે મહાવાકયના વિવરણથી અને तत् પદ અને त्वम् પદના શોધનથી असिમાં ઐકયસિદ્ધિ કરી લેવી. (૨૦) ખરેખર ! આવી અભેદ દષ્ટિ વિના જ બધા ભેદમત રહે છે; એ ખંડજ્ઞાન બધો માયિક વ્યવહાર કહેવાય છે.

---

અર્થ થાય છે; પણ જીવ અલ્પજ્ઞ અને અલ્પશકિતમાન તથા ઈશ્વર સર્વજ્ઞ અને સર્વશકિતમાન હોવાથી, એ બન્નેનો શબલ અર્થ લેવા જતાં મહાવાકયનો અર્થ બંધ બેસતો નથી. તેથી બન્નેનો લક્ષ્યાર્થ લેવાનો છે; લક્ષ્યાર્થ ત્યારે જ બંધ બેસે છે કે જ્યારે જીવની અલ્પજ્ઞતાની અને ઇશ્વરની સર્વજ્ઞતાનો ઉપાધિ કાઢી નાખીને બન્નેના વિશુદ્ધ સ્વરૂપની સમજણ પડતાં, કેવલ શુદ્ધ બ્રહ્મ જ સાંભળનારના લક્ષ્યમાં આવે. એ જે શુદ્ધ સ્વરૂપની એકતા લક્ષ્યમાં આવે તે લક્ષ્યાર્થ, અને સાંભળતાં વેંત જ જીવ અને ઇશ્વરનાં ભેદવાળાં સ્વરૂપ મનમાં આવે તે શબલ, અશુધ્ધ, અને માયાવાળા બ્રહ્મનો વાચ્યાર્થ છે.

# પ્રકરણ ચોથું

## સ્થૂલદેહનિરસન

હવે અદ્વૈતને ઓળખીને ધ્યાન કરવાનું છે; એમાં દ્વૈત દષ્ટિ કરીને ધ્યાન કરવું અને પછી (જાણીને) એ જયાંનું ત્યાં મૂકી દેવાનું છે. (૧) આ ઊલટી દષ્ટિથી (અંતર્મુખ થઇને) જોવાનું છે; અને દષ્ટિ (નેત્ર) ને દ્રષ્ટાની ભણી વાળતાં જે સાક્ષિભૂત પોતાનું મૂળ સ્વરૂપ છે એ જાણવાનું છે. (૨) એનાથી પર (આગળ) જોવા જતાં, પછી કશું જોવાનું બાકી હોતું નથી. ત્યાં કેવલ એક અખંડ સભર સત્તામાં પડવાનું છે. (૩) જેમાં માયા કે અવિદ્યા નથી, જે અપરિમિત અને સ્વસંવેદ્ય છે, તે બ્રહ્મજ્ઞાન હવે કહું છું; સાવધાન થઈને સાંભળ. (૪) જે ઘનાનંદ સુખનો રાશિ (ભંડાર) છે, તે પ્રકાશમાં પ્રવેશ કરીને સદાને માટે આવાગમનના ફેરા કહાડી નાંખવાના છે. (૫) જેનાથી નિત્ય તૃપ્તિ થાય, તે કેવી રીતે સાધી લેવું એની નિશ્ચયાત્મક યુક્તિ એકાગ્રતાથી સાંભળ. (૬) પણ તે પહેલાં આત્મસ્વરૂપના પરિજ્ઞાન (ઓળખાણ)નાં સાધન કહું છું, જે જાણ્યા વગર તું કોનું ધ્યાન ધરીશ? (૭) એટલા માટે પહેલાં આત્માની સમજણ મેળવવી; પછી એનું સાધન કરવું, એ વિના કેવલ એનો અનુભવ કેવી રીતે મેળવાય? (૮) જે યુકિતથી તે એક છે એવી બુદ્ધિ થાય છે તે સાંભળ, "હું છું" એવું તો તું નિઃશંક જાણે છે, ના? (૯) "હું છું" એટલું માત્ર જાણે છે, પણ "હું કોણ છું?" એ તું જાણતો નથી. ત્યારે તું તને પોતાને શા માટે જાણતો નથી? ભલા! (૧૦) તું કોણ? કયાંથી આવ્યો? કયાં જવાનો છે? અનેક વખત આવ્યો અને ગયો, છતાં એનો વિચાર પણ તારે પલ્લે પડચો કે હું પોતાને જાણી લઉં? (૧૧) તું દેહ છે

કે દેહનો તું ? તું કોણ છે ? દેહ તને જાણે છે કે તું દેહને જાણે છે, એનો વિચાર કરી જોતાં તને સમજાશે કે તું પોતે દ્રષ્ટા છે અને આ દેહ તારું દૃશ્ય છે. (૧૨) તું વિચાર કરીને જો એટલે તને જણાશે કે બહાર અને અંદર જે દેહ છે, તેનો તું જ્ઞાતા છે અને તેને તું અલંકારની પેઠે ધારણ કરીને ફેરવે છે. (૧૩) પંચતત્ત્વનું આ ખોળિયું પહેરીને તું બીજાં ભૂતો (દેહધારીઓ)ની વચમાં એને ફેરવ્યા કરે છે; પણ એ દેહનું જ તને કાંઇ જ્ઞાન છે ખરું ? (૧૪) આવી રીતે જે દૃશ્ય ગુણ છે, તેનો નિરાસ કરીને તું તને પોતાને જાણ અને 'હું દેહ છું' એવી ભ્રાન્તિ છે તે છોડી દે. (૧૫) દેહના સમસ્ત અવયવોનો તું એક જ જ્ઞાતા છે; તું જુદો છે અને એ (અવયવો) જુદા છે એવો વિચાર કરીને જરા જોતાં શીખ. (૧૬) વાળ, ચામડી, નાડીઓ, માંસ અને હાડકાં એ પાંચ કઠિન ભાગ પૃથ્વીતત્ત્વના અને તું એનો જ્ઞાતા છે. (૧૭) લાળ, મૂત્ર, લોહી, મજ્જા અને વીર્ય એ પાંચે પ્રવાહી અંશ જળતત્ત્વના છે અને એનો તું દ્રષ્ટા છે. (૧૮) ભૂખ, તરસ, આળસ, નિદ્રા અને મૈથુન આ પાંચ અંશનો વ્યવહાર અગ્નિતત્ત્વને લીધે થાય છે એનો તું જાણનાર છે. (૧૯) ચાલવું, દોડવું, સ્થિર રહેવું, ફેલાવું કે સંકોચ થવો એ પાંચે ચંચળ ગુણ વાયુતત્ત્વના છે એ તો તું જુએ છે જ. (૨૦) કામ, ક્રોધ, શોક, લોભ અને ભય પાંચ ગુણ આકાશતત્ત્વનાં લક્ષણ છે એ તને પ્રત્યક્ષ દેખાય છે. (૨૧) આ પાંચ તત્ત્વોના પચ્ચીસ અંશોને તું જાણે છે, તેથી એ બધાં તારાં દૃશ્ય છે અને એ જ સ્થૂલ દેહ કહેવાય છે. (૨૨) જન્મે છે, પછી રહે છે, વધે છે, બદલાય છે, ઘરડો થાય છે અને મરણ પામે છે—આમ જન્મ, અસ્તિત્વ, વિવર્ધન, પરિણામ, જરા અને મૃત્યુ—એ છ વિકાર સ્થૂલ દેહના છે. (૨૩) એવી જ રીતે એનો રંગ, નામ અને રૂપ પણ તું જાણે છે, તેથી એવા એ વિજાતીય દેહની, તું જે આત્મા છે

તેની સાથે એકતા કેવી રીતે થઇ શકે ? (૨૪) તું તો નિરાકાર આત્મા છે; દેહ આકારવાળો છે એમ તું જાણે છે; લાકડામાં અગ્નિનો સંચાર છે–સર્વત્ર અગ્નિ વ્યાપક છે-છતાં લાકડાં કરતાં અગ્નિ જુદો છે એમ તું જાણે છે. (૨૫) એ જ રીતે આ સ્થૂલ દેહમાં તું–આત્મા–વાળના છેડા સુધી વ્યાપીને ભરપૂર ભર્યો છે, એ તું જો તપાસી જોઈશ તો તરત જ ખબર પડશે. (૨૬) છતાં આ દેહ તને જાણતો નથી; તું એને જાણે છે અને એ જે જાણવાપણું એટલે જ્ઞાન છે તે જ તું પોતે આત્મા છે; પરંતુ તું નથી પુરુષ કે નથી સ્ત્રી. *(૨૭) આત્મા જયારે જાગ્રત હોય છે ત્યારે દેહનો બધો બાહ્ય વ્યવહાર થાય છે અને ઈન્દ્રિયો દ્વારા વિષયોના ભોગ ભોગવાય છે. (૨૮) હું અમુક નામનો કે અમુક રૂપવાળો છું, એ અભિમાન ધારણ કરનાર તો વિશ્વ (જાગ્રત અવસ્થાના કર્તાભોકતા અહંકારનું એ નામ) છે. તું તો એનાથી વિલક્ષણ, એ બધાનો જાણનાર જ્ઞાનમાત્ર આત્મા છે.

★

# પ્રકરણ પાંચમું

## લિંગદેહનિરસન

કાનથી સાંભળવું, ત્વચાથી સ્પર્શ જાણવો અને નેત્રથી જુદાં જુદાં રૂપ જોવાં; એ જ પ્રમાણે (૧) જીભથી તું સ્વાદ લે છે, નાકથી સુગંધ જાણે છે, વાચાથી તું બધા અક્ષરો ઉચ્ચારે છે, (૨) હાથથી

*નામ, રૂપ, વર્ણ, આશ્રમ, પુરુષ, સ્ત્રી, અવસ્થા વગેરે બધા દેહ (સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ)ના ધર્મ છે. સમાધિ કે સુષુપ્તિ (નિદ્રાવસ્થા)માં એ કશા ભેદ રહેતા નથી. કેવલ સ્વપ્ન, અને જાગ્રત અવસ્થા, કે જે દેહ અને અંતઃકરણની છે, એમાં જ એ ભેદ અને ભેદબુદ્ધિનો વ્યવહાર થાય છે, એ બધાંનો દ્રષ્ટા, જ્ઞાતા, સાક્ષી, નિર્લેપ; લિંગભેદ વગરનો આત્મા કેવલ, ચૈતન્ય, સુખ, સત્તાસ્વરૂપ, એક, અખંડ, નિત્ય અને અવિકારી છે.

લેવડદેવડ કરે છે, પગથી હાલેચાલે છે, ગુહ્યેન્દ્રિયથી રતિભોગ ભોગવે છે અને ગુદાદ્વારથી મલત્યાગ કરે છે; (૩) આ ઇંદ્રિયોની ઓથે રહીને તું જ તારું અસ્તિત્વ ઓળખાવે છે ( ઇંદ્રિયોને પ્રકાશ એટલે કે જ્ઞાન આપે છે ). તું તો ઇંદ્રિયોથી વિલક્ષણ–જુદો કેવળ સાક્ષીરૂપ છે. (૪) સાંભળવું, સ્પર્શ કરવો, જોવું, ચાખવું અને સૂંઘવું. આવી ક્રિયા જ્ઞાનેંદ્રિયો કરે છે, અને એના પાંચ વિષય છે. (૫) શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એ જ્ઞાનેન્દ્રિયોના વિષય છે. બોલવું, લેવુંદેવું, ચાલવું. રતિભોગ અને મલત્યાગ એ કર્મેન્દ્રિયોનાં કર્મ છે, અને એ કર્મેન્દ્રિયોને તું જાણે છે. (૬) પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન આ પાંચ વાયુનાં સ્થાનનું તને પોતાને એકલાને જ જ્ઞાન છે. (૭) અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર આ પાંચ ભેદે તું સ્ફુરણા પામે છે અને એને જાણે છે, એવો તું આદિકાલથી સ્વયંભૂ ઊભો છે. (૮) અંતઃકરણની સ્ફુરણા સૂક્ષ્મ હોઇને એમાં વૃત્તિના તરંગો ઊઠયા કરે છે. એનો જાણનારો જે અક્ષર ( અવિનાશી આત્મા ) તે તો સ્વયંસિદ્ધ છે. (૯) પહેલાં વૃત્તિનું સ્ફુરણ થાય છે, પછી એની સમજણ પડે છે, એમ કહેતો નહિ; જ્ઞાન તો પ્રથમથી જ પોતે પોતાની મેળે વિરાજમાન છે. (૧૦) અંતઃકરણની વૃત્તિનું એ સ્ફુરણ થયું તે જ સંકલ્પ-વિકલ્પાત્મક મન, અને નિશ્ચયાત્મક થાય ત્યારે એ ( સ્ફુરણ )જ બુદ્ધિ કહેવાય છે. (૧૧) નિશ્ચય કરીને બુદ્ધિએ જે અર્થ ( વિષય ) પકડચો અને એમાં અનુસંધાન કરનારી જે વૃત્તિ તે ચિત્ત અને એ ચિત્તની ત્યાર પછી જે પ્રવૃત્તિ થાય છે તે અહંકાર. (૧૨) આવી અંતઃકરણની પાંચ પ્રકારે સ્ફુર્તિ થાય છે, તેને સ્વયંપ્રકાશ આત્મા જાણે છે, તેથી સ્વસંવેદ્ય ( પોતે પોતાને જાણનાર ) મૂર્તિ આત્મા તું જ છે. (૧૩) રૂમાંથી જેમ દોરો નીકળે છે, છતાં રૂથી જુદો દેખાય છે, તે જ પ્રમાણે મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર સ્વરૂપમાંથી

નીકળેલાં હોવા છતાં પણ (આત્માથી) જુદાં જણાય છે. (૧૪) દોરાનો વળ ઉકેલાય નહિ ત્યાં સુધી એ દોરો જ છે, પરંતુ વસ્તુતઃ એ રૂ જ છે. વળ ઉકેલાય કે ન ઉકેલાય પણ રૂ કરતાં એ જુદો પદાર્થ નથી. (૧૫) અથવા પાણી ઉપર તરંગ ઊઠે છે, છતાં એ પાણી કરતાં કાંઈ જુદી વસ્તુ નથી, એ તરંગ બેસીને ગળી ગયો કે પાણીમાં પાણીરૂપ થઈ જાય છે. (૧૬) પરંતુ એ તરંગમાં પાણી સિવાય બીજી કોઈ વિજાતીય (સ્વરૂપે જુદી) વસ્તુ નથી, તેવી જ રીતે મન પાછું વળીને આત્મામાં લીન થયું, એટલે મન, મન જ રહેતું નથી (આત્માકાર જ થઈ જાય છે). (૧૭) એ દોરો વળને લીધે અને તરંગ વાયુને લીધે જેમ જુદો દેખાય છે, તેવી જ રીતે આ લિંગદેહ (અંતઃકરણ વગેરે)ના ઊભરાનું કારણ માયા છે. (૧૮) દોરો ઊકલી ગયો અને તરંગ બેસી ગયો, એટલે વળ અને વાયુનો જેમ આપોઆપ લય થાય છે, તેમ આત્મજ્ઞાન થતાં જ (લિંગદેહનું કારણ) માયા મિથ્યા બને છે. (૧૯) તરંગનું પાણી સાથે, તેમ જ દોરાનું રૂ સાથે ઐક્ય થતાં જેમ દ્વૈતનો ભાસ નીકળી જાય છે (અને રૂ તથા પાણી એક જ વસ્તુ રહે છે), તેમ મન સ્વરૂપમાં (પાછું વળીને) સમરસ થતાં જ અજ્ઞાન (માયા, દ્વૈતભ્રમ ઈત્યાદિ) નાશ પામે છે. (૨૦) તાત્પર્ય એ કે આ સ્ફુર્તિકલ્પનાવાળું અંતઃકરણ લિંગદેહ કહેવાય છે, એ જ સ્વપ્નાવસ્થા છે અને વાસનામય છે. (૨૧) ઈન્દ્રિયોરૂપી દ્વારોમાંથી મન જે પ્રવૃત્તિ કરે છે, તે જ અંતઃકરણમાં વાસનારૂપે વ્યાપી રહેલ હોય છે અને તે વખતે સાંભળેલા કે જોયેલા વિષયોના આભાસ રૂપે સ્વપ્નાવસ્થાની માંડણી થાય છે. (૨૨) આ દૃશ્ય જોનાર અભિમાનીનું નામ તૈજસ છે અને આવી રીતે અંતઃકરણમાં ચિદાભાસ (જીવાત્મા) વ્યાપીને રહે છે. (૨૩) સૂર્યકાન્તમણિ (આગીઆ કાચ)માં (સૂર્યને લીધે) અગ્નિ પ્રદીપ્ત થાય

છે તે શું સૂર્ય જ નથી? એવી જ રીતે અંતઃકરણમાં જે બિંબ પડે છે, તે જ સ્વયંપ્રકાશ આત્મા છે. (૨૪) આમાં મૂળે જ જો તારામાં જાણવાપણું (જ્ઞાનશક્તિ) ન હોત, તો અંતઃકરણ વગેરેમાં કશું સ્ફુરણ જ ન થાત. એટલા માટે ચિદાભાસ વડે જ આ બધાનો આભાસ જણાય છે એમ સમજજે. (૨૫) આમાં તારી આ એક જ્ઞાનશક્તિ જો ખંડિત થાય (હણાઇ જાય), તો આગળ પછી કશું સમજાશે જ નહિ. એ સ્થિતિમાં તું એક જ તારા પોતાના અખંડસ્વરૂપે જ બાકી રહીશ. (૨૬) તું જ (આત્મા-રૂપે) સ્ફુરણ પામે છે, બોલે છે, સાંભળે છે અને અંતઃકરણનો મર્મ જાણે છે; એ તું જ તને જુએ છે એવો વિચાર કરીને જોઈ લે. (૨૭) જેના પ્રકાશ વડે અંતઃકરણ પ્રકાશે છે (જે જ્ઞાનથી અંતઃકરણમાં જ્ઞાન થાય છે) અને જે આત્મતેજ સ્ફુરે છે તે જ તું પોતે છે એમ જાણ. (૨૮) આમાં જે જાણવાપણું છે, એ જ્યારે ઉલ્લાસવા માંડે છે—ખેલ કરવા માંડે છે, ત્યારે (વસ્તુતઃ) અણછતાં (અસત્) દૃશ્ય દેખાવા માંડે છે, અને જ્યાં જાણવા-પણાનો નિરાસ કર્યો કે આત્માનો લાભ થાય છે. (૨૯) એ જ્ઞાનશક્તિ—જાણવાપણું જાગ્રત થતાં તેની સમક્ષ જેનો આભાસ થાય છે, એનો દૃશ્ય માનીને ત્યાગ કરતાં જે બાકી રહે તે જ આત્મા છે. (૩૦) એ જ્ઞાનને જે જે ભાસમાન થાય છે, તે બધું જ્યારે નહિવત્ થાય છે—તેનો નિરાસ થાય છે, ત્યારે જ્ઞાન એકલું જ રહીને પોતે પોતાને જુએ છે—અનુભવે છે. (૩૧) દીવો જે પ્રમાણે પોતાના પ્રકાશથી પોતાને જ પ્રકાશે છે, તે રીતે એ જ્ઞાન આત્માનો પ્રકાશ (પ્રભા) છે અને એ આત્મા પોતે પોતાને જ આધારે ઊભો છે. (૩૨) જે કાંઇ દૃશ્ય છે તે મૃગજળની પેઠે આભાસમાત્ર છે, એનું નિરસન કરીને હે ભાઈ, તું કોણ અને કેવો છે તે જો. (૩૩)

# પ્રકરણ છઠ્ઠું

## કારણદેહનિરસન

'મને કાંઇ સમજાતું નથી' એમ જે તું જાણે છે એ જ અજ્ઞાન છે: પણ એ બધો મિથ્યા ભ્રાન્તિનો ભાવ છે. કેવી રીતે? જેવા આકારના અવયવ હોય છે તેવી જ તેની છાયા હોય છે તેવી રીતે. (૧) પોતાને જાણનારો પોતે :તો સદા સર્વથા હોય છે જ. એમ ન હોય તો 'હું જાણતો નથી' એમ ન જાણવાની અવસ્થાનું જ્ઞાન કોને થાય છે એમ કહેવું? (૨) ખરી રીતે જોતાં જેનો એ પોતે જ જાણનાર છે, તેમાં 'નથી જાણતો' એ અજ્ઞાનની જ આડખીલી છે; છતાં પણ આ 'ન જાણવા'નું જાણવાપણું-અજ્ઞાનનું જ્ઞાન છે, એમ કોણ કહે છે? (૩) 'મને નથી સમજાતું' એમ જે આપણને સમજાય છે (જ્ઞાન થાય છે), તે આપણા અજ્ઞાનને નહિ પણ જ્ઞાનને જ જ્ઞાન થાય છે; એટલા માટે અજ્ઞાનનું જ્ઞાન જેને થાય છે, તેને જ આત્મા તરીકે ઓળખી લે. (૪) તું પોતાને ઓળખીને (જ્ઞાનસ્વરૂપ રહીને) જ ન જાણવાનો (અજ્ઞાનનો) ભાવ ધારણ કરે છે, તેથી જ આ બધી ગડબડ વધી પડી છે. (૫) "હું મને ઓળખતો-જાણતો નથી"-(હું અજ્ઞાની છું) એ અજ્ઞાન જે ભાવ (જ્ઞાન)થી સમજાય છે તે જ્ઞાન છે. એટલે કે "ન જાણવાપણું" -અજ્ઞાન તો કેવલ મિથ્યા ભ્રાન્તિ જ છે. (૬) એ અજ્ઞાનનું જ્ઞાન થયું એટલે એ અજ્ઞાન તરત જ મિથ્યા ઠરે છે; અને આત્માની પ્રભા (જ્ઞાન-પ્રકાશ-ચૈતન્ય) જ કેવળ બાકી-શેષ રહે છે. (૭) 'હું મને નથી જાણતો' એ તું જ તને જાણે છે એમ થયું, તો પછી વિના કારણ શા માટે અજ્ઞાનમાં અટવાઇ ફાંફાં મારે છે?

(૮) તું તો સ્વયંપ્રકાશ આત્મા છે; એમાં આ અજ્ઞાન- 'નથી જાણતો' એ મિથ્યા ભાસ માત્ર છે; એ મિથ્યા અજ્ઞાનનો નિરાસ કરતાં તું સ્વતઃસિદ્ધ અવિનાશી આત્મા જ રહે છે. (૯) આ બધા (દૃશ્ય જગત)-ને જે જાણે છે, એ પોતે પોતાને—આત્માને નથી જાણતો એમ કેમ બને? આ અજ્ઞાનનું જ્ઞાન તો સંભવી શકે એવું જ નથી. (૧૦) આ અજ્ઞાન જ કારણદેહ છે; સ્થૂલ અને સૂક્ષ્મ દેહ એનાં કાર્ય છે (એમાંથી જ આવિર્ભાવ પામ્યાં છે). આ અજ્ઞાનનું કારણ જે સુષુપ્તિ છે, તેનાં લક્ષણ હવે તું સાંભળ. (૧૧) મન ઇંદ્રિયરૂપી દ્વારવડે બાહ્ય વિષયનો વ્યવહાર કરે છે, ત્યારે એ જાગ્રત અવસ્થા કહેવાય છે. (૧૨) એ (જાગ્રત અવસ્થા)નો આભાસ ગ્રહણ કરીને મન જુદા જુદા પ્રકારની જે સૂક્ષ્મ કલ્પનાઓ કરે છે, એ સ્વપ્ન અવસ્થા કહેવાય છે. (૧૩) પણ જ્યારે એ બન્ને (જાગ્રત અને સ્વપ્ન)માં જે એક જ જ્ઞાનશક્તિ છે, અને જ્યારે એનો નિઃશેષ લોપ થઇ જાય છે—જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેયની ત્રિપુટિ શાંત પડી જાય છે—ત્યારે સુષુપ્તિ અવસ્થા કહેવાય છે; એ જ ગાઢ અજ્ઞાન છે. (૧૪) વાસ્તવિક રીતે તો એ જે અજ્ઞાન છે, તે જ (જાગ્રત અને સ્વપ્નમાં) જ્ઞાન બને છે; પરંતુ અજ્ઞાનને લીધે વિપરીત ભાવ ધારણ થાય છે, તેથી પોતે પોતાને (આત્મસ્વરૂપને) ભૂલી જાય છે. (૧૫) પોતે પોતાને ભુલી જાય છે, ત્યારે જ એ અજ્ઞાન પ્રપંચના આભાસની કલ્પના કરવા માંડે છે અને સુષુપ્તિ અવસ્થામાં "હું જીવ" એવી ભૂલ પડે છે. (૧૬) જેવી રીતે સુવર્ણને ભઠ્ઠીમાં નાંખવાથી મેલ બળી જઇને શુદ્ધ સુવર્ણ રહે છે, તેવી જ રીતે આ અજ્ઞાન-ન જાણવાપણું જ્યારે દૂર થાય છે, ત્યારે સ્વયંભૂ સ્વરૂપ આત્મા જ (વિશુધ્ધ સ્વરૂપે) પ્રકટે છે—પ્રતીત થાય છે. (૧૭) આ અજ્ઞાનમાંથી ઉત્પન્ન થનારું અભિમાન જે ધારણ કરે છે, તે 'પ્રાજ્ઞ' (સુષુપ્તિ અવસ્થાનો અભિમાની) કહેવાય છે; આ બધું કારણદેહની વ્યવસ્થાનું વર્ણન થયું.

# પ્રકરણ સાતમું

## મહાકારણદેહનિરસન

જાણવાપણું અર્થાત્ જ્ઞાનશક્તિની સમક્ષ જેટલા દૃશ્ય આકાર દેખાય છે, તેનો નિરાસ કરીને કેવળ જ્ઞાનસ્વરૂપ તું જ બાકી રહે. (૧) "ન જાણવાપણા"ના–"ન જાણવાના" ભાવનો, એટલે અજ્ઞાનીપણાના અજ્ઞાનનો જાણનાર તું સ્વયં પોતે જ છે. (૨) પોતે પોતાને જાણી લીધા પછી ન જાણવાપણું – અજ્ઞાન રહે છે ખરું ? તું સ્વતઃ (પોતે જ) જાણનારો-જ્ઞાતા બનીને ન જાણવાપણા (અજ્ઞાન)નો નિરાસ કર. (૩) જ્યાં–જે અવસ્થામાં અજ્ઞાનનો નિરાસ થાય છે (દૂર થાય છે), ત્યાં એ અવસ્થામાં કેવળ જ્ઞાન જ એકલું રહે છે અને આત્મદૃષ્ટિથી જોતાં એ જ આત્મસ્વરૂપ છે એમ (શાસ્ત્રો) કહે છે. (૪) જે પોતાના જ્ઞાનના –જાણવાપણાના સંયોગથી સમસ્ત પ્રપંચને જાણે છે, તેને પોતાને આત્મસ્વરૂપને જાણવામાં ન જાણવાપણાની–અજ્ઞાનની અડચણ આવી પડે છે ! (૫) આ ન જાણવાપણારૂપી અજ્ઞાન ગુરુગમથી દૂર થાય છે અને પોતાને પોતાનું જ્ઞાન થાય છે; અંતઃકરણની આ સ્થિતિ મહાકારણ દેહ કહેવાય છે. (૬) અજ્ઞાનને ફીટાડી નાંખીને પોતે પોતાને જાણી લેવું–આત્માથી આત્માને ઓળખવો; સ્થૂલ, સૂક્ષ્મ, અને કારણ એ ત્રણે દેહોનો જે સાક્ષી છે, તે મહા-કારણ દેહ છે. (૭) ત્રણે અવસ્થા (જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ)નું જ્ઞાન જે અવસ્થામાં હોય છે તે 'તુર્યા' અવસ્થા છે એમ જાણવું; અને ત્રણે દેહનું અવલોકન કરનાર એ મહાકારણ દેહ છે. (૮) હું પોતે સર્વનો સાક્ષી છું એવું અભિમાન કરનાર પ્રત્યગાત્મા કહેવાય છે. વિશ્વ, તૈજસ, પ્રાજ્ઞ અને આ પ્રત્ય-

ગાત્મા એ ચારે અભિમાનીઓનું જ્ઞાન જ્યાં કુંઠિત થઈ જાય છે તે જ શુદ્ધ આત્મસ્વરૂપ છે. (૯) કાર્ય (સૃષ્ટિ–વ્યકતાવસ્થા) અને કારણ (મૂલ પ્રકૃતિ–અવ્યકતાવસ્થા) એ બન્નેનું પણ એ કારણ છે તેથી એ મહાકારણ દેહ કહેવાય છે. કારણ અથવા કાર્ય અને કારણ એ બન્ને શૂન્યવત્ થઇ જતાં–બન્નેનો અંત આવતાં–પછી જે રહે તેને મહાકારણ પણ કોણ કહે ? (૧૦) આપણે પોતે તો સ્વયંભૂ પરબ્રહ્મ, નિર્વાણ આત્મસ્વરૂપ જ હોઇને, 'છું'' એટલી જ ગમ માત્ર આપણને પડે છે. (૧૧) આવું આત્માની સાથે અનુસંધાન કરતાં વિજ્ઞાન (આત્માના અનુભવ)ની પ્રાપ્તિ થાય છે અને આ પ્રપંચનું મિથ્યાપણું ઓળખાય છે. (૧૨) હું પોતે શુદ્ધ આત્મા (કોઇપણ જાતના દેહ, અવસ્થા કે અભિમાન વગરનો) છું, એવું જે (અંતઃકરણ)માં અભિમાન સ્ફુરે છે એનો તારા પોતાના સિવાય બીજો કોઇ સાક્ષી છે કે ? (૧૩) એટલે કે–જાણવાપણાનું પણ જે જ્ઞાન વિશેષ જ્ઞાન છે (જ્ઞાનનું પણ જ્ઞાન છે એટલે જ વિજ્ઞાન) તે જ આત્માનું શુદ્ધ સ્વરૂપ છે; જાણવાપણું અને ન જાણવાપણું–જ્ઞાન અને અજ્ઞાન એ બન્નેનો તું નિરાસ કર એટલે તું પોતે જ પરિપૂર્ણ આત્મા છે. (૧૪) જ્ઞાન જ્યાં સ્ફુરે છે તે જ સ્વભાવે આત્મા છે. આવી રીતે સ્વસ્વરૂપનો અનુભવ કરવાનો છે એ લક્ષમાં રાખજે. (૧૫) જ્યાં જ્ઞાનની ગતિ પણ પૂરી થાય છે તે તારું–આત્માનું સ્પષ્ટ સ્વરૂપ છે; ત્યાં અપરિમિત ઘન આનંદ ભરપૂર ભરેલો છે; એમાં કદી ભરતીઓટની પેઠે વધઘટ થતી નથી. (૧૬) જે અમર્યાદ–સીમા વગરનું અમાપ–આવું, આવડું કે આટલું છે એવા માપ વગરનું અવિનાશી, અખંડિત પોતાનું સ્વરૂપ છે, તેને પોતે પોતાનાથી–(આત્માને આત્માથી) ઓળખી લેવું. (૧૭)

# પ્રકરણ આઠમું

## શૂન્યખંડન

એ ( આત્માની ) શૂન્ય છે એવી ભાવના કરીએ તો પછી એની કલ્પના કરીને ( શૂન્ય એવું ) નામ આપી શકાય ખરું ? અને જે પોતે પોતાને જાણી શકે છે, તેને શૂન્ય કેમ કહેવાય ? (૧) જે બધી શૂન્યો ( અભાવ અવસ્થા )ને જાણે છે એને શૂન્ય એમ કોણ કહે ? જેનું મૂળમાં કશું અસ્તિત્વ ( કશી હયાતી ) જ નથી, એ ( અભાવ-શૂન્ય ) આપણને કેવી રીતે જાણી શકે ? (૨) જે સ્વરૂપમાં દશ્ય જેવું કશું ઊગરતું જ નથી, દશ્યનો દષ્ટા પણ જયાં અદષ્ટ થઇ જાય છે, એવું સ્વસ્વરૂપ નિત્ય જેમનું તેમ પ્રકાશી રહ્યું છે. (૩) જ્ઞાન ( જાણવાપણા )નો નિરાસ ( જાણું છું, જ્ઞાન છે, એવી વૃત્તિનું સ્વરૂપમાં શમાઇ જવું ) અને અજ્ઞાન ( નથી જાણતો એવા ભાવ )નો ત્યાગ કરતાં જે જ્ઞાન અવશિષ્ટ ( બાકી ) રહે છે તેને જાણવા માટે કોઇપણ ભાવ પછી સ્ફુરવાનો રહેતો નથી ( અર્થાત્ એ અંતિમ જ્ઞાનમાં જ્ઞાતા, જ્ઞેય કે જ્ઞાનની ત્રિપુટિનું અસ્તિત્વ પછી હોતું જ નથી ). (૪) એથી એ અભાવ ( શૂન્ય ) રૂપ જેવું જણાય છે પણ જે એ શૂન્ય ( અભાવ ) સહિત બીજા બધાને જાણે છે, તે ( જ્ઞાન ) ને ભલા શૂન્ય કેમ કહેવાય ? (૫) શૂન્યના શૂન્યપણાની કલ્પના જ્ઞાન કરે છે, પરંતુ તે જ્ઞાન શૂન્યની સાથે જ આત્મ-સ્વરૂપમાં લીન થઇ જાય છે. (૬) તે ( આત્મસ્વરૂપ ) નથી શૂન્ય, કે નથી ( જાણવાપણાનું ) જ્ઞાન, નથી દશ્ય કે નથી કશાનું ( ન જાણવાપણા રૂપી ) અજ્ઞાન. એ તો સ્વસ્વરૂપ કેવલ જ્ઞપ્તિ માત્ર છે. (૭) જે નિરંતર, નિર્મલ, જ્ઞાનઘન, કેવલ, ચિદાકાશ, અખંડ, અગોચર છે. (૮) જેમાં સમસ્ત દશ્ય આકાર શૂન્ય બને છે,

અનિવાર્ય અજ્ઞાનનો પણ જ્યાં નિરાસ થઇ જાય છે, જે ભરપૂર સૂક્ષ્મ કરતાં પણ સૂક્ષ્મ છે તે આત્મા જ્ઞાનસ્વરૂપ છે. (૯) જે નિષ્કલંક જ્ઞાનાકાશ હોઇને શૂન્યાકાશનો ગ્રાસ કરી જાય છે (અર્થાત્ જે જ્ઞાનસ્વરૂપમાં શૂન્યનો લય થઇ જાય છે) જે પોતે પોતાનો દ્રષ્ટા, સ્વયંપ્રકાશ છે, તે પરમાત્મા તું છે. (૧૦) તે જ તું નિરાલંબ (સ્વતંત્ર) સર્વનો સાક્ષી, બધાથી નિર્લેપ (માયારહિત), અનંત, અપાર, સર્વનો પ્રેક્ષક આત્મા છે, અને એનું તું નિરીક્ષણ કર. (૧૧) જે જ્ઞાનનું રહસ્ય, આસ્તિકોનું ઘર (સ્વરૂપ), સુખનો સમુદ્ર અને ઘનાનંદ છે તે તું છે. (૧૨) સર્વ સાક્ષીનો પણ સાક્ષી, પ્રકાશને પ્રકાશ આપનાર, અને સ્વરૂપના આનંદનો ભંડાર, કૈવલ્ય સ્વરૂપ તું આત્મા છે. (૧૩) બધાનો નિરાસ થતાં જે શુદ્ધ બુદ્ધ રહે છે, જ્યાં 'त्वं' પદ-(તુંપણું-જીવભાવ) પણ રહેતું નથી. 'तत्' પદ (ઇશ્વર ભાવ)ની સાથે 'असि' પદ (જીવ અને ઇશ્વરના અસ્તિત્વનો અને અભેદનો નિર્ણય કરનાર શબ્દ અથવા ભાવ) પણ સરી પડે છે-શાંત થાય છે, (૧૪) એવો તું પરમાત્મા છે. પણ તું તારો મહિમા તારી પોતાની મેળે (તારા પોતાના અજ્ઞાનથી) જ ખોઈ બેઠો છે, હવે એ તારા સ્વરૂપ-નિજધામને મેળવીને એમાં કેવી રીતે રહી શકીશ, એ લક્ષ્ય ભાગ હવે કહું છું, વિશુદ્ધ અંતઃકરણ કરીને સાંભળજે. એનો જે રીતે નિત્ય અભ્યાસ કરવાનો છે તે (વિગતવાર) કહું છું (તા. ૧૫-૧૬) એ અભ્યાસવડે સ્વરૂપનો નિશ્ચય થાય છે, શુદ્ધ પરમાત્મા (અંતરમાં) પ્રકાશી ઊઠે છે; કૈવલ્ય-મોક્ષસ્વરૂપમાં ચિત્ત હમેશાં રમ્યા કરીને સમરસ રહે છે. (૧૭)

# પ્રકરણ નવમું

## નિદિધ્યાસન

હવે ઉપર કહ્યું છે તે પ્રમાણે પ્રથમ "સ્વરૂપ"નો નિર્ણય કરી લે; પછી એનો જ નિત્ય નિયમપૂર્વક અભ્યાસ કર્યા કર. (૧) જ્યાં બેસતાં મન જરાયે ચંચલ ન થાય એવું એકાન્તસ્થાન જોઈને ત્યાં મનની સમસ્ત વૃત્તિઓને વાળી (અંતર્મુખ કરીને) લઈને ધ્યાન માટે બેસવું. (૨) વિષયોમાંથી મનને નિવૃત્ત કરવું, ચિત્તને અંતરાત્મા ભણી વાળવું, અને સમસ્ત દૃશ્ય (આત્મા કરતાં જે જે વિજાતીય-અનાત્મા હોય તે બધા)માં મનને વૈરાગ્ય તથા ત્યાગ બુદ્ધિ ધારણ કરાવવી. (૩) આસન ઉપર શાંત ચિત્તે બેસીને, જે મનોવૃત્તિ ઈંદ્રિયોનાં દ્વારો (ઈંદ્રિયોનાં ગોલકો અથવા વિષયો)માં બેસી રહે છે, તે બધીને સંકેલી લઈને અંતઃકરણના ઊંડાણમાં (જ્યાં કશી મનોવૃત્તિ હોતી નથી ત્યાં) પ્રવેશ કરવો. (૪) સ્થૂલ દેહનું અભિમાન છોડવું, અંતરાત્માનો ભાવ ધારણ કરવો; સમસ્ત (દૃશ્ય)નો (મનથી) અભાવ સમજવો, અને પછી અંતરાકાશમાં (ચૈતન્યનો) અનુભવ કરવો. (૫) સ્થૂલ ઇંદ્રિયોમાંથી મનને (વિચાર) યુક્તિથી કાઢીને એકાગ્ર કરવું અને અંતરાકાશ-ચિદાકાશ-ચૈતન્યમાં એને લઇ જઇને સ્થિર કરવું. (૬) ત્યાંથી જે જે વૃત્તિઓ બહાર દોડવાના ઉધામા કરે તે બધીને પાછી વાળવી; આવી રીતનો અભ્યાસ દૃઢ થતાં મન આપોઆપ સ્થિર થશે. (૭) મનને (પોતાના પૂર્વ સ્વભાવ પ્રમાણે જ્યાં જવાની ટેવ પડી હોય, ત્યાં તેની પાછળ પાછળ જવું નહિ પરંતુ દૃષ્ટિને અંતરમાં વાળીને આત્મસ્વરૂપમાં મૂકવી. (૮) મન જે જે વિષયના વિચાર કરે કે પકડે, તે બધાનું વિવેક વડે ખંડન કરવું; ત્યારે જ એ (વિષયોની)

કલ્પના છોડી દઇને અંતઃકરણમાં એકાગ્ર થાય છે. (૯) આવી રીતે મન એકાગ્ર થયા પછી અંતઃકરણરૂપી આકાશમાં, જીવને જે 'હું છું' એવું સ્ફુરણ થાય છે, એનો વિવેક વડે વિચાર કરી જોતાં (૧૦) સમજાય છે કે એ સ્થિતિમાં જે શુધ્ધ નિરાલંબ-બીજા કોઇપણ આધાર વગરનું-આત્મસ્વરૂપ છે, એમાં જ એ 'હું પણું' સ્ફુરે છે; વળી પાછું એમાં જ શાંત થઇ જાય છે; અને તેથી નિશ્ચય થાય છે કે જીવની જીવદશા (જીવભાવ કે જીવપણું) તો રહેતી જ નથી. (કારણ કે જીવભાવનું સ્ફુરણ આત્મામાંથી થાય છે, એટલે એ પણ આત્મા જ છે.) (૧૧) નદી પોતાના મૂળમાં જ લય પામે (આગળ ન વધે અને ત્યાં જ બધું જળ એકઠું થાય) તો પછી એ જ સમુદ્ર કેમ ન કહેવાય? એવી રીતે જીવનું ઉગમસ્થાન જે બ્રહ્મ-વિશુદ્ધ આત્મસ્વરૂપ છે, તેમાં જ (સ્ફુરણ રૂપે ઉપજતો) જીવ જો સ્થિર થાય-ત્યાંનો ત્યાં જ રહે તો એ બ્રહ્મરૂપ જ કેમ ન થાય? (૧૨) એટલા માટે વૃત્તિઓને અભ્યંતર (અંતરમાં) વાળવી અને આવી રીતે અભ્યાસ કરવો એટલે કલ્પના (વૃત્તિ) અંતઃકરણમાં સમરસ (સ્વરૂપ સાથે એકાકાર) થઈ જશે. (૧૩) સ્થૂલ ગતિ-વૃત્તિઓનો બાહ્ય જગત પ્રતિનો વેગ બંધ થઈને આવી દશાનો અનુભવ ન થાય, ત્યાંસુધી એક સરખો આવો અભ્યાસ કરવો જ પડે છે. (૧૪) ત્યાં-અંતઃકરણમાં જે જે દશ્ય સ્ફુરે-વિષયો જણાય, તે બધા છોડી દઈને મનને અંદર વાળવું અને નિશ્ચયપૂર્વક પોતે જ્ઞાનસ્વરૂપ આત્મારૂપે રહેવું. (૧૫) દ્દષ્ટાની દૃષ્ટિ જો પાછી વળીને દૃષ્ટિ (દ્દષ્ટાની દૃષ્ટિ એટલે આત્મચૈતન્ય) ભણી જ જો સ્થિર થાય, તો પછી બીજા દશ્ય આકાર રહે જ કેવી રીતે? (એટલે સ્વરૂપમાં દૃષ્ટિ સ્થિર થતાં બીજા દશ્યાકાર રહે જ નહિ;) (૧૬) જે જે અકારવાન છે -સાકાર છે તે બધા આપો આપ શૂન્યભાવ પામે છે. સ્વરૂપમાં લય થાય છે તેથી એનો અભાવ થાય છેઃ એમ થયા પછી એ આત્મ-

સ્વરૂપને નિહાળવું એટલે કે દ્રષ્ટા, દૃશ્ય કે દર્શનની ત્રિપુટિ વગરના સ્વરૂપનો અનુભવ કરવો. (૧૭) પ્રલયકાળમાં જ્યારે બધે પાણીનાં પૂર ફરી વળે ત્યારે જેમ નદી, તળાવ, સરોવર, કૂવા કે સમુદ્ર વગેરેનો કોઇપણ આકાર રહેતો નથી, તેમ આવી દશામાં અંતઃકરણ, વૃત્તિઓ, વિષયો, વાસનાઓ કે એવો કશો દ્વૈતભાવરૂપી વ્યવહાર રહેતો નથી. (૧૮) કાચબો જેમ પોતાના અંગોને સંકોચી લઇને પોતાનાં હાથ, પગ, માથું વગેરેને પોતાનાં શરીરની અંદર શમાવી દે છે, ત્યારે માત્ર એક પીઠ જ અખંડિત બાકી રહે છે; (૧૯) તેવી જ રીતે અંતરાત્મામાં અંતઃકરણનો વૃત્તિસમેત પ્રવેશ થતાં કેવળ આત્મસ્વરૂપ જ શેષ રહે છે. (૨૦) પોતે પોતાના સ્વરૂપે એકલો જ છે; બીજો કોઇ જોવામાં આવતો નથી; આમ જ્ઞાન-માત્ર આત્મારામ જ સર્વત્ર ભરેલો છે, એવી સ્થિતિ અનુભવની છે. (૨૧)

★

# પ્રકરણ દસમું

### દૃશ્યભાસખંડન

આવી સમજણ ન હોવાથી ગાઢ અજ્ઞાનમાં રહીને બ્રહ્મને ઓળખી શકતો નથી એવો ભ્રમ કરે છે, એ ગાંડપણ નહિ તો બીજું શું છે ? (૧) 'હું જાણતો નથી' એવો ભ્રમ જીવ પોતાની બુદ્ધિમાં પોતે જ ઉત્પન્ન કરે છે, જે છે જ નહિ, એવા અસત્ અજ્ઞાનને પકડીને બેસી રહે છે અને પછી હું નથી જાણતો એવા સંદેહમાં પડ્યો રહે છે. (૨) અજવાળામાંથી મનુષ્ય જ્યારે ઘરમાં આવે છે, ત્યારે અંધકારને લીધે ક્ષણભર એની દૃષ્ટિમાં અંધાપો આવે છે, અને ત્યાં છતી આંખે એ આંધળો બને છે. (૩) અથવા રાત્રિના

બીજા પહોરે એટલે મધ્યરાત્રિએ આંખોને બધે અંધારું જ દેખાય છે, તેમ તું અજ્ઞાનરૂપી અંધકારમાં અટવાઇ ન પડતો. (૪) એ (ધ્યાનની) અવસ્થામાં મનમાં જે જે કલ્પના ઊઠે છે, તે તે વસ્તુઓ આંખની આગળ ખડી થાય છે; એ બધાં દૃશ્યોનો નિરાસ કરીને, નિશ્ચલ ભાવે આત્મસ્વરૂપમાં સ્થિર થા. (૫) બોલવું હોય તો પોતે પોતાની સાથે બોલવું. પોતે પોતાને જ ઉપદેશ આપવો; વિવેકપૂર્વક જોતાં જોતાં એવો અનુભવ થશે કે (જેની સાથે તું બોલે છે અથવા જેને ઉપદેશ આપે છે તેનો) ત્યાં કશો આકાર જ નથી (૬) જ્યાંથી વિવેકરૂપી માતાની સ્ફુરણા થાય છે, તે સ્થલ અંતઃકરણ છે; એ જ અંતઃકરણ જ્ઞાનનો હેતુ ધારણ કરીને જ્ઞાની બને છે. (૭) આપણા શરીર સમેત આ સમસ્ત બ્રહ્માંડ શૂન્યરૂપ થતાં જ પાછળ કેવલ પરિપૂર્ણ જ્ઞાનસ્વરૂપ જ બાકી રહે છે. ત્યાં કશું ઠામ ઠેકાણું કે માનમાપ રહેતું નથી. (૮) આકારવાળા આ ત્રણે લોક (સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ) કોણ જાણે ક્યાંના ક્યાં લોપ થઇ જાય છે; ફક્ત હું એકલો—એકનો એક ચિદાકાશ-જ્ઞાનસ્વરૂપ શેષ રહે છે. (૯) અંદર અને બહાર દૃશ્યનું જે જ્ઞાન હતું તે શૂન્યવત બની જાય છે કે તરત જ પોતે પોતાની મેળે એકપણાની પણ કલ્પના વગરનો બાકી રહે છે. * (૧૦) આવી સ્થિતિ પ્રાપ્ત થતાં અંધકાર (અજ્ઞાન) જતો રહે છે, મન અને બુદ્ધિનો લય થાય છે; ચિદાદિત્ય-ચૈતન્યરૂપી સૂર્યની આત્મપ્રભાનું અજવાળું પ્રકટે છે. (૧૧) આમ સ્થૂલ દેહ અને જાગ્રત અવસ્થાની પ્રવૃત્તિ બંધ પડી, એટલે એ જ પ્રકારે લિંગદેહનો પણ નિરાસ કરવાનો છે. (૧૨) જ્યાંથી સ્ફૂર્તિ સ્ફુરણા પામે છે, તે તો પ્રથમ જ સ્ફૂર્તિ વગરનું —સ્પંદન વગરનું જ છે. સ્ફૂર્તિ તારી સમક્ષ જ ઊભી થાય છે અને

* જ્યાં બે હોય ત્યાં એક અને બે એમ કહેવાય; પણ જ્યાં બે જ નથી, ત્યાં જે છે તેને એક પણ કોણ કહે?

પાછી શમી જાય છે. (૧૩) એ સ્ફૂર્તિને જાણનારો જ્ઞાતા તું છે; સંકલ્પવિકલ્પાત્મક મનનું જીવન અને નિશ્ચયાત્મક બુદ્ધિનું કારણ પણ તું જ છે. (૧૪) ચિત્તનું અનુસંધાન તો પ્રથમથી જ છે; તેથી ઊપજતાં વેંત જ તને તેની ખબર પડે છે, અહંતા પણ તારા પોતાના યોગથી જ ઊભી થાય છે અને તેને પણ તું જાણે છે. (૧૫) આમ પાંચ ભેદવાળા અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને અંતઃકરણ) રૂપે તું જ સ્ફુરે છે, એને છોડી દેવાની વાત કરવી એટલે એ તારા વિના ક્યાં, કેમ અને કેવી રીતે જુદું જઈને પડે? (૧૬) પાણી તરંગનો કેવી રીતે ત્યાગ કરે? આકાશ વાયુને કેવી રીતે છોડી શકે? તેવી જ રીતે તારા અંગભૂત જે આ સ્ફૂર્તિભાવ છે, એનો તું ત્યાગ કેવી રીતે કરી શકે? (૧૭) તરંગ પાણીમાં ગળી પડે, વાયુ આકાશમાં શમી જાય, તેવી રીતે તારું સ્ફુરણ જે આ અંતઃકરણપંચક છે તે તારામાં જ લય પામી શકે બીજે નહિ). (૧૮) આપણા હાથ આપણે ખંખેરીએ, તો તે કાંઈ આપણા શરીરથી જુદા પડતા નથી, કારણ કે એ શરીરને વળગી રહેલા છે; તેવી જ રીતે અંતઃકરણની સ્ફૂર્તિ તારી અંગભૂત-તારું જ અંગ હોવાથી એનો ત્યાગ કેવી રીતે તું કરી શકે? ÷(૧૯) એ સ્ફૂર્તિ (અંતઃકરણપંચક)નો ત્યાગ કરવાનો તું વિચાર કરીશ તો એ (ત્યાગવૃત્તિ) પણ સ્ફૂર્તિમાંથી જ ઉત્પન્ન થયેલી જણાશે; જે કંઇ કરવા ધારીશ એ બધું એ વૃત્તિનું જ પરિણામ હશે અને વિચાર

---

÷ તાત્પર્ય એ કે જેઓ મનની કલ્પનાઓ અને ચિત્તની સ્મૃતિઓનો ધ્યાન કરતી વખતે ત્યાગ કરવા મથે છે એ ખોટું છે; એનો ત્યાગ કરવાનું નહિ, પણ એ બધી આત્મસ્વરૂપની સ્ફુરણા છે, તેથી આત્મા જ છે, એવી જ્ઞાનદૃષ્ટિથી સ્વરૂપમાં એનો લય કરવાનો છે. એ લય થતાં જ તરંગ પાણીમાં ગળી જતાં જેમ પાણી જ રહે છે, તેમ વૃત્તિઓ લીન થઇને કેવલ શુદ્ધ આત્મસ્વરૂપ જ શેષ રહે છે.

કરવા માંડીશ એટલે તે જ બુદ્ધિ અને તે જ મન હશે. (૨૦) ચિંત્વન કરીશ તો એ સ્ફૂર્તિ ચિત્ત હશે; 'હું પણું' ધારણ કરીશ તો અહંકાર હશે, અમસ્તો સ્વ–સ્થ (સ્વ એટલે પોતાતા આત્મામાં સ્થિરતા થાય તેમ, એટલે શાંત) બેસી રહીશ, તો સ્વસ્થતાનું સ્ફુરણ પણ એ સ્ફૂર્તિનું જ રૂપ હશે. (૨૧) તું ખરેખર સ્વસ્થ બેસી રહીશ, તો તને સ્વસ્થપણાના ભાનની સ્ફૂર્તિ ક્યાંથી આવી ભલા? અને સંકલ્પવિકલ્પ ક્યાંથી ઊભા થાય છે? (૨૨) જીવ એક જ નિશ્ચય કરીને બેસી રહે, તો પણ એને ફરી ફરીને શા માટે ચિંત્વન કરવાનું સૂઝે છે? અને દેહરૂપે 'હું છું' એમ કહેવાની ટેવ શા માટે પડી છે? (૨૩) તેથી એ હોવા છતાં ન હોવા જેવું-સત્ જેવું દેખાતાં છતાં અસત્ જેવું છે, એ જ એનું રહસ્ય છે. આમ વિચાર કરી જો, કે એ જ્ઞાનસ્વરૂપ ન હોય તો 'અહંકાર' કેવી રીતે ઉત્પન્ન થાય? (૨૪) ચિત્તમાં જે સ્મરણ હોય છે એ જ્ઞાન નથી તો બીજું શું છે વારુ? અને જ્ઞાન વિના બુદ્ધિમાં સ્થિરતા ક્યાંથી આવી શકે એમ છે? (૨૫) એ જ્ઞાન આ બધાનું અધિષ્ઠાન છે તેથી જ –તેની જ સત્તાથી મન સંકલ્પવિકલ્પ કરી શકે છે; પરંતુ એ જ્ઞાન પોતે તો પરિપૂર્ણ છે તેથી એનું એકલાનું સ્ફુરણ સંભવી શકતું નથી. (૨૬) આવું એ પરિપૂર્ણ જ્ઞાન છે, એનું સ્મરણ કરતાં-ચિંત્વન કરતાં સ્મરણશક્તિ એટલે કે ચિત્ત રહેતું નથી, કારણ કે એનું સ્મરણ કરવું એટલે જ એનું વિસ્મરણ કરવા જેવું છે. (કારણ કે સ્મૃતિરૂપ વૃત્તિ લય પામી જાય છે એટલે કોણ કોનું સ્મરણ કરે?) તે જ્ઞાન પણ નથી અને અજ્ઞાન પણ નથી. એ તો કેવલ 'જ્ઞપ્તિમાત્ર' છે. (૨૭) એકાદી વૃત્તિનો ભાસ થાય એટલે તે ભાસ તો સ્ફૂર્તિ થાય ત્યારે જ જણાય છે. પરંતુ એ પોતે (સ્ફૂર્તિ વગરનો હોય છે ત્યારે) તો કેવલ નિરાભાસ જ છે. (૨૮) ત્યારે આ જે નિરાભાસ છે એ કોણ છે? એ તો કેવળ જ્ઞાન જ પોતે પોતાનામાં શમી જઇને

રહેનાર એક આત્મસ્વરૂપ છે. (૨૯) એટલા માટે એ નથી જ્ઞાન કે નથી અજ્ઞાન; ભાવસ્વરૂપ પણ નથી અને અભાવસ્વરૂપ પણ નથી. એ તો નિજાત્મરૂપ-પોતે એકલું અને એક જ છે. (૩૦)

★

# પ્રકરણ અગિઆરમું

### અજ્ઞાનખંડન

હું મને નથી જાણતો, એમ પોતે જ પોતાને જાણે છે; જે જ્ઞાનથી પોતાને પોતે નથી જાણતો એવા અજ્ઞાનને જાણે છે, છતાં એ જ્ઞાનની ઓળખાણ નથી પડતી, એ જ અજ્ઞાન છે. (૧) એ અજ્ઞાનનો નાશ કરીને–એનો ગ્રાસ કરી જઈને, જે જ્ઞાન પાછળ બાકી રહે છે, એમાં પછી અજ્ઞાન એટલે નથી જાણતો એવો ભાવ બાકી જ કઈ રીતે રહી શકે ? (૨) જાણું છું અને નથી જાણતો –જ્ઞાન અને અજ્ઞાન, એ બન્ને ભાવથી રહિત હોવા છતાં પણ એનો આવિર્ભાવ કરીને વિસ્તાર કરનાર તે ( આત્મા ) છે. (૩) ( એમ છતાં પણ ) એ જ્ઞાન અને અજ્ઞાન એવા બન્ને ભાવમાં સપડાતો નથી; સ્વરૂપનો આનંદ તો એનો પોતાનો મૂળનો જ છે. (૪) જેના પહેલાં કોઇ પણ જાતનું સ્ફુરણ થતું નથી, એવું એ અનાદિ સ્થલ છે, જે કેવલ જ્ઞાનનું સ્ફુરણ–જ્ઞપ્તિમાત્ર જ છે. (૫) જે નિષ્કલંક, જ્ઞાનઘન અને આનંદસ્વરૂપ હોઇને સ્વતઃસિદ્ધ, પોતે પોતાને જાણનાર ( સ્વસંવેદ્ય ) અને નિજ સ્વરૂપ વિશુદ્ધ આત્મા છે. (૬) જેમાં જ્ઞાન છે તેથી એમાં ન જાણવાપણાનું અજ્ઞાન છે જ નહિ તે પોતે પોતારૂપે એકલો જ હોવાથી, એમાં જાણવું ( જ્ઞાન ) કે ન જાણવું (.અજ્ઞાન ) કંઇ પણ નથી. (૭) તે પોતે એક પરિપૂર્ણ છે.

તેથી એમાં બીજું કંઈ દશ્ય છે-દેખાય છે-એવો સંભવ જ નથી. એ તો ઘન આનંદથી ભરેલું સ્વસ્વરૂપ સર્વવ્યાપક છે. (૮) જે દેખાય છે-દશ્ય છે એ તો (પોતાના કરતાં) જુદું દ્વૈત છે; એ ભિન્નપણું તો એમાં ગળી જાય છે-શમી જાય છે, એટલે પછી જાણવાપણું પણ રહેતું નથી. કારણ કે એ એક જ્ઞાનમાત્રમાં કોણ કોને જુએ ? (૯) જોનાર જે આત્મસ્વરૂપ છે, એ તો પોતે પોતાને જોવાનું છે; એટલા માટે જ જોવું-એ શબ્દ એમાં ઘટાવવો પડે છે. જે જાણી કે જોઈ શકાય તે ( દશ્ય ,નો નિરાસ થતાં, જોનાર (જ્ઞાતા કે દ્રષ્ટા) જ કેવલ એકલો બાકી રહે છે. (૧૦) દશ્ય ( જોવાનું ), દષ્ટા ( જોનાર ) અને દર્શન ( જોવાની ક્રિયા ) એ ત્રણે ભાવથી જે વિલક્ષણ છે, તે પોતે કેવલ જ્ઞાનસ્વરૂપ-જ્ઞપ્તિમાત્ર અને એક જ છે. (૧૧) દશ્ય અને જોવાની ક્રિયારૂપ દર્શન એ બંનેનો નિરાસ થતાં-એ બંને લય પામતાં પછી અખંડિત વિકાર રહિત, એવું આત્મસ્વરૂપ જ માત્ર બાકી રહે છે. (૧૨) બધા જોવાનો-દશ્ય પ્રપંચનો લય થતાં-જોવાનું -( જોનાર એટલે દ્રષ્ટા ) છે તેનો પણ અંત આવે છે. પછી તો તે સદોદિત પોતે પોતાને જ જોયા-અનુભવ્યા કરે છે. (૧૩) એ આત્મસ્વરૂપ અવિનાશી અને પરિપૂર્ણ છે એવું અંતર્મુખ થઈને પોતાની મેળે પોતાને ઓળખી લેવું. (૧૪) ન જાણવાપણાનો એટલે અજ્ઞાનનો નિરાસ થયો કે કારણ-શરીરનો પણ નાશ થશે, અને જ્ઞાન મહાકારણ દેહની સાથે સમરસ -એકાકાર બની જશે. (૧૫) સુષુપ્તિ અને તુર્યા અવસ્થા તથા તેના અભિમાની પ્રાજ્ઞ અને પ્રત્યગાત્મા ( અંતર્યામી ) તેમ જ જાગ્રત અને સ્વપ્ન અવસ્થા અને તેના અભિમાની વિશ્વ અને તૈજસ એ બધા ગયા પછી એકેય અવસ્થા શાની બાકી રહે ? (૧૬) આવી રીતે ચારે દેહ ( સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને મહાકારણ )નો નિરાસ કરીને જે અવિનાશી આત્મસ્વરૂપને જાણ્યું એટલે પછી

સ્વયંપ્રકાશ, જ્ઞાનઘન, પોતે જ બાકી રહે છે. (૧૭) પોતાનું જાણુવાપણું-હું જાણું છું એ જ્ઞાન છોડીને તું જ્યારે સ્વસ્થ-આત્મ સ્વરૂપે એકાકી-પોતે પોતાના સ્વરૂપે જ રહીશ, ત્યારે નિઃસંગપણે તું 'કોણ છે'-સાચું સ્વરૂપ કેવું છે-એની સમજણ પડશે. (૧૮) જાણુવાપણારૂપી જ્ઞાનનો ત્યાગ થયો ત્યારે (જાણુવાપણાના યોગથી થનારું) સ્ફુરણ પણ બંધ થયું અને તારામાં જે સ્ફુરણ જ્યાંથી ઊભું થયું હતું, એ ત્યાં જ-તારામાં જ લય પામ્યું. (સમુદ્રમાં લહરી શાંત થાય તેમ.) (૧૯) જે જાણુવાપણા (જ્ઞાન)ને એના શૂન્યપણા (અભાવ) સાથે તારામાં શમાવી દીધું, તે તું સ્વયંભૂ મૂર્તિ, અપરિમિત આત્મા છે. (૨૦) ત્યાં જાણુવા ન જાણુવાપણારૂપી જ્ઞાન કે અજ્ઞાન નથી; શબ્દ નથી; નિઃશબ્દ નથી; રૂપ નથી તેમ અરૂપ પણ નથી. (૨૧) ત્યાં જોવાનું નથી, ન જોવાનું પણ નથી; પારકું નથી, પોતાનું નથી; સ્મરણ નથી તેમ વિસ્મરણ પણ નથી; એ તો કેવલ સ્મૃતિમાત્ર છે. (૨૨) તેમાં વૃત્તિ કે પ્રવૃત્તિ નથી. અપૂર્ણતા કે પૂર્ણતા નથી. અભાવ કે ભાવ નથી; કેવલ પ્રતીતિ માત્ર છે. (૨૩) એને પકડી શકાય એમ નથી; ન પકડાય એમ પણ નથી. "નથી" એમ કહેવાનો પણ એમાં અવકાશ નથી; અનુભવ કરતાં અનુભવથી જાણી શકાય છે એમ પણ કહી શકાય એમ નથી. એનો પત્તો જ લાગે એમ નથી*(૨૪) આવો અભ્યાસ અંતઃકરણમાં -મનોમન પોતે પોતાની મેળે કરી લેવો અને મનને એ નિશ્ચલ સ્વરૂપમાં સ્થિર કરીને રાખવું (આનું નામ જ અભ્યાસ છે.) (૨૫) સ્વસ્વરૂપને જાણી લેવું અને પછી એને આલિંગન કરીને-એમાં

*આ બધા વિરોધી ભાવો એમાં નથી એમ એટલા માટે કહેવું પડે છે કે આત્મસ્વરૂપ કેવલ અને દ્વૈત વિનાનું છે, તેથી એને કોઈપણ સંજ્ઞાથી ઓળખાવી કે બોલી બતાવાય એવું નથી. ઉપનિષદમાં અનેક ઠેકાણે આવું વિરોધાત્મક વર્ણન આવે છે.

સમરસ થઈને રહેવું. કલ્પનાનો વ્યાપાર કરીને-મનના તરંગ ઉછાળીને ચંચલપણું ઉપન્ન ન કરવું. (૨૬) આમ કરતાં કરતાં મન વિરામ પામશે. વિષયવ્યાપાર શાંત થશે, એટલે ચિત્ત ધીરે ધીરે અને થોડું થોડું પણ સ્વસ્વરૂપમાં રમવા માંડશે. (૨૭) ક્ષણભર કદાચ સ્વરૂપ વિસરી જવાશે, તો બીજી જ ક્ષણે તે પ્રકાશિત થશે; કોઇવાર આપોઆપ એનો લોપ થશે તો કોઈ-વાર પોતે પોતાની મેળે જ અનુભવમાં આવશે; આમ આવી રીતે પ્રયત્ન-અભ્યાસ કરતાં કરતાં મન (અવશ્ય) સ્થિર થશે. (૨૮) નિર્વાતપણે (વાયુ વગરના નિશ્ચલ દીપકની પેઠે) મન સ્વસ્વરૂપનો ઉપભોગ કરવા માંડશે કે આપોઆપ એ આનંદથી ડોલવા માંડશે. પછી તો એ સુખનું માપ ભલા કોણ કાઢી શકે એમ છે ?! (૨૯)

★

# પ્રકરણ બારમું

## સ્વાનુભવસુખવર્ણન

પાછલા પ્રકરણમાં બતાવ્યા પ્રમાણે આત્માનુભવનું સુખ મેળવ્યા પછી) સ્વેદ, કંપ વગેરે અષ્ટ *સાત્ત્વિક ભાવ ઉત્પન્ન થાય છે; અને ભિખારીને સામ્રાજ્ય પ્રાપ્ત થાય તેવી સ્થિતિનો

*અષ્ટ સાત્ત્વિક ભાવ આ પ્રમાણે છે:-

ते स्वेदस्तंभरोमांचाः स्वरभेदोऽथ वेपथुः ।
वैवर्ण्यमश्रु प्रलय इत्यष्टौ सात्विकाः स्मृताः ॥

અર્થ:—સ્વેદ, સ્તબ્ધ થઈ જવું, રોમાંચ, સ્વરભેદ (ગદ્‌ગદ્ થઈ જવું), કમ્પ, વિવર્ણતા, અશ્રુપાત અને બેહોશ કે બેભાન થઇ જવું આ આઠ સાત્વિક ભાવ છે.

અનુભવ થાય છે. (૧) ચિત્ત ચતન્યમાં લીન થઈને પોતે જ્ઞાન-માત્ર શેષ રહે છે, ત્યારે આપોઆપ અખંડ બ્રહ્માનંદનો અનુભવ થાય છે. (૨) એ સુખમાં સમરસ થતાં જ તેમાં જીવ લીન થાય છે. એ સુખનું કોણ વર્ણન કરી શકે ? એ તો અનુભવી જ જાણી શકે છે. (૩) અમૃત જેમ પોતે જ પોતાનો સ્વાદ અનુભવે, તેમ પોતે જ સ્વસુખનો અનુભવ કરે છે; ત્યાં સંસારનું સ્મરણ કોને થાય ભલા ? (૪) આત્માનંદનો જાણે વરસાદ વરસવા માંડે છે, અને પરિપૂર્ણ સુખ પ્રાપ્ત થાય છે. એ સુખમાં જ્ઞાન અને અજ્ઞાનને ઓળખનાર વિવેક લય પામે છે. (૫) અહંકાર સ્વસ્વરૂપમાં ગળી જાય છે; વિષયતૃષ્ણા શાંત થાય છે અને કોઇપણ જાતનું કર્મ કર્યા વિના ઈંદ્રિયોની (ભોગની) ઇચ્છા પૂર્ણ થાય છે. (૬) મહાન્ સુખરૂપી સુંદર શય્યા ઉપર સ્વાનુભૂતિરૂપી સુંદરીને જીવ આલિંગન કરે છે અને આવી રીતે કેવલ જ્ઞાન-માત્ર એવા સ્વસ્વરૂપનો ( જીવ ) અનુભવ કરે છે. (૭) 'ન જાણવા-પણા'નો—અજ્ઞાનનો નિરાસ કર્યા પછી જાણવાપણું—જ્ઞાન સ્વરૂપમાં સમરસ-( એકાકાર—અભેદ ) થઇ જાય છે અને એ યોગી ( આવા જ્ઞાનનિષ્ઠ અનુભવી ) ને એકછત્ર સ્વરાજ્ય ( સ્વ= આત્મા, રાજ્ય=સ્વાધીન સ્વરૂપાનંદ )ની પ્રાપ્તિ થાય છે. (૮) પછી તો એ નિત્ય સ્વાનંદની મઝા લૂંટે છે, વિજાતીય વિષયો હતા નહોતા થઇ જાય છે અને સ્વ—સ્વરૂપસુખ વડે બધી ઇંદ્રિયોને તૃપ્તિ થાય છે. (૯) આ પરમ ( આત્યન્તિક ) સુખની ભરતીમાં એક પણ ( ચિત્તની વૃત્તિ રૂપી દ્વૈત ) સ્ફૂર્તિ ઉત્પન્ન થતી નથી અને નિમિષ માત્રમાં કર્મની વિસ્મૃતિ થાય છે. (૧૦) યાજ્ઞિકો કરોડો યજ્ઞ કરીને સ્વર્ગલોકમાં પોતાની ધ્વજા ફરકાવે છે, પણ આ બ્રહ્મસુખ ઉપર તો એ સુખને ઓવારી નાખવા જેવું છે. (૧૧) આનંદ આનંદના ઘૂંટડા ભરે છે!

વર્ણન કરતાં પરાવાણી બંધ પડી જાય છે! આમ વાચા જ મૂંગી બને છે ત્યાં એ સુખની વાત જ કોણ કરે? (૧૨) મનનું જાણવાપણું–જ્ઞાનશક્તિ જ જ્યાં ખૂટી જાય છે ત્યાં તે સુખનું વર્ણન કોણ કરવા આવે? અનુભવીને જ એ સુખની ખબર પડે છે, બીજા તો સામું જ તાકી રહે છે. (૧૩)

★

# પ્રકરણ તેરમું

## મુક્તિરહસ્ય

આવી રીતે યોગનું રહસ્ય મેળવીને જે પરિપૂર્ણ સ્વાનંદનો અનુભવ કરે છે, તેવા યોગીને પુનઃ સંસારનો ત્રાસ ભોગવવો પડતો નથી. (૧) આમ સહજ પરિપૂર્ણ બ્રહ્મસ્વરૂપ થયેલો યોગી સર્વદા જ્ઞાનરૂપ આત્માનંદમાં નિમગ્ન રહે છે. (૨) સંકલ્પ અને વિકલ્પ એ બન્નેનો એનામાં લવલેશ પણ રહેતો નથી; કારણ કે આત્યન્તિક (નિરવધિ અને નિરૂપમ) સુખની એને પ્રાપ્તિ થયેલી હોય છે. (૩) સાધન કરવું કે ન કરવું એ બધું પૂરું થઇ જાય છે; કરવું ન કરવું બાકી જ રહેતું નથી. તે પોતે જ પરબ્રહ્મ થયો છે. (૪) (પછી) ધારણા, ધ્યાન સમાધિ, આસન એવાં યોગનાં અષ્ટાંગની એને આવશ્યકતા જ રહેતી નથી. આનંદઘન સ્વસ્વરૂપમાં જ એ તો નિમગ્ન થયેલો હોય છે (૫)* ત્રણે ભુવનમાં એ વિહાર કરે છે. ઇચ્છાનુસાર વર્તન કરે છે; કારણ કે એનામાં જ્ઞાનતૃપ્તિનું અખંડ સ્ફુરણ રહે છે. (૬) વિધિ અને નિષેધ (વિહિત કર્મ અને અવિહિત

* જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ.

કર્મ )ના નિયમોનો વિચાર એના અંતઃકરણમાં ઉદ્દભવતો જ નથી, તેમ જ પાપપુણ્યની વાતની તો તેને ખબર જ હોતી નથી. (૭) શુભ કે અશુભ ફળનો તેને બાધ આવતો નથી. જીવન્મુક્ત એ બધામાંથી મુક્ત થયેલો હોય છે. (૮) બંધ ( સંસારબંધન ) અને મોક્ષની એને વાત કરવી પડતી નથી; એ તો અખંડ અવિનાશી એવા બ્રહ્મના ચિંતનમાં સહજ સ્વભાવે રહે છે. (૯) જેણે મન ( સંકલ્પ-વિકલ્પ )માંથી મુકિત મેળવી એને કોઇપણ વાતનો સંશય રહેતો નથી; કારણ કે કરવા જેવાં કે ન કરવા જેવાં એનાં બધાં કર્મ તો નાશ પામ્યાં હોય છે. (૧૦) આવી રીતે નિર્ભ્રાન્ત થયેલો એ કોઇને પાર પામવા દેતો નથી; ( કોઇ એને ઓળખી શકતું નથી-અથવા કોઇ ઓળખી જાય એવું એ કરતો નથી. ) લોકોમાં તે ભક્તિ-રહસ્યનો પ્રચાર કરે છે. ( અર્થાત્ પોતે ભક્તિમાર્ગમાં રહીને જનસમૂહને સન્માર્ગ દેખાડે છે. (૧૧) ભકિત, જ્ઞાન અને વૈરાગ્ય સ્વદેહે આચરણ કરીને લોકોને દેખાડે છે (દૃષ્ટાંત રૂપ બને છે. ) આવો તે તારક ( તારનાર ) યોગી જગતને સરલ માર્ગે ચડાવે છે. (૧૨) સદ્દગુરુની દાસ્યભાવે સેવા કરતાં કરતાં પણ તે સ્વસ્વરૂપના રહસ્યનો અનુભવ લીધા કરે છે. છતાં એના અંતઃકરણમાં ભેદબુદ્ધિ હોતી નથી. કારણ કે જીવ અને ઇશ્વર એક છે એમ એ જાણે છે. (૧૩) પરમાત્મપ્રેમથી તે નિત્ય ગદ્દગદ્દ રહે છે. ( નેત્રથી પ્રેમાશ્રુ વહ્યા કરે છે. ) તેને સ્મરણ કે વિસ્મરણ એ બેમાંથી કાંઇ પણ હોતું નથી. ( કારણ કે એ બન્ને ચિત્તના ધર્મ છે, આત્માના નહિ ) ક્ષણે ક્ષણે તે સદ્દગુરુના નામનો ઉચ્ચાર કર્યા કરે છે. (૧૪) સદ્દગુરુ અને પરમેશ્વરની એકતા અનુભવીને સદ્દગુરુની સેવા કરતો કરતો અત્યંત પ્રીતિ-

પૂર્વક સંતોનું સન્માન કરે છે. (૧૫) અને પરમેશ્વરરૂપી સદ્‌ગુરુ જ એકલા વિશ્વમાં સર્વવ્યાપક ભરેલા છે; તેથી બધાં પ્રાણી સાથે પ્રેમથી વ્યવહાર કરે છે. (૧૬) એનું હૃદય કોમલ છે અને તે શુદ્ધ અને નિર્મલ હોઇને નિરંતર પવિત્રપણે આચારશીલ રહે છે. (૧૭) માન, અપમાન, નિંદા સ્તુતિ કે એના સમાધાનની એ પરવા કરતો નથી; એનો મનોવ્યાપાર અત્યંત ધૈર્યપણે ચાલ્યા કરે છે. (૧૮) સુખ, દુઃખ, લાભ, હાનિના સમાધાનને એ ગણકારતો નથી. ઉદાર અંતઃકરણવાળો એ યોગી કશામાં ફસાઈ પડતો નથી. (૧૯) તેની ચિત્તવૃત્તિ હંમેશાં વિવેકથી ભરેલી હોય છે. આત્મસ્વરૂપની વિસ્મૃતિ થવા ન દેતાં અહોનિશ એમાં સાવધાન રહે છે. (૨૦) અથવા કદાચ (બાલોન્મત્ત) પિશાચ-વૃત્તિનો વ્યવહાર કરે, ત્યારે જગતના કરતાં જૂદા જ પ્રકારનાં આચરણ કરે છે અને પોતાના જ્ઞાનીપણાની જગતને ખબર પણ પડવા દેતો નથી. (૨૧) આવી રીતે ભિન્ન ભિન્ન પ્રકારે આચરણ કરે છે; ફલની અપેક્ષા જ મનમાં લાવતો નથી; એ એવી રીતે વર્તે છે કે લોકો જ એને છોડી દે છે. (૨૨) સમસ્ત વિશ્વનો (અથવા જાગ્રત અવસ્થાના વ્યવહારનો) એ સાક્ષી યોગીરાજ બધાના અંતઃકરણનો મર્મ જાણે છે, પરંતુ લોકોને તો ગાંડાના જેવો જ લાગે છે. (૨૩) લોકસમૂહની વચમાં રહેતો હોવા છતાં બધાં (સકામ) કર્મ ક્રિયાને છોડી દઇને સહજ નૈષ્કર્મ્ય ભાવથી રહે છે. (૨૪) પોતે એક જ સર્વેશ્વર છે (બધે છે એટલે બીજાં બધાં પણ ઈશ્વરસ્વરૂપ જ છે) એમ જાણીને કોઇને કશો વ્યવહાર બતાવતો નથી તેમ જ અસત્ એવાં ક્રિયાકર્મ કરવાનું કહેતો નથી. (૨૫) ઉગ્રતા અને ખળતા દેખાડે છે, કે જેથી લોકો તેને જોઇને હસે છે, પરંતુ તેના અંતરમાં અદ્વૈતભાવ ભરેલો હોવાથી એની એને કશી અસર થતી નથી. (૨૬) આવી

સ્થિતિમાં રહેવું, સ્વરૂપનું જ્ઞાન મેળવીને એનો અનુભવ કરવો (એટલું જ એના લક્ષ્યમાં હોય છે.) જનતાનો ઉદ્ધાર કરવો કે એનો ત્યાગ કરવો એનું તો એને સ્મરણ જ હોતું નથી (કારણ કે જગત રૂપી દ્વૈતની એને સંપૂર્ણ વિસ્મૃતિ થયેલી હોય છે.) (૨૭) સમસ્ત વિશ્વ આત્મસુખનો અનુભવ કરે કે ન કરે, પરંતુ એ સ્વસ્વરૂપ કેવું છે એવું વર્ણન કરવાના વિચારનો સ્પર્શ પણ એના અંતરને એ થવા દેતો નથી. (૨૮) વિશ્વનો દાહ એના અંગને લાગતો નથી કારણ કે એ દ્વંદ્વને ઓળંગી ગયો છે; આ એકદેશી (બ્રહ્મના માયામય એવા એક અંગને આશ્રય કરીને રહેનાર) જગતને એ યોગી કદી જોતો જ નથી. (૨૯)

☆

# પ્રકરણ ચૌદમું

## સાક્ષાત્કાર

(અંતે મુકુંદરાજ કહે છે કે) હે સાધક! તું કશો પણ સંશય ન રાખીશ. જે મુક્ત છે તે તો (આ પહેલાંના પ્રકરણમાં કહ્યું છે તે પ્રમાણે વ્યવહારદૃષ્ટિ રાખીને વિશુદ્ધપણે, તેમ જ પિશાચવૃત્તિ રાખીને ઉન્મત્તપણે એમ) બન્ને પ્રકારે રહેતા હોય છે; પરંતુ તું તો જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે અભ્યાસ કર્યે જા. (૧) તું સહજ સ્વભાવે તેવો (બ્રહ્મરૂપ) છે; પરંતુ તે પ્રત્યય (અનુભવ, જ્ઞાન)માં આવવું જોઈએ, એટલે તું પરિપૂર્ણ જ્ઞાની જ થઇશ. (૨) વેલ ઉપર ચીભડું પાકે એટલે શું ડીંટાથી એને જૂદું પાડવું પડે છે કે? (એ

તો એની મેળે જ ગળીને છૂટું પડી જાય છે.) તારી એવી સ્થિતિ થઇ, એટલે (આત્મ) જ્ઞાન મનમાં પાકી ગયું છે એમ કહેવાય. (૩) એવી સ્થિતિ પ્રાપ્ત થાય ત્યાં સુધી જે પ્રમાણે બતાવ્યું છે, તે રીતે અત્યંત પ્રીતિથી સ્વરૂપનું ધ્યાન કર્યા કર, એટલે પરમવસ્તુની પ્રાપ્તિ થશે એમ ખરેખર સમજજે. (૪) આમ નિત્ય એવો નિયમ જ કરી લેવો; એમાં સંસારભ્રાન્તિ મનમાં આવવા ન દેતો. સ્વસ્વરૂપની મનમાં જિજ્ઞાસા ધારણ કરીને સાધન માર્ગે ચડી જા. (૫) નિત્ય એનું જ શ્રવણ કરવું અને મનન કરીને નિદિધ્યાસન દ્વારા અનુભવ કરી લેવો. આળસ કરીને આયુષ્યને વૃથા ગુમાવતો નહિ. (૬) એ વિષયમાં જે આળસ કરે છે તેને કલ્પને અંતે પણ પરમપદની પ્રાપ્તિ થતી નથી, અને એવાને સદ્ગુરુનો ઉપદેશ લાગ્યો છે એમ કહેવાય જ નહિ. (૭) ઠીક, હવે વધારે બોલવાનું કશું કામ નથી; શ્રી સદ્ગુરુને પોતાના જીવ અને પ્રાણ માનીને એમના વિના બીજું કશું સારભૂત નથી એમ સમજ. (૮) એમનાં વચન પ્રમાણે જ રહેવા માંડ, બીજું કશું કરીશ નહિ; એટલે વિના પરિશ્રમે તને સ્વસ્વરૂપની પ્રાપ્તિ થશે. (૯) જેનાથી સદ્ગુરુની કૃપા વધે એવી રીતે તું વ્યવહાર કરજે; સદ્ગુરુને જરા પણ કષ્ટ થાય એવું હે ભાઈ, કશું પણ વર્તન ન કરતો. (૧૦) સદ્ગુરુનો મહિમા અપરંપાર છે, પરાત્પર પરબ્રહ્મ સદ્ગુરુ છે તને એની ગતાગમ નથી તેથી ખાસ કરીને તારું ધ્યાન ખેંચવા વિસ્તારથી કહું છું. (૧૧) હવે તું તારાં તન, મન, ધન સદ્ગુરુના ચરણમાં અર્પણ કરી દે; આ જગતમાં એના વિના બીજું કાંઇ પણ દૈવત નથી. (૧૨) तत्त्वमसि મહાવાક્યમાં સદ્ગુરુ तत्પદ (શિવસ્વરૂપ) છે, શિષ્ય त्वम्–પદ (જીવ) છે, એટલા માટે તું એમના ચરણમાં ઐક્યનો ભાવ ધારણ કર.

(૧૩) ગુરુ—तत् પદ રૂપી મહાસાગર હોઇ ને શિષ્ય त्वम्-પદ રૂપ તરંગ છે; આ બન્ને પદ (જીવ-શિવ)નો નિરાસ કરીને તું નિર્વિકાર બ્રહ્મરૂપે થઇને રહે. (૧૪) ગુરુનો ભય રાખીને (એમને દુઃખ થશે એ ભયથી એમની ઇચ્છા વિરુદ્ધ આચરણ ન કરીને) એમની સાથે પ્રેમપૂર્વક (અભેદભાવે) વ્યવહાર કરીશ, તો અવશ્ય કીટભ્રમર ન્યાયે તને આત્મસ્વરૂપની પ્રાપ્તિ થશે, (૧૫) ઈયળને જેવી રીતે ભ્રમરનું રૂપ પ્રાપ્ત થાય છે તે પ્રમાણે ગુરુ તને સાયુજ્ય મુક્તિ (એમની સાથે અભેદજ્ઞાન) આપશે, એટલે તું ખરેખર સુખી થઈને સ્વસ્વરૂપમાં રમ્યા કરીશ. (૧૬) તત્ત્વદૃષ્ટિથી જોતાં (બ્રહ્મ) સ્વરૂપમાં કશો ભેદભાવ નથી, પરંતુ આત્મસ્વરૂપ એક માત્ર ધ્યાનથી જ મેળવી શકાય છે. ધ્યાન દૃઢ થતાં જ અનુભવ દ્વારા તું સુખી થઇને સંસારમાંથી છૂટી જઇશ. (૧૭) આ શાસ્ત્રને ગુપ્ત રાખજે. કોઈને ગમે તેમ અને ગમે ત્યારે કહ્યા ન કરીશ. આ ગુરુગમ્ય વિદ્યાનો તું જાતે જ અનુભવ કર. (૧૮) કેવળ પશુની પેઠે જીવન ગાળનારાને જો તું આ જ્ઞાન સંભળાવીશ તો એમાં એમની શું સિદ્ધિ થવાની છે? કોઈનો સદ્ભાવ જો તપાસીને કૃપા કરવી જોઈએ એમ તને લાગે, તો ઉપર કહ્યું છે તેવો એનો અધિકાર હોવો જોઈએ (૧૯) આવી ગુરુસંપ્રદાયની પરંપરા છે, પરંપરા પ્રમાણે જો શિષ્યને ગુરુચરણમાં ભક્તિ હોય તો તેને આત્મજ્ઞાન થવામાં, ભાઈ, અધઘડીનો પણ વિલંબ થતો નથી (૨૦) ગુરુસંપ્રદાયની પદ્ધતિને છોડીને તું જો આ રહસ્ય પ્રકટ કરીશ, તો ગુરુજ્ઞાન મને સમજાયું છે, એવી ચોવટ કરનારા જ નીકળી આવશે. (૨૧) એટલા માટે હૃદયમાં આ જ્ઞાનને ગુપ્ત રાખ અને સ્વયં આ પરમામૃતનો સ્વાદ લે, એટલે તું બધા યોગીઓનો પણ મુકુટમણિ થઇશ. (૨૨) આ પરામામૃત ગ્રન્થ પ્રમાણભૂત છે;

આમાં પરમાર્થનું જ વર્ણન છે; જેને ગુરુગમ-ગુરુરહસ્ય જાણવું છે તેણે આ ગ્રન્થનું અવલોકન કરવું. (૨૩) આ જ ગુરુબીજ કથન છે-ગુરુના ગુપ્ત ઉપદેશની જ્ઞાનકથા છે, તેથી એનું જતન કરવું. અને સદ્‌ગુરુના ચરણની સેવા કરીને સુખી થવું. (૨૪) મુકુન્દરાજ યોગી કહે છે કે આ જ્ઞાન ( સાધન ) નો જે અનુભવ કરશે તે અંતર્મુખ થઇને પોતાના સ્વરૂપને અવશ્ય નિહાળશે. (૨૫)

★

# પરમામૃત

# નો

# અભ્યાસ*

લેખક:—શ્રી વિષ્ણુપ્રસાદ અ. ભટ્ટ બી. એ.

☆

**વેદાંત એટલે શું ?**

આ પરમામૃત વેદાંતનો પ્રમાણભૂત ગ્રંથ છે. વેદાંત એટલે ઉપનિષદો અને ઉપનિષદો એટલે સનાતન સત્યોનો સમૂહ. જે પ્રજા સનાતન સત્યોને સમજતી નથી અને તે પ્રમાણે આચરણ કરતી નથી, તે પ્રજા ઉન્નતિ મેળવી શકતી નથી. સત્ય ત્રિકાલાબાધિત તેમ જ સાર્વભૌમ—દરેકના કર્તવ્યરૂપ—છે. સત્યના જ્ઞાનથી ઉત્પન્ન થતી જ્વલંત આત્મશ્રદ્ધા દરેક કાર્ય કરી શકે છે.

---

* આ પરમામૃતનો એક અનુવાદ શ્રી વિષ્ણુપ્રસાદ ભટ્ટે ઈ. સ. ૧૯૨૮માં કરેલો ભાવનગરથી છપાયો હતો. આ અનુવાદ તદ્દન નવો છે; પરંતુ પ્રથમ અનુવાદકે પોતાના ગ્રન્થમાં પસ્તાવના તથા અભ્યાસ લખીને એમાં સુંદર ઉમેરો કર્યો હતો. જેનો ઉપયોગી ભાગ અહીં એમની પરવાનગીથી, વાચકોને ઉપયોગી નીવડશે એમ ધારી છાપ્યો છે.

" સ્ફુર્તિનો જાણનાર તું જ છે, સંકલ્પવિકલ્પનું જીવન તું જ છે અને નિશ્ચયનું કારણ પણ તું જ છે." હું જ આત્મરૂપ-સત્યરૂપ -છું તો પછી મારા વિકાસમાં વિઘ્નભૂત થઈ શકે એવી પૃથ્વીતલ ઉપર કઈ વસ્તુ છે? વેદાંત શીખવે છે કે સ્વતંત્રતા અહીં જ મળી શકે છે. વેદાંત શીખવે છે કે આત્મા આપણે-પોતે-જ્ઞાનરૂપ અને આનંદરૂપ છીએ. વેદાંત શીખવે છે આપણે પોતેજ શકિતના અખૂટ ભંડાર છીએ જે શકિતનો ઉપયોગ આપણે બુદ્ધિવિષયક અનેક ઝગડાઓ કરવામાં ગાળીએ છીએ, તે શકિતનો ઉપયોગ હવે સ્વતંત્ર થવામાં કરીએ. સ્વતંત્રતા એટલે કર્મ કરવા છતાં અલિપ્તતા અને સ્વતંત્રતા એટલે નિર્વિકાર એવા સ્વસ્વરૂપમાં અવસ્થિતિ. આપણે સ્વતંત્ર, સામર્થ્યના ભંડારરૂપ અને આનંદરૂપ બનીએ. કેવું મહાન સ્વપ્ન?

પણ આ શું સ્વપ્ન જ હશે? તે આચરણમાં મૂકી શકાશે? વેદાંત કહે છે કે આ પ્રશ્ન જ અસ્થાને છે. જે સત્યો અનુભવી શકાતાં નથી તે સત્યો જ નથી. મહાન સત્યો સરલ હોય છે, તેટલાં જ અનુભવગમ્ય હોય છે. સત્યો સમજી લીધા પછી તેનો અભ્યાસ થઈ શકે છે.

आधीं आत्मयातें जाणावें,  
मग तयांते साधावें,  
थेरवीं नुसतें अनुभवावें,  
काय धरुनी ॥  
( મૂલ. પ્ર. ૪. ઓ. ૮. )

" એટલા માટે પ્રથમ આત્માની સમજણ મેળવવી, પછી એનું સાધન કરવું, એ વિના કેવલ એનો અનુભવ કેવી રીતે મેળવાય?" માટે પ્રથમ સત્ય-આત્મસ્વરૂપ-સમજી લેવું અને પછી તેનો અભ્યાસ કરી અનુભવ લેવો. तत्रस्थितौ यत्नोऽभ्यासः (पा. यो. १.१३)

"સત્યની–આત્માની–પ્રાપ્તિ વાસ્તે જે પ્રયત્ન તેનું નામ અભ્યાસ." અભ્યાસ નિરંતર અને ઉત્સાહસહિત હોવો જોઈએ કોઇપણ પદાર્થ પ્રત્યે આસકિત ન રાખતાં આત્મપ્રાપ્તિના આદર્શ વાસ્તે અવિરત પરિશ્રમ કરવો જોઈએ. આ અવરિત પરિશ્રમ કરવાનું બળ પણ આત્મશ્રદ્ધામાંથી જ ઉત્પન્ન થાય છે. આ આત્મશ્રદ્ધામાંથી સામર્થ્ય, અખૂટ મનોબળ અને અદમ્ય ઉત્સાહ પ્રકટે છે અને અભ્યાસમાં સહાયકારક થાય છે. વૈરાગ્ય એટલે પોતાના આદર્શ સિવાય સર્વ વસ્તુઓ પ્રત્યે અનાસકિત. આવા વૈરાગ્યની અભ્યાસીને જરૂર છે, ખકે આવા વૈરાગ્યશીલ પુરુષો જ અભ્યાસ કરી શકે છે. આત્મજ્ઞાનની પ્રાપ્તિમાં વૈરાગ્ય અને અભ્યાસની અત્યંત જરૂર છે. ગીતામાં પણ મનનો નિગ્રહ વૈરાગ્ય અને અભ્યાસથી બતાવાયો છે.

"अभ्यासेन तु कौंतेय वैराग्येण च गृह्यते।"

આ વૈરાગ્યને દૃઢ કરવાનો ઉપાય–દેહત્રયનિરસન–ચાર, પાંચ અને છ પ્રકરણોમાં કહેલ છે અને નવમા પ્રકરણમાં અભ્યાસયોગ સ્પષ્ટ કહેલ છે. પુનરુકિત દોષ થવા છતાં પણ કહેવાનું કે, તે અભ્યાસ ઉત્સાહપૂર્વક થવો જોઇએ. "“स तु दीर्घकाल नैरंतर्य सत्कारासेवितो दृढभूतिः" (पा. यो. १-१४) તે અભ્યાસ દીર્ઘકાલ પર્યંત, નિરંતર ઉત્સાહપૂર્વક આચરવામાં આવે તો જ દૃઢ થાય છે." "આ વિષયમાં જો કોઇ આળસ કરે તો તેને કલ્પાંતે પણ પરમ પ્રાપ્તિ થનાર નથી." જિજ્ઞાસુએ તો અનુભવને માર્ગે એકાગ્રતાપૂર્વક લાગી જવું જોઇએ. સ્વા. વિવેકાનંદ કહે છે, "Those that only take a nibble here and there will never attain anything." જેઓ દરેક વિષયમાં માથું મારે છે, તેઓ કોઈપણ વસ્તુને મેળવી શકતા નથી." અભ્યાસીએ

પોતાની સર્વ શક્તિને પોતાના આદર્શમાં કેન્દ્રીભૂત કરવી જોઇએ. ધન્ય છે વિવેક, વૈરાગ્ય વગેરે સદ્ગુણોથી અલંકૃત મુમુક્ષુઓને અને ધન્ય છે તેઓને કે જેઓ એ દિશામાં પ્રયાસ કરી રહ્યા છે. મુકુન્દરાજ યોગી કહે છે કે આ જ્ઞાન (સાધન) નો જે અનુભવ કરશે તે અન્તર્મુખ થઇને પોતાના સ્વરૂપને અવશ્ય નિહાળશે. ( પ્ર. ૧૪. ઓ. ૨૫. )

અમુક અમુક કોટિના મનુષ્યો સિવાય આ ગ્રંથ દરેકથી સમજી શકાય તેવો નથી. તો દરેકને વિનંતિ છે કે તેમણે યોગ્ય ગુરુદ્વારા આ ગ્રંથ સમજવો અને તે પ્રમાણે આચરણ કરવું. જેમને ગુરુની ઉત્કટ જિજ્ઞાસા થાય છે, તેમને તે અવશ્ય મળે છે.

*　　　　*　　　　*

આત્મામાંથી જ કવિનું ગુંજન, સંગીતનો નાદ, ચિત્રોની રમણીયતા અને સાધુપુરુષોના ભવ્ય વિચારો ઉત્પન્ન થાય છે. આત્મામાંથી અભ્યાસની ઉત્પત્તિ થાય છે અને આત્મામાં જ તેની સમાપ્તિ થાય છે.

સાધકને પોતાના અભ્યાસ વાસ્તે બ્રાહ્મમુહૂર્ત અનુકૂળ સમય છે. રમ્ય ભાવનાઓ અને ઉચ્ચ વિચારો સ્વાભાવિક રીતે તે સમયે ઉત્પન્ન થાય છે અને વિચારોની એકાગ્રતા અનાયાસે થઇ શકે છે. બ્રહ્માકારવૃત્તિ એ જ પરમ એકાંત છે પણ એ સ્થિતિ પ્રાપ્ત કરવા સ્થળનું એકાંત અવશ્ય જોઇએ. જેઓની પાછળ વ્યવહાર લાગેલ છે તેમણે તેથી ન મૂંઝાતાં બ્રાહ્મમુહૂર્તને પોતાનું એકાંત સ્થાન ગણવું. તે સમયે કોઇ શાંત રમ્ય સ્થળમાં બેસી મનમાંથી ત્યાગવૃત્તિપૂર્વક સંસારને ભૂલી જવો અને ઉત્સાહપૂર્વક સ્વરૂપમાં ડૂબકી મારવી.

એકાગ્રતા વાસ્તે યોગશાસ્ત્રમાં અનેક ઉપાયો બતાવ્યા છે. પણ મુમુક્ષુ માટે તો અભેદ ચિંતવનપૂર્વક એકાગ્રતા કરનાર સોઽહં ધ્યાન છે. પ્રાણી માત્રને સોહં શ્વાસપ્રશ્વાસ રૂપે પ્રગટ થાય છે. સોહં સહજ શબ્દ છે કારણ કે ઉચ્ચાર વગર તે પ્રગટ થાય છે. તે પ્રતીતિમાં આવે છે પણ તે નાદરહિત છે. આ શબ્દનો પણ જે ત્યાગ કરે છે તે સિદ્ધ થાય છે.

માટે તે શબ્દમાં જ સાધકે લક્ષ રાખવું. એમ કરતાં જે જે સ્ફુરણ થાય તે તે સ્વરૂપ છે એમ વિચારવું. આમ કરતાં શ્વાસપ્રશ્વાસની ગતિ મંદ પડે છે અને કેવલ કુંભક પણ સહજ સાધ્ય થાય છે. પ્રત્યેક અભ્યાસીએ નિત્ય નિયમ જ એવો કરવો કે જેથી સંસારનો આત્મામાં પ્રવેશ ન થાય. આ અભ્યાસમાંથી ઉત્પન્ન થતી વૃત્તિઓ અભ્યાસીને ઊંચે ને ઊંચે લઈ જાય છે અને આ ધ્યાનના કેફથી સંસારનું દુઃખ તેને સ્પર્શ જ કરી શકતું નથી.

સાધકે પોતાની પ્રકૃતિ જે રીતે સ્વસ્થ રહે તે પ્રમાણે રહેવું. પુસ્તકોમાં વિવિધ ઉપાયો બતાવામાં આવે છે, પણ તેમાં જે પોતાને અનુકૂળ હોય તે જ શ્રેષ્ઠ છે. ગીતાના યુકતાહાર-વિહારનો પણ આજ અર્થ છે. પોતાના શરીરને નિરોગી અને સાફ રાખે તેટલી કસરત સાધકે કરવી જોઈએ પણ તે અપરિમિત ન હોવી જોઈએ. ઊંઘી જતાં પહેલાં અને ઊંઘી રહ્યા પછી સોહંનું અનુસંધાન અવશ્ય કરવું. સુષુપ્તિના આદિ અંતમાં અભેદ ચિંતવન ઘણું ઉપકારક થાય છે. શુભ સંસ્કારની વૃદ્ધિમાં તે વિશેષ બળ આપે છે અને બીજા પણ સ્વસંવેદ્ય ફાયદાઓ થાય છે.

બીજા સમયે મનને કોઇને કોઇ શુભ પ્રવૃત્તિમાં જોડી રાખવું અને નિષ્કર્મણ્ય સ્થિતિના બહાના નીચે આળસનો પ્રવેશ ન થવા દેવો. અશુભ સંસ્કારને દાબી દેવા શુભ સંસ્કારની જરૂર છે. સત્સમાગમ, સદ્ગ્રંથવાચન, સાત્વિક કર્મ વગેરે શુભ પ્રવૃત્તિઓ સાધકનો વિકાસ કરે છે. ઝાડને ફળ આવે છે ત્યારે ફૂલ ખરી પડે છે તેવી રીતે પરમસ્થિતિ પ્રાપ્ત થતાં શુભ પ્રવૃત્તિ પ્રત્યેનો મોહ છૂટી જાય છે; માટે સાધકે તે પ્રવૃત્તિઓ છોડવી નહિ પણ છૂટી જવા દેવી.

અભ્યાસમાં અપૂર્ણતા હશે તો પણ અભ્યાસ કરતાં કરતાં જ પૂર્ણ થશે. અભ્યાસ અભ્યાસનો રસ્તો બતાવશે. દુનિયાના અનેકવિધ ચર્ચાતા વિષયો પ્રત્યે લક્ષ ખેંચાઈ જવા સંભવ છે અને અનેક સંપ્રદાયો જોતાં કોઈ વખત મતિવિભ્રમ થવા સંભવ છે, પણ અભ્યાસીએ વિચારવું કે પ્રથમ મારે પૂર્ણ થવું જોઇએ, પછી પૂર્ણ શું અને અપૂર્ણ શું તેનો ખુલાસો થઈ જશે.

★